૫૭૦૧



ामचरित्र नाटक चतूर्थांकी.

રચી પ્રસિદ્ધ કરનાર

ઠકર ઘેલા ખીમજી પુજારા.

દ્રુતવિલંબિત છંદ.

ધર તું ધ્યાન હૃદયે નિહાળિને, કર તું પ્રાસન્ન સંશય ટાળિને ;
રામચરિત્ર તુજ હસ્તે ધરિને, દ્રુતવિલંબિત થૈ રટ હરિને.
'જય.'

કરાચી,

આર્યન્ પ્રિન્ટિંગ પ્રેસમાં

પી. જી. ગોવાણીએ છાપ્યું.

સન ૧૮૯૪. **સંવત ૧૯૫૦**

કિમ્મત ૮ આના.

અર્પણ પત્રિકા.

પ્રિયમિત્ર ભવજી મિ. શિવજી ભાટ્ટીઆ.

હરિગીત છંદ.

શિશુપણાથી સાથે રહી, નિશદીન આનંદે રમ્યા,
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
સમુળંપુર ગામ [illegible]
તે ભાવ મિત્ર [illegible]
સિવાય કશો મિત્ર ભાવ, [illegible]
'બ્રહ્મ' [illegible] અર્પણ કરી.

હું છું આપનો આભારી,
કેશાભાઇ ભીમજી,
ગ્રંથકર્તા.

પાત્રો.

દશરથ	... અયોધ્યા પુરીનો રાજા.
રામ, લક્ષ્મણ, ભરત ને શત્રુઘ્ન	... દશરથના પુત્રો.
વિદુશક	... રામનો મિત્ર.
વશિષ્ઠ	... દશરથનો ગુરૂ.
જનક	... મિથિલાપુરીનો, રાજા ને રામનો સસરો.
સતાનંદ	... જનકનો ગોર.
વિશ્વામિત્ર, ફરશુરામ	... ઋષિઓ.
બાણાસુર	... શ્રોણીતપુરનો રાજા.
રાવણ	... લંકાનો રાજા.
ઇંદ્રજીત	... રાવણનો પાટવી કુમાર
વિભિષણ	... રાવણનો ભાઈ.
મારીચ	... રાવણનો મામો.
ધન્વંતરી	... રાક્ષસોનો વૈદ.
અંગદ	... કિષ્કંધાપતિ વાળીનો—પુત્ર.
સુગ્રીવ	... વાળીનો ભાઈ.
હનુમંત	... સુગ્રીવનો મિત્ર ને રામ-નો સેવક.
જટાયુ	... એક મોટું પક્ષી.
કૈકૈ	... દશરથની રાણી.
સીતા	... રામની સ્ત્રી.
મંદોદરી	... રાવણની સ્ત્રી.
સુર્પણખા	... રાવણની બહેન.
ત્રિજટા	... સીતાની સેવા માટે મુ-કેલી એક રાક્ષસી.

ઋષિયો, બ્રાહ્મણો, ચોપદારો, નાવિકો, વાનરો, રાક્ષસો, દાસદાસીઓ વગેરે.

પ્રસ્તાવના.

સુજ્ઞજનો—રામચરિત્રનો વિષય તે સાધારણ રીતે સર્વેના જાણવામાં હોવાથી તે સંબંધી વધારે ખુલાસાના રૂપમાં લખવું કંઈ જરૂરિયાત ભરેલું જણાતું નથી. આ દેશના જુના તેમજ નવા મહાન કવિયોએ રામકથાને પોતાની રસમયી વાણીથી સુ-શિક્ષિત કરેલ છે. અને તેથી તેના રસમાં કંઈ પણ વધારો કરવો એમ ધારવું કિંવા કરવું એ મારા જેવા સાધારણ જ્ઞાનવાળા માણસ માટે અસંભવિત છે; તેમ છતાં રામાયણમાં કેટલાક ધ્યાન ખેંચવા જેવા રસો સમાયેલા છે તેને નાટકરૂપે બાહાર મુકવા એ સંભવીત છે.

આવી ઉલટથી મેં આ નાટક રચ્યું છે, જે વાંચનાર હસ્તે ધરી ભૂલચુક ક્ષમા કરી સાર ગ્રહણ કરશે એવી આશા છે.

ઘેલા ખીમજી,
ગ્રંથ કર્ત્તા.

તા. ૧લી જુન, ૧૮૯૪.

॥ सत्यमेव जयते ॥

श्री रामचरित्र नाटक चतुर्थांकी.

મંગળાચરણ.

ઇશ્વર સ્તવન.

નમું પદે સીતાપતીને—ટેક
શકલ વિશ્વમાં એક તમારૂં નામ અમોને પ્યારૂં,
કૃપા કરી સહાય કૃપાસીંધુ થા કૃતીને—નમું.
આવિને હું શરણ નમું પ્રભુ હું ચરણ,
રાખી આશા શુભમન, કર વિન પતન.
બાજે તાલ મૃદંગ—નમું.
પાત્ર તણી મન ઇચ્છા પુરજો, ખેલ માંહે જે ધારી,
કૃપા કરી શ્રીહરી દ્યો સન્મતીને—નમું.

અંક ૧લો.

પ્રવેશ પેહેલો.

સ્થળ—અયોધ્યાપુરીમાં રાજા દશરથનો દરબાર.

પ્રતિહાર, દરબારી, કળાવતી, દશરથ, વિશ્વામિત્ર, પ્રધાન અને વસિષ્ઠ.

प्रतिहार—અયોધ્યાપતિ શિરછત્ર મુગટમણી મહારાજાધિરાજ ગૌબ્રાહ્મણ પ્રતિપાલ દશરથરાયને ઘણી ખમા.

दरबारी—બસે નીત એહ રાજ એહી દુવા હરઆન—એ રાગ.
રહે નીત આ રાજ એવી આશા છે જાન,
છે આ શ્રી કૃષ્ણ અને પ્રભુની મેહેરથી
વધશે જગતમાં તારૂં માન—રહે.

સર્વે રૈયતને સુખ મળે મહારાજ અને,
મન આ ઘડી ઘડી નીસદીન પલછીન જોઈએછી સોએછી.
પ્રભુ ગાએ ગુન ધેલો તારૂં ધરીને ધ્યાન—રહે.

દશરથ રાજ મહારાજના રાજમાં પ્રજા સદા સુખી થાએ,
નીસદીન હે રાજા પૂરી થાએ તુજ આશા;
દેખે નહીં દુઃખ કદી સ્વપ્ને પણ અભિલાષા,

રાજ આ તારૂં રહે અવિચળ નીસદીન પૃથ્વી ઉપર;
કોઈ દિન મલે ના મલે ના કરવો કરવો હરગીજગમ,.
રાખે ઈશ્વર સહુની પત ગાઈએ ગુનમલી અમે સહુ તારા —રહે.

कळावती—બીરાજો બીરાજોજી રાજાધિરાજ—એ રાગ.

શોભાવે શોભાવે છે આજે આ રાજ,
આહા નૃપતિ દશરથ મહારાજ.
ધર્મરાય સમ તુજ નિતી છે નૃપ,
સાક્ષાત ઈશ્વરનું છે તું સ્વરૂપ.
છો રૈયતતણા તમે તો પાલનહાર,
લીઓછો અયે નીસદીન તેની સંભાળ.
આશીષ અમતણી આ છે ગરીબનવાજ,
વધતું થજો તારૂં નીસદીન આ રાજ.

प्रतिहार—બાહાર કોઈ ઋષિઓ પધારેલા છે તે આપને મળવા ચાહેછે.

दशरथ—એમને સતકારની સાથે કચેરીમાં બોલાવો.

प्रतिहार—જેવી આપની આજ્ઞા. (તે જાયછે ને વિશ્વામિત્રને બોલાવી લાવેછે.)

दशरथ—(આશન ઉપરથી ઉઠી હાથ જોડીને) માહાન ઋષિ, આપને હું અભિવંદન કરૂંછું.

विश्वामित्र—દશરથ, તારૂં સદા કલ્યાણ થાઓ.

दशरथ—માહારાજ આજ માહરાં ધન્ય ભાગછે, આપે કિંકરને દર્શન દઈ કૃતાર્થ કર્યો.

विश्वामित्र—ખરે દશરથ, તારાં વિનય વાક્યો સાંભલી હું એવું

ધારૂંછું કે તારા જેવો વિપ્રભક્ત રાજા પૃથ્વી ઉપર ભાગ્યેજ મલી શકે તારી આવી ભક્તિનો બદલો જગતકર્તાએ તને આપ્યો અને હજુ વિશેષ આપે એવો મારો તને આશીર્વાદ છે.

दशरथ—ઋષિરાજ આપ જેવાનો આશીર્વાદ શું ન કરી શકે ? મુખથી નીકળતાં અમૃતરૂપી વાક્યોથી જડ પાષાણને પણ દૈવ-પદ મળેછે તો મુજ સરખા મનુષ્ય પર આપ જેવાની કૃપા થાય તો શું ખામી રહે.

विश्वामित्र—ખરૂં કહેછે દશરથ, તો પણ કેટલાક પ્રસંગે બ્રાહ્મણોને પણ ક્ષત્રીઓની જરૂર પડીછે. અને એવા એક કામ માટે ત્હારી પાસે હું માગણી કરવા આવ્યોછું.

दशरथ—ઋષિ વિશ્વામિત્ર તમારા મનમાં જે ચાહના હોય તે ઘણી ખુશીની સાથે જણાવો હું આપવાને તૈયારછું.

विश्वामित्र—નૃપ વિચારકર મારી માગ્યા પછી હા કે ના કહીશ તો હું ઋષિછું તેથી અગાઉથી ચેતવણી આપુંછું કે વિચાર કરીને બોલજે.

दशरथ—શું વિચાર કરવાનો છે ઋષિરાય, ઈશ્વર નિમીત્ જે વસ્તુ હશે અને તે ક્યાં પણ હશે તો તે પણ હું આપને આપવા તૈયાર છું.

विश्वामित्र—બહુ સારૂં સાંભળ ત્યારે

ધન્ય ધન્ય હાડા કુળ પ્રમાણુ—એ રાગ.

સુન સુન દશરથ ધરીને ધ્યાન કહેવું એટલું છે મુજ માન,
છે તું આહા રત્ન સમાન કેહેવા મારા પર ધરતું ધ્યાન.
સૂર્યવંશી છે તું તો પ્રમાણ માટે કરૂંછું તુજને જાણ.
રાક્ષસ આવે અતી સતાવે કરે યજ્ઞનો ભંગ,
તે માટે મોકલ તુજ પુત્રને સંગ—સુન.

અને તે આવી રાક્ષસને સંહારી અમારો યજ્ઞ પરીપુરણ કરાવશે.

दशरथ—ઓ દૈવ! (એમ કહી સિંહાસન પર મૂર્છીત થાયછે.)

विश्वामित्र—(સ્વગત) કેવો માયાનો સપાટો છે. જનક સુતા અને રામચંદ્રજીનો સમાગમ થાય એવા હેતુથી રામચંદ્રજીની માગણી કરવા આવ્યો હતો પણ માયામાં અંજાએલા રાજાને દુઃખ

કારક લાગ્યો. અસ્તુ હવે તે વિષે આપણે તેનો પૂર્વનો ખરો મર્મ પ્રસિદ્ધ ન કરતાં આગળ શું થાયછે તે જોવું.

(પ્રધાન રાજાને સાવધ કરેછે.)

દશરથ—અરે પ્રભુ જેણે યુદ્ધ આજ પર્યંત જોયું નથી ને યુદ્ધ કરવાની હજી ખબર નથી તેવાં કોમળ બાળકો મહા વિકાળ ને નિર્દય રાક્ષસોથી શી રીતે લડી શકશે. (ઊંચું જોઈને) અહો પ્રભુ આજ સુધી પુત્ર નથી એવી ચીંતાથી દુઃખી થતો હતો તેમાંથી તારી પાછો દુઃખસાગરમાં કેમ નાખી દેછે. અહો પરમેશ્વર શું મારા જેવો પાપી તને ત્રિલોકમાં મળતો નથી. મેં આજ સુધી કોઈ પણ અનાથને દુઃખ દીધું નથી, પણ શું મેં પૂર્વે શબ્દવેગી બાણ માર્યું હતું ને તેથી અજાણતાં એક વૈશ્યનો ઘાત થયો ત્યારે તેનાં આંધળાં માબાપે જે શ્રાપ દીધો હતો તેજ હાલ મારા ઉપર ઉતરવાની તૈયારીમાં દેખાયછે

વિશ્વામિત્ર—કેમ રાજા આટલો દુઃખી શા માટે થાયછે મેં તને પ્રથમ નોતું કહ્યું કે તું વિચારીને વચન આપ, પણ ઠીક ત્યારે મને તેમની કાંઈ જરૂર નથી પૃથ્વી ઉપર બીજા હજારો ક્ષત્રિછે તેમાંથી કોઇની આગળ જઇને મારી ઈચ્છા પુર્ણ કરીશ. પણ તેં જે મોઢેથી ઈચ્છા પ્રમાણે આપવા તૈયારછું એવું વચન આપ્યું છે તેજ મોઢે નહીં આપું એટલાજ અક્ષરો સાંભળવાથી મારી ઇચ્છા પુર્ણ થશે. ભિક્ષુકે યાચના કર્યા પછી દાતાર ના કહે ત્યાં સુધી જવું નહીં એવો શાસ્ત્રનો નિયમ છે તેથીજ માત્ર એટલાજ અક્ષરોનો ઉચ્ચાર કર એટલે હું પ્રતિજ્ઞા પુર્વક કહુંછું કે એક પણ બોલ બોલ્યા વગર ચાલવા માંડીશ.

દશરથ—દયા કરો ઋષિરાય ક્ષમા કરો, એવા કઠણ શબ્દનો પ્રહાર કરી મારા ક્ષીણ થયેલા હ્રદયને વ્યાકુળ ના કરો. સૂર્ય વંશમાં ઉત્પન્ન થઈને એવી અયોગ્ય વર્તણુંક શી રીતે ચલાવું, વળી મહારાજ મારા પુત્રોને યુધ્ધ કરવા જેટલું પણ જ્ઞાન મળ્યું નથી તેઃ યુધ્ધમાં શત્રુના બાણના પ્રહાર અને પ્રપંચરૂપી રચનામાંથી શી રીતે બચવું તેની જરાએ તેમને ખબર નથી-

એના સુ-કોમળ બાળકોને આપ અતી ક્રૂર, વિકાળ અને દુષ્ટ રાક્ષસોની સામે યુધ્ધ કરાવવાની યોજના કરો છો. તે કેમ બની શકે. મારૂં અકાળિક મૃત્યુ ના લાવો. અરે! દયા કરી મને વૃદ્ધાવસ્થામાં પ્રાપ્ત થયેલ પુત્ર રત્નો મારા હાથમાંથી ખેચી ના લીએો.

વિશ્વામિત્ર—(સ્વગત) ઓ પરમેશ્વર કેવી તારી લીલા છે, સાક્ષાત જગત કરતા રામચંદ્રજીને મોહ પાસથી બંધાયેલો રાજા પુત્ર સમજે છે, અને તેના માટે દુઃખી થાય છે. (પ્રકાશ) દશરથ તારા ઉપર મારી કાંઈ સતા નથી તેમજ તને એ આપની ધારતી લાગતી હોય તો હું પ્રથમજ કહું છું કે તું ના કહીશ તેથી મને તલમાત્ર પણ ક્રોધ ચડશે નહીં, પણ આપીશ એવું જે મુખથી કહ્યું એજ મુખથી, નહીં એટલું બોલ એટલે શોક કરવાનું કંઇ પણ કારણ રહેશે નહીં.

દશરથ—ત્યારે ઋષિ પ્રતાપે જે પૂત્ર પ્રાપ્ત થયા તે આજ આવી રીતે ખોઇ દેવા! અરે, ના પણ કેમ કહું અને આપી પણ શી રીતે શકું ઓ ભગવાન!

વિશ્વામિત્ર—ખરેજ દશરથ તું પૂત્રની મોહજાળમાં સપડાયો છે. (એમ કહી જવા માંડે છે.)

પ્રધાન—(વિશ્વામિત્રને) મહારાજ સૂર્યવંશી રાજાના દ્વારથી આપ જેવા કોઇ પણ મહાત્મા પોતાની ઇચ્છા પૂર્ણ કર્યા શિવાય ગયા નથી તેથી કૃપા કરી આ પુત્ર સ્નેહથી પરવશ થએલ રાજા થોડા વખતમાં સાવધ થઇ પોતાનો ધર્મ બજાવે ત્યાં સૂધી આપ ધીરજ ધરો. (વિશ્વામીત્ર ધ્યાન ન આપતાં ચાલ્યા જાય છે.)

પ્રધાન—(પ્રતિહારને) અરે જાતો જલદી ગુરૂ વસિષ્ટને આ સમાચાર નિવેદન કરી તેડી લાવ. (પ્રતિહાર જઇને ગુરૂ વસિષ્ટને તેડી લાવે છે.)

વસિષ્ઠ—(પ્રવેશ કરીને પ્રધાન પ્રત્યે) પ્રધાન રાજાતો સાવ બેશુદ્ધિમાં પડયો છે, પણ વિશ્વામિત્રને જરા વાર કેમ રોકયા નહીં. (આશ્ચર્યથી) વાહ કેવી મૂર્ખતા (અમૃતરૂપી જળ છાંટીને) અરે સાવધ થા સાવધ થા અજ્ઞાનરૂપી સમુદ્રમાં શા માટે ડુબી મરે છે.

દશરથ—(આંખ ખોલી સાવધ થઇને) માહારાજ આજ મારો બચાવ કરો ખરે આ પ્રસંગે મારા પ્રાણ અને સૂર્યવંશનું સત્ય એ બેમાંથી એકનો લય થવાનો સમય આવ્યો છે.

વસિષ્ઠ—શીવ શીવ, તેં મહા અઘટિત કામ કીધું, પ્રધાન તું જા ને વિશ્વામિત્રને બોલાવી લાવ. રાજા એટલો મોહજાળમાં ન સપડા તને તારૂંપુર્વનું ચરિત્ર કહુંછું તે સાંભળ. (એમ કહી કાનમાં કંઇ કહેછે.) બોલ હવે તને શોક કરવાનું કારણ શું? અથવા વિશ્વામિત્ર સાથે રામને મોકલવામાં હરકત શી છે?

દશરથ—માહારાજ જેમ એક ભીક્ષુકના ઘરમાં અખુટ ખજાનો હોય તોપણ તેને ખબર નહીં તેથી દુઃખદવસ્થામાં ફર્યા કરે તેવી અવસ્થા મારી થઈ હતી. આપના વચનરૂપી પ્રતાપે તે સર્વમાંથી મૂક્ત કીધો. ખરે અજ્ઞાનરૂપી સમુદ્રમાં તણાતાં જ્ઞાનરૂપી કાટ આપી તમે બચાવ્યો છે તોપણ માહારાજ વિશ્વામિત્ર ઋષિ માહા ક્રોધી છે તેથી હું નથી ધારતો કે, પ્રધાનની પ્રાર્થના માન્ય કરીને આવે માટે માહારાજ આપણે રામચંદ્ર સહિત તેને મળવા જઇએ એ વધારે ઉચ્ચિત છે. મારી વર્તણુંકથી ઋષિને ક્રોધ ચડયો હશે તો પણ જરા શાન્ત થશે કે કેમ આપની શી ઈચ્છા છે.

વસિષ્ઠ—ઈશ્વરી નિયમ ચુકવવો અથવા સિધ્ધ કરવો એ મનુષ્યોના અધિકારમાંની વાત નથી. રામચંદ્રજીના જાનકી સાથે વીવાહ વિશ્વામિત્રથી થવાના છે અને તે થશેજ. માટે હવે કાંઇ પણ સંશય ન રાખતાં રામચંદ્રને ઋષિ સાથે વિદાય કરવાની તૈયારી કર તેટલા વારમાં પ્રધાન વિશ્વામિત્રને તેડી લાવશે.

દશરથ—જેવી આપની આજ્ઞા માહારાજ. (એમ કહી પ્રતિહારને રામ, લક્ષ્મણને બોલાવા મોકલેછે.)

પ્રવેશ બીજો.

સ્થળ—રસ્તો.

પ્રતિહાર અને રામ.

પ્રતિહાર—(રામચંદ્રજીને) મહારાજ ઋષિ વિશ્વામિત્ર તપોવનમાં યજ્ઞ કરતાં અડચણ કરનાર રાક્ષસોનો સંહાર કરી યજ્ઞની રક્ષા કરવા

આપને બોલાવવા આવેલા છે, તેટલા માટે આપના પિતાએ મને બોલાવવા મોકલ્યો છે.

રામ—શું એવી રીતે યજ્ઞ કરતાં ઋષિઓને રાક્ષસો સતાવે છે ત્યારે તો—

જાર જાર તું માહા જાર—એ રાગ.

ઠાર ઠાર મારૂં ઠાર એ દુશ્મનને તો આવાર,
લઊં હું સોગદ આણે ઠાર કરૂં ધનુષ્યનો ટંકાર.
આવું નીમકહરામ તમ પાછળ તો મુદામ,
કરૂં કામ તુજ તમામ રહો ન જગમાં નાંમ.

(એમ કહી રામ, લક્ષ્મણ યજ્ઞ રક્ષા માટે જાયછે.)

પ્રવેશ ત્રીજો.

સ્થળ—તપોવન.

રામ, લક્ષ્મણ ને વિશ્વામિત્ર.

વિશ્વામિત્ર—दर्शयस्व महाभाग कुतस्तौ राक्षसाधमौ ॥
तथेत्युक्त्वा मुनियष्टु मारेभे मुनिभिःसह ॥४॥
मध्यान्हे ददृशातेतौ राक्षसौ कामरूपिणौ ॥
मारिचश्च सुबाहुश्च वर्षंतौ रुधिरास्थिनी ॥५॥

(મધ્યાને યજ્ઞમાં રાક્ષસોને માંસાદિક અપવિત્ર ચિજો ફેંકતા જોઈ)

રામ— ઇંદરસભાની ઢબ.

અંત્રિક્ષ રહી અસુર એવું શું કરેછે ઘોર,
સન્મુખ આવી સંગ્રામ કર તો દેખાડું મુજ જોર.
ભલા બિચારા બ્રાહ્મણો કરે યજ્ઞ ધરી ઉમંગ,
દુષ્ટો લાભ શું છે તમને કરતાં તેનો ભંગ.

લક્ષ્મણ— રાગ ઉપરનો.

ગુપ્ત રહી ચંડાલ શું તું કરેછે વાદ વિવાદ,
સત્વર અહીં આવ નહીં તો ઉતારીશ હું નાદ.

ચંડાળ એવું દુષ્ટ કર્મ કરોછો નિ:શંક રઈ,
શું ધારોછો તમે મનમાં પૃથ્વી નક્ષત્રિ થઇ.
(તેવામાં એકદમ રાક્ષસો દાખલ થાયછે તે જોઈ ઋષિઓ સર્વે ગભરાઇ નાશવા માંડેછે.)

राक्षस— રાગ ઉપરનો.

સામર્થ્ય બતાવવા ક્ષત્રિનું કર મુજથી સંગ્રામ,
થાય પુરી તો પછી તારા મનની હામ.
(એમ કહી લડાઈ શરૂ થાયછે.)

लक्ष्मण—માહારાજ વિશ્વામીત્ર તમે તમારૂં યજ્ઞનું કામ વગર ધાસ્તીએ ચલાવો (બ્રાહ્મણ યજ્ઞનું કામ ચલાવેછે તેવામાં રામ રાક્ષસોનો સંહાર કરી આવેછે.)

राम—મહારાજ તે દુષ્ટોને યમ દ્વાર પહોંચાડયા, હવેથી કોઇને અડચણ થશે નહીં.

विश्वामित्र—(હર્ષ પામીને) પરાક્રમી રામચંદ્ર તારા વિના એવું કામ કોણ કરે.—

દીલદારી ક્રીનીરે—એ રાગ.
હુશીયારી તારીરે, નૃપતી અહો તું રાજ,
બાણુને છોડી પકડીને દોડી આજે જોડી ઉભા રાક્ષસ ભારીરે.
ફકત ધનુષ્ય ટંકાર સાંભળી,
ભયથી નાશ્યા રિપુ સઘળા પડતાં, ખડતાં, રડતાં, રાક્ષસ સેના સારીરે.

હવે અમારો યજ્ઞ પણ પુર્ણ થયો માટે અમારે જનકપુરીમાં સીતાજીનો સ્વયંવર થવાનો છે ત્યાં જવાની ઈચ્છા છે તારી મરજી હોયતો ચાલ દેશ દેશના નરેશો ત્યાં આવવાના છે તેથી ત્યાં જવાથી આપણુને સારૂં માન મળશે.

राम—મહારાજ જેવી તમારી મરજી આપનો હુકમ ઉઠાવવા તૈયાર છિયે.

विश्वामित्र—બહુ સારૂં ચાલો ત્યારે (સર્વે જાય છે.)

પ્રવેશ ચોથો.

સ્થળ—જનકપુરીનો રસ્તો.

બ્રાહ્મણો અને રાક્ષસો.

(બ્રાહ્મણોનું ટોળું જનક પુરીમાં જાય છે.)

બ્રાહ્મણો—તમે બધા બાહાદુર અહીં આવો—એ રાગ.
ચાલો ચાલો મળી સૌ ભાઇ સ્વયંવર જોવાને ત્યાંહી;
મળે મળે લાડુ છે જી આંહી, જઈએ આપણે હવે તો ક્યાંહી.
આવે આવે રાક્ષસ છે આંહી, તે તો જાશે આપણને ખાઇ.

છોકરો—નથી જોવો સ્વયંવર મારે,
(બીજો) તું જાઇશ તે એકલો ક્યાં રે.
ફરી રાક્ષસ આવે છે ત્યાંરે.
(રડી) અરે હાય હું તો મુઈ જાણી યાં સુઇ,

રાક્ષસ—આવું તમ પાછળ હું બાઈ—સ્વયંવર.

પ્રવેશ પાંચમો.

સ્થળ—જનકપુરમાં વિદુશકનું ઘર.

વિદુશક ને ગંગારામ.

(બે બ્રાહ્મણનો વિવાદ.)

વિદુશક—અહો જનક રાજા કેવો સમજુ છે કે પોતાની પુત્રી જાનકીને સર્વે રાજેંદ્રોમાં શૂર હશે તેનેજ દેવા ઇચ્છે છે. અમારા ગુરૂએ તેને બ્રહ્મ વિધાનો ઉપદેશ કીધોછે તેથી કુળ પરમપરાયણ મળેલી રાજ લક્ષ્મી તરફ ઘણું લક્ષ આપતો નથી. (વિચાર કરીને) પણ તેનું શું છે મારે શામાટે પંચાત કરવી જોઈએ-મારેતો જલદી જલદી સ્વયંવર થાય ને ઘીની નદીઓ ચાલવા માંડે તો પાંચ પાંચ શેરનો એકેકો લાડુ એવા દશ લાડુ ખાઇ જાણી ત્યારેજ મારી ભૂખ ભાંગે.

ગંગારામ—(મનમાં)આજે આ મારાજ તો લાડુના તોરમાં જણાય છે. પાંચ પાંચ શેરના દશ લાડુ એના બાપે કદી ખાધા હતા, બેલકુલ બોલવા માંડે ત્યારે કુવો કે ખાઓચીયું કાંઇ જોતો નથી. (પાંસે જઇને) કેમ માહારાજ આજ તો લાડુના તોરમાં જણાઓછો.

વિદુશક—કેમ શા માટે નહીં? જનક કન્યાનો સ્વયંવર થાય તો પછી

આપણે કમી શાનીજ, માગીએ તે મળે ત્યારે મેં તો માત્ર લાડુનીજ ઇચ્છા કરી છે.

गंगाराम—મહારાજ જે ઈચ્છા કરી છે તે મનમાં ન રહી જાય.

विदुशक—કેમ શા માટે!

गंगाराम—અરે શા માટે શું તમને કાંઇ નવી જુની ખબર નથી.

विदुशक—અરે મહારાજ બોલ બોલ વહેલો શું છે નવી જુની શું મને લાડુ નહીં મળે જો એમ હોય તો હમણાજ ઝેર ખાઈ મરી જાઊં. (ગભરાયા જેવો થઈ જાય છે.)

गंगाराम—અરે મહારાજ આટલા ગભરાઓ છો કેમ? આ બાબતતો બીજીજ છે. મારા સાંભળવામાં આવ્યું છે કે જાનકી સ્વયંવરની ખબર લંકાપતી રાવણ તથા શ્રોણીતપુરના મહારાજ બાણાસુરને મળી છે તેથી મને ધાસ્તી લાગે છે.

विदुशक—દુર્દશા, જ્યારે સીતા સ્વયંવરની ખબર રાવણ અને બાણાસુરને પડી ત્યારે એ અનર્થનુંજ કામ. પણ આ વાત ખોટી તો નહીં હોય.

गंगाराम—એમ કાંઈ હોય, તો પણ આ બાબતની ખરી ખાત્રી નગ્રમાં જઇ તપાસ કરવાથી થશે માટે ચાલો જલદી ઢીલ ન થવી જોઇએ.

પ્રવેશ છઠો.

સ્થળ—સીતાની વાડી.

રામ, લક્ષ્મણ, સીતા અને સખી.

राम—આહા વત્સ લક્ષ્મણ ઘણા દીવસના ક્ષુધાતુર નરને ભોજન પ્રાપ્ત થયાથી જેટલો આનંદ થાય તેટલો આનંદ મારા મનને આ બાગમાં પ્રવેશ કરવાથી થયો છે.

लक्ष्मण—એમાં શું આશ્ચર્ય પ્રિયબંધુ એક તો ઘણોજ તાપ સહન કરતા જંગલમાંથી ચાલી આવીએ છિએ, તેમાં વળી મંદ સુગંધ અને શિતળ વાયુથી ભરપુર એવા બાગમાં પ્રવેશ કીધો, વળી વસંત

રૂતુનો સમય બેશી ચુકયો છે ત્યારે તે મનોહર અને સુખદાઇ લાગે તેમાં શી નવાઇ.

राम—વાહ, વસંત રૂતુની શોભા કેવી છે.

દાહ ઉઠી છે દુખની દીલમાં શી રીતે ઠંડી થશે—એ રાગ.

આહા સુંદર ખીલીયો શું મોગરો ગુલદાવદી,
વિવિધ પ્રકારનાં ઝાડ છે અહીં મનને લલચાવે સહી.
દ્રાક્ષો, અંજીર, શેતુરો, રસ ભરીત પીસ્તા વળી,
શોભા વસંતની શી કહું જાય નહીં મુજથી કહી.

વત્સ લક્ષ્મણ, ભગવાન વિશ્વામીત્ર ઋષિ, યાજ્ઞવલ્કય ઋષિને મળવા ગયા છે, તેથી તેમની સંધ્યાકાળની દેવ પુજા સારૂ આ મનોહર બાગમાંથી થોડાં પુષ્પો એકઠાં કરતો ઠીક.

लक्ष्मण—જેવી આજ્ઞા (જાય છે.)

राम--(મંદિર તરફ જોઇને) વાહ, શું આ માતાનું મંદીર છે. (અંદર જઇને પ્રાર્થના કરેછે.)

ગીતી.

કેશરી વાહન શોભે ઓપે અસી કર વિષે ઘણી સારી,
અપર ગ્રહી કર બીજે દુઃખહરણી સેવકનાં અઘ્યહારી.
તેથી ચરણ શીશનાગી વંદુ ગવરી હું અતી પ્રિતેથી,
સુખકરણી દુઃખહરણી ઇચ્છા પુરણ કર મુજ હેતેથી.

(પ્રાર્થના પૂરી થયા બાદ સરોવર તરફ જોઇને.) અરે આ સરોવરમાં કમળ ઉપર રાજહંસ બેઠોછે તે કેવો સુ-શોભિત લાગેછે, તે જોવાથી તો મારૂં મન અતિશય આનંદ પામેછે. (કાનદઇ આશ્ચર્ય થઇને) અરે, અરે ! આ કેવો મધુર સ્વર સંભળાય છે. (વિચાર કરીને) અરે આતો સ્ત્રિનો અવાજ લાગેછે. ને નગ્રની સ્ત્રી માતાનાં દર્શન કરવા આવતી જણાયછે માટે મારે ત્યાં જવું નહીં. પરસ્ત્રિ તરફ જોવું એ ઉચિત નથી

(નેપથ્યમાં) રાજકન્યા આબાજુ આબાજુ.

राम—શું આ રાજકુમારી છે ત્યારે તો તેના સામું જોવામાં કાંઇ એબ નથી. (એમ બોલી ઝાડ ઓથે સંતાય છે.)

सीता—નિશદીન તમ અમ કરિયે શએર—એ રાગ.

લ્હેર હળીમળી તમ અમ કરિયેજી—લ્હેર.

દેખિયે ભાળિયે નવાઇ નિશદીન પ્યારી પ્યારી.
છે ધરણી અતી સુંદર વરણી રચનાની આ વાડી—લ્હેર.

दाशीओ—

કરિએ વખાણુ બાગનાં આવાર,
નિત નિત તેહની નવી બહાર;
પુષ્પ તણી અતી સુગંધી સાર,
કરે મનને અતી પ્રહાર.
અનહદ અચરત થાયે આ તનમાં,
હિંમત ફુરસદ આવે મનમાં—લ્હેર.

सीता—સખી જોજે આ વાડી વસંત મિત્ર જે મદન તેણે પોતેજ પ્રફુલ્લિત કીધીછે કે શું ? મને તો અતી આનંદ ઉપજાવે છે.

सखी—હા બાઈ, એમજ છે.

राम—અરે સ્વર્ગસુંદરી એમજ પણ તુજને દેખી મારૂં મન હાથથી જતું રહેછે.

રંભા રૂપાળીરે ભાળી—એ રાગ.

રંભા આજે મેં ભાળી,
ગૌર પ્રફુલ્લિત મન દીપે અહા એહનું તન,
આજે નજરે નિહાળી—રંભા.
ચાલે હંસની એ ચાલ જાણે મૃગ તણું છે બાલ,
સુંદર અતી એ વિશાળી—રંભા.

सखी—બાઈ સાહેબ આજ તે ચંડિકાનું દેવળ.

सीता—(દેવળમાં પ્રવેશ કરી ગાયછે.)

જય ઉદયા શક્તિ —એ રાગ.

જય માતુ શકિત એજી મા જે માતુ શકિત,
શરણે છઊં નિશદીન હું કરૂં તુજ ભકિત.
આશા પુર મારી માત હું કહું તુજને વારી,
સ્વામી મુજને દેજે મન વાંચ્છિત પ્યારી.

सखी—(ચેષ્ટાથી) આ નમસ્કારની ચાલતો સારી છે.

सीता—(ક્રોધથી) બંધકર તારૂં બોલવું.

सखीओ— નવો રાગ.

આશા પુરન કર તું અમારી સદા સોહાગ રહે સુંદરીનો
આશા છે મુજને કહું શું તુજને વારીવારી હું અયે પ્યારી,
નિશદીન આવારી અરજ આ મારી ઉર દયાધારી અહો માતુ મારી,
લજ્જા થાય ભારી છઊં દુઃખીયારી દેવી અમારી કર સુખીયારી—આશા.

राम—અરે! એના લગ્નમાં એની સખીઓની કેવી લલુતા બંધાઈ રહીછે.

सखी—હે અંબે, જ્યાં સુધી મ્હારી સહિયર ખિન્ન થઈ નથી ત્યાં સુધી તેની ઉત્કંઠા પુરી કર.

सीता—(સ્નેહ યુક્ત ગુસાના આવેશમાં) હું શા માટે ખિન્ન થાઊં?

सखी—યુવાવસ્થાની ઉમેદ બર લાવવાના ઉછાછળા પણાથી.

राम— હરિગીત.

ચાલ હંસની સમાન જોઇ હંસ લાજતો,
કેશરી કટીજ જોઇને ફરે એ ગાજતો.
વાંકડી કમાન જોઈ છે ભ્રકુટી શોભતી,
ચંદ્રમુખી જોઈ બીચારી ચંદ્રિકાએ થોભતી.

सीता—(મનોહર સ્વર સાંભળીને) અહા! સખી વિશ્વને મોહ પમાડે એવો મધુર સ્વર કઇ તરફથી અને કોનો સંભળાય છે? ચાલ આપણે તેને જોઈયે. (એમ કહી બંને આસપાસ જુએછે ને વૃક્ષોને આડે આવી જાયછે.)

राम—(મનમાં) કેવી એને વેલીએ ઢાંકી નાખી છે, (વેલીને) હે સુવર્ણમય વેલ જો તને એના શરીરની કાંતિ જોઇતી હોય તો તેને અણુવાર તારી પાસે થોભાવ.

सखी—બાઈસાહેબ, ચાલો આપણે હવે અહીંયા શું કામ છે ઘેર જઈએ તો ઠીક.

सीता—(થોડુંક ચાલ્યા પછી) સખી એક ભુલ્યા, તે એ કે આશોપાલવનું વૃક્ષ જોવાનું રહી ગયું કેમકે તેની ઉપર જાઇ જુઇની વેલો ચડાવવી એવી મારી મરજી છે. (તે ઝાડ તરફ જાયછે.)

राम—(મનમાં) આહા એતો મારી બાજુ આવેછે, માટે કોઈ અજાણ્યો

માણુસ બાગની સૌંદર્યતા નિહાળતો ફરતો હોય તેમ ફર્યાં કરે.
(નાજુક રોપાઓ પાસે ફરેછે)

सीता--(આશોપાલવની ડાળ હાથમાં ઝાલીને) સખી આ, જો આ, કોમળ પાન કોઈએ નખ વતી કોરેલાં જણાય છે. પણ મને તો એમ લાગેછે કે કોઈ ચાલાકે પોતાની ચાલાકી સાથે તેને આદરયુક્ત કીધાંછે, અથવા તો મદને પોતેજ પોતાના ધનુષ્યની શંકાએ હાથમાં ઝાલ્યા હશે.

राम--મારો વિચાર પણ તારા પ્રત્યે એવોજ છે.

सखी--રાજકુમારી, આ રહી તેજ જાઈ જુઈ કે? (હાથવતી બતાવેછે.)

सीता--(હરખ ભેર) અહો! આ જાઈ જુઈની વેલોનો આશોપાલવથી સંગમ થશે ત્યારે લતા મંડપ કેવો દીપશે.

सखी--(સિતાને રામ તરફ જતાં જોઇને) બાઈસાહેબ, જાઇ જુઈની વેલો આશોપાલવને પોતેજ મળવા જાયછે.

सीता--(રામને જોઇને સ્નેહિત ગુસ્સાથી) અરે! જો તું એવું માર્મિક બાપણુ કરીશ તો તારી સાથે બોલીશ પણ નહીં.

सखी--(મનમાં) બાઇસાહેબ તો ખરેજ તેની મોહજાળમાં સપડાયાં (પ્રકાશ) બાઈ લતા જોવાનું કામ ભૂલી ગયા કે?

सीता--(મનમાં) અહો ભગવાન, કામદેવ કરતાં પણ શું એની કાન્તી ઓછીછે.

सखी--(મનમાં) ખરેખર, એનું મનતો એમાંજ લલચાઇ ગયુંછે (પ્રકાશ) પ્રિય જાનકી પ્રીતી કરનાર સખી, જનનો તીરસ્કાર કરેછે. કારણ કે હાલ તેણેજ તારા મનમાં વાસ કર્યો છે.

सीता--(સ્વગત) મારા મનની વાત એણે કેમ જાણી હશે.

सखी--(મનમાં) એ શરમાય છે માટે વાત ફેરવું. (પ્રકાશ) કેમ હજી તારા મનમાંથી સ્નેહનો રોશ નથી ગયો?

सीता--(મનમાં) એતો રોશને ભરોંસે બોલતી દેખાયછે, એના મનમાં બીજો કાંઈ વિચાર નથી. (પ્રકાશ) સખી તારા પર શા વાસ્તે ખીજાઉં મારૂં મન જરા બીજી તરફ ગયું હતું તેથીજ તારા સવાલનો જવાબ અપાયો નહીં.

सखी—ત્યારે તારૂં મન કઈ તરફ ગયું હતું?

सीता--આરામ તરફ.

सखी--(હસીને) કેવી તારી હુશીઆરી આરામ કહી રામને છુપાવ્યો.

(સીતા લજ્જિત થઈ જમીન તરફ જુવેછે.)

राम--(મનમાં) અહો સુંદરી જરા ઉંચું તો જો તારા કટાક્ષ રૂપી નેત્રો મુજને બતાવી નયન રૂપી પાન કરાવ.

सखी—જાનકી, અમારાથી પણ તારે ભેદ રાખવો.

सीता--દાંસી, તારાથી ભેદ મેં ક્યારે રાખ્યો? (નેપથ્યમાંથી) પ્રિય જાનકી વસ્ત્રાલંકાર સજવાનો સમય થયો માટે જલદી મેહેલમાં આવો.

सखी--આજે આપણુને વખત થયોછે તેથી માતાજીએ હાંક મરાવી માટે જલદી ચાલો.

सीता--(મનમાં) ફરી આવો વખત હાથ નહીં આવે માટે કંઈ યુક્તિ કરી થોડીવાર થોભું. (એમ કહી ફુલ વેરીને)

જ્યાં પતિવ્રતનું પાલન થાએ--એ રાગ
એની તું મારી સાંભળ પ્યારી કહું તુજને વિસ્તારી,
ગયાં પડી સઉ પુષ્પ સુગંધિ પૃથ્વી ઉપર આ વારી.
ઉપાડો ઝટ એની કરી તજવીજ આહા એની.

दासी-- રાગ ઉપરનો.

રાખો શાન્તિ મનનીમાંહી ચિંતા ન કરો લગાર,
લઈએ ઉપાડી પુષ્પ સુગંધી થવા ન દઇએ વાર.
ધિરજ ધર મૃગ નયની કર ન શોક તું અયે એની.

सीता--(ફુલ વીણીને આગળ ચાલતાં) આહાહા! અહિંયાથી જતાં કોનું મન થાય.

राम--

તહીં નહીં પહોંચી શકાય--એ રાગ.
નહિં નહિં તેનાથી જવાય,
જોઇ જોઈ ખુશી અતી મન થાય.
થાય થાયરે ખુશી થાય થાયરે ખુશી--નહીં.

भ्रकुटी एनी केवी शोहावे नेत्रो मुज मन शरमावे,
थाय थायरे खुशी वाय वायरे खुशी—नहीं.
(जानकीने जातां जोइने) केवी ते माराथी अलोप थई गई.

लक्ष्मण—बंधु, भगवान विश्वामित्रनी पुजा सारु आ पुष्पो हुं लाव्योछुं.

राम—बहु सारु, चालो एमने नित्य नियमनो वखत थयोछे माटे आपणे त्यांज जईए. (बन्ने जायछे.)

प्रवेश सातमो.

. स्थळ—रस्तो.

विदुशक.

विदुशक—आहा आहारे क्या 'हलचल पडी—ए राग.
आहा आहारे आज धामधुम खरी.
ओहो ओहोरे खुशीनी आजघडी.
तोडे तोडेरे कोणु धनुष्यने जरी,
जाशे जाशेरे कोणु जानकीने वरी.
फलाणुभाइ दोडो ढीकडाभाई दोडो,
फाफांभाई दोडो गेथांभाई दोडो.
मुजने तो थाशे मजा खुबखुब जाणेछे तुंतो भुप.
ब्रह्मानुं हुं स्वरुप एहां, अजब छे रंग आहाहा.
पीयुं हुं भंग आहाहा, वागे मृदंग आहाहा,
थाये उमंग आहाहा आहा रे.

प्रवेश आठमो.

स्थळ—जनकपुरीमां स्वयंवर मंडप.

रावण, विदुशक, सतानंद, पुरोहित, कंचनीओ, जनक, बाणासुर, विश्वामित्र, रामचंद्र, ब्राह्मणो, दासी, परसुराम, लक्षमण, वगेरे.

કંચનીઓ—શુભ ઓચ્છવનો દિન આજેરે—એ રાગ.

શું સુંદર મંડપ રચાયોરી, આનંદે આવો શુભ ગીત ગાઓ,
ઘુંઘરૂ બજાઓ છુમ છનનનનન-શું સુંદર.
દેશ દેશના રાય પધાર્યા આયુધ સાથે અતી શણગાર્યા,
બલબલ જાઈયે હર ક્ષણ ગાઇયે.
સારીગ રીગમ ગમપ મપધ પધની ધનીસા
સાનીધ નીધપ ધપમ પમગ મગરે ગરેસા
સુરસાજ સુનો સનનનનનનન—શું.

જનક—અહો શૂરવીરો, આ પ્રસંગે સર્વે રાજાઓને મેં શ્રમ આપ્યો છે તેનું કારણ આપ સર્વ જાણોછો તો પણ ફરીથી જણાવું છું કે—

બાદે સબા યા ચમન ચમન તું પતા અપે ગુલ કાલા—એ રાગ
સત્વર થાઓ સુરવીર ધનુષ્ય તોડવાને હવે આ વાર,
તમે તુરત થાઓ તૈયાર લગાડો ન વાર.
જો હિંમત ચાલે તો શર ઉઠાવો તમે કર,
ન લગાડો વાર સૌ સભાજનો સરદાર.

(એ સાંભળી સ્વયંવરમાં આવેલા રાજાઓ ધનુષ્ય તોડવા મહેનત કરેછે. પણ ધનુષ્ય ન તુટવાથી સર્વ રાજાઓ પોતપોતાને આશને બેશીજાય છે અને જનક નિરાશ થઈ નીચે પ્રમાણે ગાયન ગાયછે.)

હાર ફુલાંદે મપાવા હાર ફુલાંદે—એ રાગ.
અરે આએ શું થયુંછે ક્ષત્રિઓને આજ,
તેજ તમારૂં ક્યાં ગયું ખોઇ ક્ષત્રિની લાજ—અરે
પૂર્ણ કર પ્રતિજ્ઞા મારી અએ ગરીબનવાજ,
લજ્જા રાખ માહરી આહા પ્રભુજી આજ—અરે.

(જનક ઉદાસ થઇને બેઠોછે એટલામાં રાવણ પ્રવેશ કરેછે.)

રાવણ—(ગુસામાં) મારા સરખો શૂરવીર છતાં પૃથ્વિ નીરવીર કેમ?

વિદુષક—રાવણને ત્યારે જો તું શૂરવીર હોય તો આ શિવ ચાપ ઉપાડ. (તેના સામુ જોઈને) અરે! પણ તારા ધડ ઉપર આટલાં બધાં માથાં કેમ ચોટાડ્યાં છે? એમાંથી એક રાખી

બીજાઓને હું ફોદે એટલે બોજો ઓછો થાય.

रावण—અરે દુષ્ટ આવા શુભ પ્રસંગે શિરછેદન એવું કહીને અશુભ કેમ બોલેછે. પણ એ વિષે તને અજ્ઞાન અને ગરીબ જાણી છોડી દઉંછું.

विदुशक—ત્યારે તો તમને આ પ્રસંગ પછી શિરછેદન મંગળિક છે?

रावण—એમાં શું શક ઘણી વખતે મારે હાથે મારાં માથાઓ ઉતારીને મેં શીવને કમળપુન્જ ચડાવેલી છે.

विदुशक—ત્યારે તો તું એવો તેજસ્વી છે તો હમણાંજ ધનુષ્ય તોડીને જાનકીને વરીશ.

रावण—(હાથ બતાવીને) આ મારા હસ્તે કૈલાસને હજારો વખત દડાની માફક ઉડાડેલ છે તો આ નાનું સરખું કામઠું ઉપાડવું તેમાં શી મુસ્કેલી છે? તો, ક્યાંછે જાનકી? લાવો જલદી અહીં? (મનમાં) જેમ બને તેમ દમથી સીતાને લઈ જવી, કારણ કે કાલે ગુપ્ત રીતે ધનુષ્ય ઉપાડવા જતાં આંગળાં કચરાઈ ગયાં છે તે હજી સુધી દુખ્યા કરેછે.

(બાણાસુર આવી રાવણ સામે બીજી બાજુએ બેસેછે.)

बाणासुर—(સ્વગત) શું અહીં રાવણ પણ આવેલ છે.

रावण—જુસાથી હજી સીતાને અહીંયાં નથી લાવ્યા?

बाणासुर—અરે! આટલા સૂરવીરોમાંથી કોઈથી શિવચાપ ઉપડતું નથી!

विदुशक—મોદીક નથી કે આહાર કરી જા. આતો લોઢાના ચણા છે.

रावण—શું હજી સીતાને ન લાવ્યા? હવે તો મારી તરવાર જોર જુલમથી લાવશે.

बाणासुर—અરે? એટલું સૂરાતન દેખાડેછે, તો ધનુષ્ય ભાંગીને જાનકીને લઈ જાને.

रावण—અરે! મિથ્યાભિમાની બોલ્યો કે? અતિશય ભારી એવો કૈલાસ વગર મેહેનતે ઊંચો ફેંક્યો ને જય મેળવ્યો તો આ કામઠું કેમ ન ઉપાડી શકું.

बाणासुर—નિર્બળતાથી.

रावण—બળ છે કે નથી તેતો આ દશ મુખ કહી આપેછે.

बाणासुर—(હસીને) ઝાઝાં મોઢાં ઝાઝું બોલવાના કામના પણ પુરાક્રમ

માટે તો ઝાઝા હાથ જોઇયે.

रावण—અરે! તારા એરંડા જેવા નિરજીવ હજાર હાથથી શું તું પોતાને પરાક્રમી માનેછે? વારૂ ત્યારે ઠીક તુંજ ઉપાડ.

बाणासुर—ત્યારે ઠીક છે. (એમ કહી ધનુષ્ય પાસે જવા માંડેછે.)

रावण—(સ્વગત) રે મન! બીશમાં, જેને માટે રાવણના હાથ નિરઉપયોગી છે તેવા ચાપને શું બાણાસુર ઉચકી શકશે. (બાણાસુર મથેછે પણ ચાપ ઉપડતું નથી.)

विदुशक—ધનુષ્યની પાસે જતાં તો શૌર્ય ઘણું હતું પણ હવે તો ડગલું મુશકીલ થઈ પડ્યું છે. (બાણાસુરને) કેમ મહારાજ, લોઢાના ચણ્યા ખરા કે? હવે તો મારા નામની માનતા કરો, એટલે કામ થાય.

बाणासुर—ચુપ રહે, નહીં તો (હાથ બતાવીને) આટલા બધા હાથમાંથી મારો એકજ હાથ તારે માટે બસછે.

रावण—બાણાસુર, એ તારા હજાર હાથ બરૂની ઝુડી બરોબર છે તેથી તું શું ધાડ મારીશ.

बाणासुर—જે સહસ્ત્રાર્જુને કર્યું હતું તે.

रावण—મગરૂર, તારા હસ્ત રૂપી વનને મારા પરિબળ અગ્નિથી બાળી નાંખીશ. થા તત્પર જો શક્તિ હોય તો.

बाणासुर—હું પણ તારા પરિબળ રૂપી અગ્નિને પાંચસો ધનુષ્ય ગ્રહણ કરનાર હસ્તરૂપી જળધારાથી શાંત કરવા તૈયાર છું.
(હાથમાં ધનુષ્ય લઈ બાણ ચડાવેછે.)

रावण—ચલાવ તારાં પાંચસો બાણનું ખંડન કરવા આ મારૂં ખડગ તૈયાર છે. (તરવાર કાઢી તેના સામો થાયછે.)

जनक—અહો નરેસો આવી મંડપની જગ્યામાં તમારા જેવા શૂરવીરોને યુદ્ધ કરવું યોગ્ય નથી. તમારે પરિબળ બતાવવું હોય તો આ નજીક રણભુમી છે તેમાં ખુશીથી બળ અજમાવો. જે જય પામશે તેને આ સર્વે રાજાઓ વચ્ચે મોટું માન મળશે.

रावण—(સ્વગત) અહીંથી પોબારા ગણી જવાનો આ ઠીક સમય છે.

बाणासुर—જો રાવણ તૈયાર હોય તો હું ખુશી છું.

रावण—હું તો તૈયારજ છું. (બાણાસુર જવા માંડેછે, રાવણ અંદર

જતાં મનમાં) ગમે તેમ થાઓ, હું સીતાનું હરણ કર્યા વગર છોડનાર નથી. (એમ કહી જાયછે. ને પાછળથી વિશ્વામિત્ર રામ, લક્ષ્મણ, પ્રવેશ કરેછે. સરવે રાજાઓ ઉભા થાયછે, જનક સિંહાસન ઉપરથી ઉતરી સામે આવી ઋષિને નમન કરેછે)

जनक—(હાથ જોડીને) મહાન ઋષિ હું આપને નમન કરૂછું.

विश्वामित्र—અહો રાજેંદ્ર તારી ઈચ્છા સફળ થાઓ.

(સર્વે પોતપોતાને સ્થાને બેસેછે.)

जनक—હે ભગતવત્સલ, હવે મને રાજેંદ્ર કહેવો એતો એક હલકું પદ આપવા બરોબર છે.

विश्वामित्र—કેમ વારૂ?

जनक—મહારાજ, પામર પ્રાણીને પણ સ્વર્ગ-સુખ આપવાને સમર્થ એવા જે આપ તેનાં દરશન થયાં ત્યારે હું રાજેંદ્ર કેમ ગણાઉં?

विश्वामित्र—વાહ! શું હું તારી શ્રેષ્ટતાઈ વરણવું! તું હમેશાં બ્રહ્માનંદમાં નિમગ્ન છતાં અમારા સમાગમથી થયેલા આનંદને શું વિશેષ માનેછે?

जनक—મહારાજ, હું હમેશાં રાજકિય પંચાતોમાં હોઉં ત્યાં આનંદ ક્યાંથી? આપ જેવા મહાત્મા પુરૂષોનું જ્યારે દરશન થાય ત્યારે આનંદ ખરો.

लक्ष्मण—(રામને ધીરેથી) જ્યેષ્ટ બંધુ, આ રાજા છતાં બ્રહ્મ-વિદ્યામાં કુશળ એ મને આશ્ચર્ય લાગેછે.

राम—વત્સ લક્ષ્મણ, બ્રહ્મ-વિદ્યામાં જેવો એ રાજા કુશળ છે તેવો કોઈ ઋષિ પણ મળવો કઠિન છે.

विश्वामित्र—જનક, અનેક રત્નો જેના પેટમાં ભરેલાં છે, એવી જે પૃથ્વિ તેના ગરભથી ઉત્પન્ન થયેલ જે કન્યા રત્ન તે તને શોભાવે છે.

जनक—તે કન્યા રત્ન તો શોભાવેછે, પરંતુ ઋષિરાય આપને પ્રતાપે જમાઈ પણ શોભા આપશે. (રામ, લક્ષ્મણ તરફ જોઈને) અહો ઋષિરાય, સર્વેનાં નેત્રને આનંદ પમાડનાર સુકોમળ અને મનોહર કાંતિવાળા આ બે બાળકો કોણ છે વારૂ?

વિશ્વામિત્ર—એબન્ને બાળકો, જેના ધનુષ્યના ટંકારથી દુશ્મનો થરેરે છે, એવો જે સુર્યવંશ ભૂષણ દશરથ તેનાં છે. અને તેના નામ રામ, લક્ષ્મણ છે.

જનક—(મનમાં) એમનાં નામજ કર્ણને કેવાં રસભરિત લાગેછે. અને એ બન્ને પૂત્રોને જોઈ દશરથનાં ચક્ષુઓ કેવાં વિશ્રાંતી પામતાં હશે?

વિશ્વામિત્ર—જનક, તું કહેછે તે સત્ય છે. આજ દશરથ તુલ્ય ભાગ્યશાળી કોણ છે?

જનક—મહારાજ, ભાગ્યશાળી તો શું પણ મહાત્માએ મળવો મુશ્કેલ. (મનમાં) આ આનંદદાયક વાતોમાં ચાંપ ઉપાડવાની વાતતો હું વિસરી ગયો. (પ્રસિદ્ધ) ધનુષ્ય પ્રમાણે વાંકા ચાલનારા રાક્ષસોને પણ ધનુષ્યે પોતાના બળે સિધા કરી મૂક્યા છે. તેમ જેના અધર ઉપર દુધ દેખાય છે તેવા લાવણ્ય બાળકોને પણ ઋષિરાય શી રીતે આજ્ઞા કરી શકે. કેમકે તેઓ પોતે ધનુષ્યના વૃત્તાંતથી માહિતગાર છે.

વિશ્વામિત્ર—(સ્વગત) જનકના બોલવા પરથી ચાંપ ઉપાડવાની તેણે સૂચના કરી એમ જણાય છે (પ્રકાશ) હે રાજેંદ્ર જનક તેં જે ચાપ માટે પણ લીધું છે તેની હું સારી રીતે માહીતી ધરાવુંછું. પણ કેવળ ચાંપ ઉપાડવાની આજ્ઞા નથી કરતો પણ તે સાથે ચડાવવાની પણ આજ્ઞા કરૂંછું. (રામને) વત્સ રામ, મારીચ અને સુબાહુનો જીવ લેનાર તથા ત્રાડીકાનો લય કરનાર એવું આ ચાપ તે લક્ષ્મણના હાથમાં આપ.

જનક—(ઉત્સાહથી) શું! શું!! ઋષિરાજ ન બનવાની વાત કહોછો? મારીચ આદિ રાક્ષસ જેના ચરણને નમન કરે, અને કૈલાસને ધરનાર એવો જે રાવણ, તે પણ એની આગળ નિરાશ થયો છે.

વિશ્વામિત્ર—હે રાજેંદ્ર, શું તને રામચંદ્રજીના સામર્થ્યની ખબર નથી? મારી પાસે ધનુર્વિદ્યા શીખી ગુરૂ દક્ષણામાં સરવે રાક્ષસોનો નાશ કરી અમારો યજ્ઞ તેણે પરિપુરણ કરાવ્યો. માટેજ હું કહુંછું કે, રામચંદ્ર વિના ધનુષ્ય ઉપાડવાની કોઇનામાં શક્તિ નથી. (રામને) વત્સ રામ, ઉઠ અને નિલકંઠનું કોદંડ ભાંગી અમને આનંદ પમાડ.

राम—(ધનુષ્ય પાસે જઈને)

કરમ કર મેરે હાલ પર અયે કરીમ.—એ રાગ.

કૃપાસિંધુ દિનબંધુ અહો દીનદયાળ,
નમું જોડી કર તુજને હું વાર વાર.—કૃપા.
તોડું ધનુષ્ય તુજ કૃપાએ આ વાર,
સહાય મારી કરજે તું જગતઆધાર.—કૃપા.
નહીં તૂટે મુજથી જો આ ચાપ સાર,
જાય લજ્જા મારી આ સમે તો નિરધાર.—કૃપા.

(એટલું બોલી રામ ધનુષ્ય ઉપાડેછે, પણ ચઢાવતાં ભાંગી જવાથી જબરો અવાજ થાય છે ને બ્રાહ્મણો જય પોકારે છે.)

विदुशक—(જે આટલી વાર જોયા કરતો હતો તે ખુશી થઈ પોતાની પીઠ ઠોકીને) શાબાશ! શાબાશ! મહારાજ વિદુશકજી, શાબાશ! જોયું કે, આપના આશિરવચનથી રામચંદ્રજીના હાથે ધનુષ્ય કેવું ભાંગ્યું.

जनक—(રામને) તમારાં આવાં પરાક્રમથી આજે હું ઘણો ખુશી થયો છું. (ગુરૂ સતાનંદને) ગુરૂ મહારાજ આપ અંતઃપુરમાં જઈ જાનકીને વસ્ત્રાલંકાર પેહેરાવી અહીં તેડી લાવો.

सतानंद—બહુ સારૂં. (જાય છે.)

जनक—ભગવાન વિશ્વામિત્ર, રામચંદ્રે તો મારી મનોધારણા પુરી કરી જાનકીને વરી ચુક્યા. પણ મારી એવી ઈચ્છા છે કે, લક્ષ્મણને ઉરમિલા અને મારા ભાઈની બે કન્યા જે માંડળી સુકીર્તિ નામની છે તેનાં લગ્ન પણ ભરત ને શતરૂઘન સાથે કરી આપું.

विश्वामित्र—બહુ સારૂં, મારી પણ એવીજ ઈચ્છા છે.

(એવામાં એક દાસી પ્રવેશ કરેછે)

दासी—મહારાજ જનકરાય, શ્રી જાનકીજી વરમાળા આરોપવા વસ્ત્રાલંકાર સજી તૈયાર થયાં છે. હુકમ હોય તો બોલાવી લાવું.

जनक—બહુ સારૂં દાસી, જા તેને જલદી પ્રવેશ કરાવ.

(દાસી જાયછે ને જાનકીને લઈ કેટલીક સખીઓ સાથે ગાતીગાતી આવેછે.)

सखीओ— **ઓખાહરણનો રાગ.**

સજ્યા સોળે અંગે સણગાર, શોભા જેની છે અપરંપાર.
હીરાકણી વેણીમાંહી ચળકે, હીર નાશિકાએ વાળી ઝળકે.
ભાલે કુમકુમની ટીલડી કીધી, ચક્ષુએ અંજન રેખ દીધી.
નવલખ હાર કોટે તો બિરાજે, જેના તેજથી ચંદ્રમા લાજે.
હાથે કંકણ ચુડી ને ગજરા, પગે નેપૂર વાગે મધુરા.
કોમળ હસ્તે વરમાળા ગ્રહી, આવે જાનકી મંડપમાં સહી.

जनक—પ્રિયપુત્રી સૂર્યવંશ પ્રદિપ રામચંદ્રજીએ આ ધનુષ્ય તોડી મારી મનકામના સંપુર્ણ કરી છે માટે તારા સ-કોમળ હસ્તે તેના કંઠમાં વરમાળા આરોપ.

जानकी—(લજ્જીત થતી થતી) રામ તરફ જોઈ તેમના ગળામાં વરમાળા આરોપે છે.

सर्व ऋषिओ—સૂર્યવંશી વરવધુ કુશળ રહો.

विदुशक—ત્યારે શું મહારાજ, વિદુશકજી એકલાજ રહે એ બનેજ કેમ? (કળાવતી પાસે જઈને) સાંભળ મનોહર કળાવતી આ મારા વેલણ જેવા હાથે આ રવાઈડાંની માળા તારા પાટીઆ જેવા કંઠમાં અરપણ કરીને હું પણ તારા અર્ધાંગ તરીકેના દરેક ધર્મમાં બંધાઊં છું. (માળા પેહેરાવવા જાયછે.)

कळावती—(તમાચો મારીને) દુર રહે, નહીં તો એવોજ બીજો મળશે.

विदुशक—અરરરર! મારો દાંત ભાંગી નાખ્યો રે? મારા બાપ! આવી રીતે માર ખાતાં જન્મારો કેમ જાય? પણ મને તમાચો માર્યો તેના બદલામાં એક સુંદર ગાયન સઉ સભાજનોને સંભળાવ એટલે તારે ને મારે છુટા છેડા.

कळावती— **નવો રાગ.**

શોભેછે જોડી સારી રામ સીતાની,
મરજી હતી જેવી જનકરાયની પૂર્ણ થઈ જાઉં બલીહારી.
નિશદીન અમારી, રાજકુમારી છે અમ પ્યારી તે જાશે આ વારી.
દુઃખ અતી ભારી, જણાય પ્યારી, મારી કટારી તે થાયછે ન્યારી—શોભે

फरशुराम—(પ્રવેશ કરી મનમાં ક્રોધથી) અરે આ જનક કેવો ગર્વિષ્ટ થઈ ગયો છે કે જેણે વરમાળ આરોપણ કરવાની પ્રતિજ્ઞા લઈ ધનુષ્યનો ભંગ કરાવી મારી ફરસીને અપમાન લગાડ્યું જેણે આ શીવચાપ ભાંગી મારી ફરસીને કલંક લગાડયું તેનાજ કંઠનું રૂધિર જો મારી ફરસીને ન ચખાડું તો મારૂં નામ ફરસુરામ નહી. માટે બોલ જલદી (ગાયછે.)

ક્ષત્રી કલંક કેમ લેશેરે—એ રાગ.

તોડયું ચાપ કોણે આ સાર બતાવો જલદી મુજને એ તોરે.
કરૂં તેહને હું તો ઠાર,—બતાવો.
કર્યો ચાપ તણો એણે ભંગ,—બતાવો.
જણાવું એહને મારો રંગ,—બતાવો.
નહીં બીક એહને લગાર,—બતાવો.
કરૂં તેહની હું સારવાર,—બતાવો.
અરે! હશે એહને ગર્વ અપાર,—બતાવો.
ગયો કયાં તે આણીવાર,—બતાવો.

राम— રાગ ઉપરનો.

કરો ક્ષમા મુજને આ વાર,—દોષિત હું હાજર છઉંરે.
ન્હોતી ખબર મુજને નિરધાર,—દોષિત.
રંક આપતણો છું બાળ,—દોષિત.
તે પર કરવો ન બળાત્કાર,—દોષિત.
માગું માફ અરે મહારાજ,—દોષિત.
થયો ગુન્હો મુજથી ઋષિરાય,—દોષિત.
છો પુજવા લાયક આપ,—દોષિત.
કરગરી કહું દેજો ન શ્રાપ,—દોષિત.

फरशुराम—શું તું મુજને બીજા બ્રાહ્મણ જેવો નમસ્કારપાત્ર બ્રાહ્મણ સમજેછે. પણ હું તો જમદગ્ની પુત્ર ફરશુરામ છું.

जनक—હે ભગવાન, એ બાળક હજી ક્ષીર કંઠ છે તેમના ઉપર રોષ ન ધરતાં માફ કરવું એ ઉચિત છે.

फरशुराम—શું કહેછે? એ ક્ષીર કંઠ છે? ક્ષીર કંઠ નહીં, પણ વિષ કંઠ છે એમજ કહે.

लक्ष्मण—સારે મહારાજ તમે નીલકંઠના શિષ્યછો તેથી ક્ષમા કરવી યોગ્યછે.

फरशुराम—શું મેં તને વિષ કંઠ કહ્યો તેથી નામનો મારો ગુરૂ થવા માગેછે.?

लक्ष्मण—નહીં મહારાજ, હું એવી મતલબથી નથી બોલ્યો પણ નીલકંઠ એવા જે મહાદેવ તે જો કોપાયમાન થયા હોય ને તેની સ્તુતી કરીએ તો તે પણ ક્ષમા કરી કૃપા કરેછે, માટે આપ તેના શિષ્યછો તેથી ક્ષમા કરવી યોગ્યછે.

फरशुराम—(મનમાં) શું ક્ષત્રીના બાળકોની બોલવાની છટા છે! (લક્ષ્મણ તરફ જોઈને) અરે! લક્ષ્મણ જ્યારે તું ક્ષમા ચાહેછે ત્યારે હું તને મારતો નથી પણ તારો આ કંઠ માત્ર કઠોર ભાષણ કરનાર છે તેને આ મારી ફરશી છેદશે.

(ફરશી ઉપાડવા જાયછે.)

राम—મહારાજ આપ બ્રાહ્મણ છો અને તમારી ફરશી તમારી પાસે રાખો, અને તમારા આ બોલો અમને અતી કઠણ જણાય છે માટે તમને અગાઉથી ચેતવણી આપુંછું કે, ઘણી મેહેનતે મેળવેલી કીર્તિ એક ક્ષણમાં ખોઈ બેશસો.

फरशुराम—શું તું મારી ફરશીનો નાશ કરીશ? અરે તુંતો શું પણ તારો ગુરૂએ મારી આ ફરશી સામે ટકી શકે નહી. કારણ કે તેણે—

ગીતી.

તપ કીધું બહુ વર્ષો, પ્રસન્ન કરવા બ્રહ્મદેવ પ્રિતે,
ઋષિપદ માગી લીધું, વરમાં મુજથી ડરી બહુ ચિત્તે.

राम—(મનમાં) હવે એ ગુરૂની નિંદા કરવા લાગ્યો તે સહન કરવું એ ઠીક નહીં. (પ્રસિદ્ધ) ઓ ગર્વિષ્ટ બ્રાહ્મણ, ઉપાડ તારી ફરશી ને કર મુજ પર પ્રહાર.

फरशुराम—(ખંભેથી ફરશી ઉપાડવા જાયછે પણ નહીં ઉપડવાથી) અરે! આ શો ચમત્કાર મારી ફરશી રામ ઉપર કેમ નથી ઉપડતી?

विदुशक—કેમ મહારાજ બળતો ઘણુંજ જણાવતા હતા ને આ શુ થયું?

फरशुराम—(સ્વગત) અરે આ કેવું આશ્ચર્ય, કે હું બળહિણ અને નિસ્તેજ કેમ થઇ ગયો! જેના થકી બેશુમાર ક્ષત્રીઓનો નાશ થઈ ગયેલો એવી આ ફરશી રામ સામે કેમ ઉપડતી નથી. (વિચારીને) પૂર્વે પરમાત્માએ દેવતાઓને વરદાન આપ્યું

હતું કે રામા અવતાર લઈ સર્વે અસુરોનો નાશ કરી પૃથ્વિનો ભાર ઉતારીશ. એમતો નહીં બન્યું હોય, જો એમ બન્યું હશે તો આ મારી ફરશી પરમાત્મા સિવાય બીજાથી નહીં ઉપાડે. માટે લાવ તપાસી જોઉં.

राम—કેમ માહારાજ, શું વિચાર કરોછો? કરો પ્રહાર,

फरशुराम—આ મારી ફરશી પૃથ્વિ ઉપર મુકુંછું તે તું પ્રથમ ઉપાડી લે.

राम—જેવો હુકમ. (ફરશી ઉપાડે છે.)

फरशुराम—(આશ્ચર્ય પામીને) શું રામા અવતાર થયો?

राम--હશે.

फरशुराम— સાડે તીન પૈસે—એ રાગ

કરગરી લાગું પાય લાવો મુજ પર દયાય,
વાંક થયો આ મુજથી ભારી,
કરવી તમારે તેની તો ક્ષમા,—કરગરી.
શસ્ત્રો મારાં હું મુકુંછું આજે,
કરજો મારી તમેતો સહાય,—કરગરી.
જાઉં નર્મદા ને હું તીરે,
કરૂં તપ જઈ કરોને મયાય,—કરગરી.

राम—(તેને ઉઠાડી પોતે તેના ચરણમાં પડીને) નહીં માહારાજ ક્ષમા મારે માગવી જોઇયે. કારણ કે મુજથી આપનું અપમાન થયુંછે.

फरशुराम—મહારાજ હું હવે મારાં સરવે હથીઆરો આપને અર્પણ કરી નર્મદા કાંઠે તપ કરવા જાઉંછું.

राम—જેવી આપની ઈચ્છા. (જનક ઉઠી જાનકી તથા રામચંદ્રજીનો હસ્ત મેળાપ કરેછે. ત્યાં સર્વે ખુશાલીનું ગાયન ગાયછે.)

सर्वे--સતીનું રાખ્યું છે સત્ય ઈશ ખરે,—એ રાગ.

ખુશીમાં રહીને તમે મોજ કરો, મોજ કરો, મોજ કરો,
આનંદે આવીને નિશદીન ફરો નિશદીન ફરો, નિશદીન ફરો,
સત્ય વરતાએ સદા સુખી થાયે, સત્યથી દુઃખતો દુર સર્વ થાય,
પ્રેમથી બંધાઉં, પ્યારમાં ગુંથાઉં, પ્યારા મારા છો જીવનહાર.
આજ છે આનંદ અપાર, વનમાં, જનમાં, તનમાં, મનમાં.
પ્યારી મારી છે તું જીવનહાર, હા ખરી, તું પરી, સુંદરી—મોજ કરો.

प्रथमांक समाप्त.

અંક ૨ જો.

પ્રવેશ પેહેલો.

સ્થળ—દશરથનો રાજમેહેલ.

દશરથ, કૈકૈ, વસિષ્ઠ, રામ ને લક્ષ્મણ.

दशरथ—

.કરમકર મેરે હાલ પર અયે કરીમ—એ રાગ.
કરી તેં કૃપા આહા મુજપર અપાર,
ગાઉં ગુણ તારા હું નીશદીન આવાર—કરી.
પુત્રો મારા આવ્યા આજ નગ્ર મોઝાર,
કિર્તી મેળવી તેણે તો અપરમપાર—કરી.
વળી લગ્ન થયાં છે એહના તો સાર,
કૃપા તાહરીનો રહ્યો નહીં કંઇ પાર—કરી.

અહો દશ! હવે માત્ર મારી એક તૃષ્ણા બાકી રહી છે, તે પણ તારી કૃપા હશે તો આવતી કાલે પરિપુર્ણ થાશે.(વસિષ્ઠને આવતા જોઈને) પધારો ગુરૂજી! રાજ્યાભિષેકની સર્વ સામગ્રી તૈયાર થઇ?

वसिष्ठ—દશરથ, કોઇ પણ ચીજની ખામી ન પડે એવી સર્વ તજવીજને કરી રાખી છે. માત્ર ગંગાજળ જોઇતું હતું તે પણ હમણાં ખબર મલી છે કે, ભરતજી સર્વ તિર્થનાં પવિત્ર જળ લેઇને આજે સંધ્યાકાળ સુધી નગ્રમાં આવી પહોંચશે.

दशरथ—ધન્યછે ભરત! ખરી નેકી આનું નાંમ. રામનો ભાઇ થવાને તું ખરેખર લાયક છે. (વસિષ્ઠને) મહારાજ હવે તમે રાજ્યાસન આગળ જઇને સર્વ સામગ્રીની ગોઠવણ કરો તેટલીવારમાં તીર્થજળ લઇને ભરતજી પણ આવી પહોંચશે. (વશિષ્ઠ જાયછે.) જ્યારે મારી આંખોએ રામને રાજ્યાસન પર બેઠેલો જોઈશ ત્યારે મને આ દેહે સ્વર્ગમાં પહોંચ્યા જેટલો આનંદ થશે. (કૈકૈને આવતી જોઈને) પ્રિયે તું આવા શુભ અવસરે નિરાશ કેમ? તારા શોકનું જે કારણ હોય તે જાહેર કર, કે તે મટાડી તારી ઈચ્છા સફળ કરૂં.

केकै—ત્યારે સાંભળો મહારાજ—

જ્યાં પતિવ્રતનું પાલન થાયે—એ રાગ.

ચાહો જો મુજ મન ખુશી કરવા આજ જગતની રીતે,
પૂર્વે વચન જે આપ્યું હતું તે પાળો કુળની રીતે.
મુજ મન છે આશા, એવી રાખું છું અભિલાષા.

दशरथ— રાગ ધમાલ.

રાઘવ કુળ મારૂં નિજ રીતી પાળી રાખતું મુજ લાજ પ્યારી આજ,
સૂર્ય પશ્ચિમ જ્યારે ઉગે ત્યારે ક્ષત્રી સત્ય ચુકે માટે પ્યારી આજ.

केकै—સાંભળો સૂર્યવંશી રાય, ત્યારે મારી એવી ઇચ્છા છે કે, ભરતને રાજ્યગાદી ને રામને વનવાસ.

दशरथ—અરે દૈવ! (મૂર્છીત થાયછે. કેકૈ આગતાસ્વાગતા કરી સાવધ કરેછે.) ત્યારે—

ઓ ઘાવ કારી કીધો બદકાર—એ રાગ.

ઓ! ઇશ આ શું થયું અરે પ્રભુજી કે તું પ્રાણ મારાથી છુટો પડાવેછે મુજને.
જો રામ આ મારો વનમાં જાશે તો ધરણી આ મુજને ખાવાને ધાશે.
વળી સાથે રહીને આજ લાજ રાખ પ્રભુજી લાજ આજ—ઓ.

केकै—(મનમાં) "રામ વિના કેમ જીવાશે?" રામજ પુત્ર! ને ભરત શું નહીં? વળી રામ જ્યાં સુધી નગ્રમાં રહે ત્યાં સુધી મારા પુત્રને રાજ્ય મળેજ શાનું. હું કેકૈ તોજ કે જો રામને વનમાં મોકલું. માટે મહારાજ રામને આવતી કાલે વનમાં મોકલો અને ભરતને રાજગાદી સુપ્રત કરો.

दशरथ—(નિરાશ થઇને) અરેરે! દુઃખજ. મૂર્ખ સ્ત્રિને વચન આપ્યાનું ફળ વેઠવું પડશે. શું રામને વનમાં મોકલું? રામને વનમાં જતાં જોઊં તે કરતાં મારાં ચક્ષુ કાઢી નાંખો. (રામને) વનવાસ એ ઉચરતાં મારી જીભ કેમ નથી કપાતી રામ! મારા આધાર તારાથી વનવાસનું અઘાત દુઃખ કેમ સહન થશે? (કેકૈને) અરે, જો ત્હારી મરજી એમજ હોય તો જા ગુરૂ વસિષ્ઠને કહે એટલે તે સવિસ્તર હેવાલ રામને કહેશે. જા વસિષ્ઠ સહિત રામને સત્વર અહિયાં મોકલ કે છેલ્લી ભેટ કરી લઊં (કેકૈ જાયછે) અરે થયું! મારા તમામ સંસાર

સુખનો છેડો આવ્યો! અરે હવે મને પૂર્વનો શ્રાપ યાદ આવ્યો! વૈશ્યનું વચન ખરૂં પડતું જાયછે. (મૂર્છીત થાયછે.)

(વસિષ્ઠ તથા રામ લક્ષ્મણ પ્રવેશ કરેછે.)

राम—(વસિષ્ટને) મહારાજ, પિતાનું વચન પાળવા માટે વનમાં તો શું? (દશરથને જોઇને) અરે! શું પીતાજી મૂર્છાગત.

राम-लक्ष्मण—

તું ન કુમળા જીયરવા—એ રાગ.

મનમાં નહીં મુંઝાવો પીતાજી પ્યારા,
જાઇયે અમે વનમાં દુઃખ નહીં તનમાં.
થઇએ અમે તમથી ન્યારા—પીતાજી.
દુઃખ નહીં કાંઇ મનનીરે માંહી,
જાઇયે અમે વનમોઝાર—પીતાજી.

શું પિતાજી, તમે એમ ધારોછો કે તમારો પુત્ર તમારૂં વચન નહીં પાળશે! અરે! એવું સ્વપને પણ નહીં જાણવું. વનવાસ તો શું પણ આપના વચન માટે જીવ અર્પણ કરવા તૈયારછું.

दशरथ—અરે, નહીં મારા આજ્ઞાંકિત પૂત્ર મને તારો પરીપૂર્ણ ભરોંસો છે. જો કે તારા સિવાય અયોધ્યા મને જમપુરી જેવું થઇ પડશે તોપણ છેલ્લી ભેટ કરી લઉં.

राम—સારૂં, પિતાજી આપની આજ્ઞા શિરપર ચડાવી વન જવા નિકળું છું (એટલું બોલી અંતઃપુરમાં જાયછે.)

પ્રવેશ બીજો.

સ્થળ—અંતઃપુર.

સીતા, સખીયો અને રામ.

सीता—સ્વપ્નાવસ્થામાંથી અચાનક જાગૃત થઇને).

હમદમ આઓરે—એ રાગ.

સખી સૌ આવોરે,
દોડો હળીમળીને મુજ બેનો સ્વપ્નું આવ્યું ખરાબ મુજને,
કહું શું તમ કનેરે મન મુંઝાય—સખી.

આવો આવો મળી પ્યારી જુઓ જુઓ હાલત મારી,
કેવી બનીછું દુઃખયારી અહા તમો ક્યાં ગઇ.
મરી ગઈ વરી ગઈ અરે તમો ક્યાં ગઈ,
સાર ન લીધી મારી સંતાઇ તો ક્યાં ગઇ,
મારો છે દુઃખનો દિવસ આજે—સખી.

सखीओ—

વારીવારી કાહે કરત પોકાર—એ રાગ.

પ્યારી મારી આમ કરે શીદ પોકાર,
સ્વપ્નું ખરાબ શું આજ તેં દીઠું આહા રામચંદ્રની નાર—પ્યારી.
અમે બલહારી જઈયે વારી ધરો ન પ્યારી એવું ધ્યાન.
એકરારી કરોને પ્યારી જુઠું છે એ સ્વપ્નું જાન,
ખોટી વાતો સ્વપ્નાની સહુ રે નહીં અએ પ્યારી માન.
બન નાદાન નહીં તું માન કર નહીં ડર પ્યારી—પ્યારી.

सीता—

ઠંડી આ લેહેરો વાયુની ધીમે ધીમે વાતી—એ રાગ.

હાય કહું શું એની મારી સ્વપ્ના કેરી વાત,
જાવું પડે મુજ પ્રિય પતીને વનમાંતો સાક્ષાત—હાય.
નિદ્રા વેરણ થઇ મુજને અરેરે મધ્ય રાત,
શાન્તિ ન પામી હું જરી થવા આવીછે પ્રભાત.—હાય.
કહેવા થકી કેકૈના આ પડેછે દુઃખની જાત,
કરજે સહાય મારી તું અરેરે ચંડીકા માત—હાય.

(નેપથ્યમાં) સૂર્યવંશ કુમાર શ્રી રામચંદ્રજીને ઘણીખમા.

सीता—

આવો આવો આવો જી—એ રાગ.

આવો આવો આવો અહિં, આપવિણ ઘડી એક મુજને ન જાય.
કામને કાજ કંઈ મુજથી ન થાય, લાગે જાણે મુજ મનમાં અતિસે લાય—આવો.
થયો હર્ષ અતિ તનમન માંહી, કહું શું પ્યારા હું તમને તો આંહી
આજે ખુશી થઇ દર્શ દીધાં તેં થાય નવાઈ સમ મુજને તો કાંઈ—આવો.

राम—

ધિરજ ધર ધીર સલુણીનાર—એ રાગ.

સમજ તું પ્રિયા મારી આ વાર.

જાવું મારે અરે આ વારે વનની તો મોઝાર—સમજ.
હઠ તું કર નહિં અયે દિલદાર,
કામ નહિં છે તુજ તહીં વખ્ત વિચારો સાર—સમજ.
સાચે સાચી તુ જીવનહાર,
થા નહીં મુજ પ્રાણ આધાર તું થા ન દીલગીર લગાર-સમજ.

પ્રિયે, મારે પિતુ વચન પાળવા આ વખતે વન જવા વગર છુટકો નથી માટે કંઈ પણ શોચ ન કરતાં જલદી રજા આપ ચૌદ વરસ હગણાં વિતી જશે.

सीता--

દક્ષણી લાવણી.

નાથ નવ કરો વાત વન જવાનીરે,
પ્રાણઆધાર સમજી સાર અંતર ઉતાર કરી વિચાર પ્યારી હું આપનીજ રે.
જાવું ના ઘટે છોડી એંકલી મનેજરે,
આવું હું સાથ પ્રાણનાથ કહું સાક્ષાત જોડીને હાથ દાસી હું આપનીજ રે.

लक्ष्मण—

ઓ નામવાર તેરે નામ પર પેજાર—એ રાગ.
ચાલો ચાલો ચાલો બંધું માહારા આ વાર,
રૈયત આપણી આવી ઉભી કીલ્લાની બહાર.
કરવા દરશન સાર આવી તેણે ઠાર,
સત્વર સાથે ચાલો ચાલો લગાડો ન વાર.—ચાલો.

राम—લઘુભ્રાત, જાનકીને પણ સાથે ચાલવાની મરજી થઈ છે તેનું કેમ કરીશું?

लक्ष्मण—એમની ઈચ્છા હોય તો સાથે લ્યો તેમાં શી હરકત છે.

राम—હે પ્રિયે, મારા કહેવા છતાં તું નથી સમજતી ત્યારે ઠીક છે ચાલ ભવિષ્યમાં લખ્યું હશે તે જરૂર બનશે. તેમાં કાંઈપણ ફેર થનાર નથી.

सीता—(ખુશી થઈને,)

થઇછું દુઃખીઆરી સુખ થયું સૌ દુરે—એ રાગ.
થઇછું સુખીયારી દુઃખ થયું સૌ દુર,
પ્રિય પતિ મુજ પ્રાણનાથ મુખથી વાણી વદત મધુર-થઈછું.

અંતર માંહી હર્ષ થાય ઉર ઉમંગ નહીં સમાય,
દુઃખદ સંહારી સંકટ વારી મુજને ઉગારી દીનદયાળી,
થઇછે શાન્તિ પ્રાણનાથ ધાર્યુંછે લઇ જવા સાથ—થઇછું.
(એમ કહી રામ, સીતા તથા લક્ષ્મણ ત્રણે વન જવા નિકળેછે.)

પ્રવેશ ત્રીજો.

સ્થળ—રસ્તો.

વિદુશક.

विदुशक—

આહા તત! કયેસા હયે યે નાદીંજા.—એ રાગ.
આહા! તત!! વરતાએ શું કાળો કેર,
રામચંદ્રજી વનમાં જાયે નહીં કોઇના મનમાં મ્હેર.
આહા! તત!! નથી કોઇને એહ પર ઝેર,
કેકૈ તારૂં ભુંડું થાજો કીધું રામચંદ્રથી વેર—આહા.
જાણું છું હું આ વાર તેણીને તો દાર,
કરીને કહું પોકાર સાથે આવીશ હુ નિરધાર.
લીયે એતો મારી સાર અરે એહતો દીલદાર,
ખરેખર મુજ યાર છે છે એ હૈયાનો હાર—આહા!
(જાયછે.)

પ્રવેશ ચોથો.

સ્થળ—અયોધ્યાપુરીનો દરવાજો.

રામ, લક્ષ્મણ, સીતા, દશરથ, કૌશલ્યા, વિદુશક, નાગરીકો વગેરે.

राम—

અબ આખરી હે સબજપરીકા—એ રાગ.
વિદેશ વાટ જાણીશું આ વાર તો નિરધાર,
રૈયત આ માહરીની લેજો પીતાજી આપે સંભાળ—વિદેશ.

દિલગીર ન થાઓ માતાપીતા સમજુ તમે તો સાર,
દ્યો આશિષ અમને ફરી આવશું નગ્ર મોઝાર—વિદેશ.
માયાળુ મુજ પ્રજા સુખેથી જાઓ તમે દીલદાર,
કરજો ક્ષમા અમે માહેરી થઈ ચુક હોય જેવાર—વિદેશ.

(સર્વે પાસેથી વિનય પૂર્વક રજા લઈ ચાલવા માંડેછે.)

પ્રવેશ પાંચમો.

સ્થળ—જંગલ.

રામ, લક્ષ્મણ ને સીતા.

લક્ષ્મણ—જ્યેષ્ટ ભ્રાત, સૂર્યની સખ્ત ગરમી પડવાથી જાનકીનું મુખ કેવું કુમળાઇ ગયું છે.

રામ—લક્ષ્મણ, તું કહેછે તે સર્વ સાચી વાત છે પણ જાનકીથી શરમને લીધે કાંઈ બોલાતું નથી પણ એનો ચેહેરો કહી આપેછે.

સીતા—નહીં નહીં પ્રાણનાથ, જ્યાં સુધી હું આપની સાથેજ છું ત્યાં સૂધી કેટલી પણ ગરમીથી અથવા કેટલું પણ ચાલવાથી મારી સ્થિતીમાં ફેરફાર થનાર નથી. (એટલું બોલી આગળ ચાલેછે.)

પ્રવેશ છઠો.

સ્થળ—ગંગાનદીનો કિનારો.

રામ, લક્ષ્મણ, ને સીતા.

રામ—(સીતાપ્રત્યે) પ્રિયે, આ જગત જનુની ગંગાનું નિરમળ જળ તથા તેના તટપરનાં આ સુંદર વૃક્ષોની છાયા આપણુને ચાલવાથી પડેલા પરિશ્રમને કેવાં આનંદદાયી છે !

સીતા—હા, પ્રાણેશ, આ સ્થળ આપને પડેલા શ્રમનું નિવારણ કરવા લાયક છે માટે આં સુંદર વૃક્ષતળે આપણે જરા બેશીએ ને તમો તમારૂં મનોહર શિશ મારા ઉછંગમાં મૂકી જરા નિદ્રાવાન

થાઓ તો વધારે સારૂં. (એ સાંભળી રામ સીતાના ઉછંગે માથું રાખી સુતા સુતા ગાયછે.)

राम—

કહું શું નશીબે દુઃખીઓ કીધેછો—એ રાગ.
પ્રિયા માહરીની થઇ છે ખુવારી,
સાથે આવી વનમાં સહે દુઃખ એ બિચારી— પ્રિયા.
નેત્રો એનાં જોઇ જતો હું તો મોહી,
ભર્યાં નીરથી તેતો અતીસે આવારી.—પ્રિયા.
ચાલી એ શકે નહી શક્તિ રહી નહીં,
જુઓ તેહની હાલત કરે તેતો લાચારી.—પ્રિયા.
પ્રિયબંધુ મારા ગાઊં ગુણ શું તારા,
થયો આ સમે મુજને તું મદદગારી.—પ્રિયા.

सीता—

માગ્યું તમે શું આ કુહાયા હાંરે બાઈ—એ રાગ.
બોલોછો શું આ પ્યારા હાંરે મારા,
પડે દુઃખની જો ધારા કરૂં નહીં ન્યારા—બોલોછો.
સુખમાં હમેશ રહેનારા છો પ્રિતમ પ્યારા,
જાઊં શું આ વારા દુઃખને તમારા જાય પ્રાણુ આ મારા,
થાય તો પણ શું પ્યારા—બોલોછો.

પ્રાણનાથ આ પવનની લેહેરોથી તો મારૂં મન શાંતી પામ્યું. પણ જો આપની આજ્ઞા હોય તો આપને વાસ્તે થોડું શિતળ જળ લાવી આપી મારી તૃષ્ણાને પણ શાન્ત પમાડું.

लक्ष्मण—માતુ, એ માટે આજ્ઞાંકિત સેવક હાજર છતાં કેમ આજ્ઞા નથી કરતાં ? લ્યો, હું પોતેજ જઈ શિતળ જળ લાવી આપું.

सीता—વત્સ લક્ષ્મણ! તમારાં આવાં વાકયોથી તમારી મારા પ્રત્યેની ભક્તિ સ્પષ્ટ જણાઇ આવેછે. પરંતુ આપની પાસે કંઈ વાસણ નથી તેથી શી રીતે લાવી શકશો ?

लक्ष्मण—માતાજી એને માટે નિશ્ચિંત રહો, આ વટ-વૃક્ષના કોમળ પાત્રાંનો દડીઓ બનાવી તેમાં નિરમળ જળ ભરી લાવુંછું.

(એમ કહી લક્ષ્મણ જાયછે પરંતુ આવતાં વાર લાગવાથી)

सीता—સ્વામીનાથ, હજી લક્ષમણજી કેમ આવ્યા નહીં? આટલી

બધી કેમ વાર લાગી હશે? (એટલામાં લક્ષ્મણ આવી પહોંચે છે.)

राम—(લક્ષ્મણને) તું આટલીવાર ક્યાં રોકાણો?

लक्ष्मण—જ્યેષ્ટ બંધુ, નદીમાં જળ ભરતાં પાણીનો વેગ ઘણોજ જોવામાં આવવાથી આપણે પેલેપાર કેવી રીતે જઇ શકીશું તે વિષે મનન કરતો હતો તેવામાં એક નાવ જોયું એટલે નાવિકોને અહીં લાવવાનું કહ્યું તેથી તે આવેછે. (પાણી આપેછે તે પીધા બાદ) માતુશ્રી, ચાલો હવે આપણે ગંગાને પેલે પાર જવા નાવમાં બેસીયે. (જાતાં જતાં વિદુશકને આવતો જોઈ ઉભા રહેછે.)

विदुशक—

નહીં પાયા મેને જાને આલમ—એ રાગ.

ક્યાં શોધું રામને ભાઈ,
આવ્યો અહીં વનની માંહી જાવું મારે હવે તો ક્યાંહી—ક્યાં.

શોધી શોધી થાક્યો હું વનમાં,
તાકત તનમાં રહી ન મનમાં દે સરિતા મુજને વધાઇ—ક્યાં શોધું.

(મનમાં) અરે હશ? જો આ વખતે હું દરશથની જગ્યાએ હોત તો કૈકૈ તારૂં ગલુંજ દાબી નાંખત. પણ હવે તે સંબંધી વીચાર કરવાથી શું વળવાનું? હવે તો થાકી ગયોછું તેથી વિશ્રામ લઈ પાછો રામની શોધમાં ફરતો ફરૂં. (બેસેછે.)

राम—(લક્ષ્મણને) લક્ષ્મણ આમતો જો, પેલા નદીના તટ ઉપર બેઠેલો મન સાથે વાતો કરતો માણુસ કોણ છે? હું ધારૂંછું કે આપણો મિત્ર વાસંતિક તો નહીં? તું જા ને તેની તપાસ તો કર.

लक्ष्मण—બહુ સારૂં, મહારાજ, (વિદુશકની પાછળ જઈ ચુપચુપ ઉભો રહે છે.)

विदुशक—(મનમાં) સીતાજીનું હરણ કરવાની મરજીએ રાવણે દૈત્યોને અયોધ્યાની આજુબાજુએ ફરતા મૂક્યા છે એવું મેં એક વનચરના મુખથી સાંભળ્યું છે. તેથી કદાચ રાક્ષસો આવી મારો ભક્ષ કરી જશે તો રામને મળવાનું તો રહ્યું પણ

મારી સ્ત્રીને મારા મૃત્યુના સમાચાર કહી ચુડી કોણ ભંગાવશે.

लक्ष्मण—(મનમાં) આતો કોઇ અમારી સાથે આવવા માટેજ અયોધ્યા છોડી અહીંયાં આવ્યો છે. વળી એ લપ સાથે ક્યાં જાળવવી માટે કંઈ યુક્તિ કરી અહીંયાથીજ પાછો કહાડું. (વીચારીને)વળી એ જાતે બીકણુ છે માટે એવોજ કંઈ તાલ કરૂં. (એમ કહી તેની ગરદન બે હાથે દાબેછે.)

विदुशक--(ગભરાઇને) અરે એ કોણ મારી ગરદન બહુ જોરથી દબાવેછે? તેં શા માટે પકડયો છે? અરે હું સે-સે-સે-સેતાન નથી રે હુંતો ગગ-ગગ-ગરીબ ભભ-ભભ-ભામ્રણ છું તે ખોટું જાણતો હો તો જો અમારી ઉ-ઉ-ઉપવિત. (જનોઈ બતાવે છે.)

लक्ष्मण—(મનમાં) ઘાટ તો ઠીક ઘડાયો છે. (સુર ફેરવીને) તું કહેછે કે હું ગરીબ બ્રાહ્મણ છું તો હું તને જીવતો છોડુંછું પણ એક શરતે કે ફરી નિહાળ્યા વગર તારે એમને એમ શેહેર તરફ ચાલવા માંડવું.

विदुशक—(મનનાં) અરે, આ બોલો તો જાણીતા દેખાયછે, માટે એનું મુખ તો જોઊં અગર દૈત્ય હશે તો મને ખાઇ જશે તે ભલે પણ રામચંદ્ર સિવાય નગરમાં જવું તે કરતાં ઝેર ખાઈ મરવું તે વધારે સારૂં. જોરથી ગરદન ફેરવે છે અને લક્ષ્મણને જોઈ હસી કુદકો મારી ઉભો થાયછે. મારાજ શું તમારો વિચાર આ લંગોટીઆ બ્રાહ્મણને મારી નાખવાનો હતો? અરે થોડો વખત ન બોલ્યા હત ને ગરદન દબાવી રાખી હત તો મારા બારજ વાગી જાત પણ ભાગ્યવાન મારી બાયડી કે હું બચ્યો. તે બધું ઠીક પણ રામ ક્યાંછે?

(એમ કહી આમ તેમ જુવેછે.)

लक्ष्मण—(મનમાં) જે પીડા કાઢવા ગયો તેતો ગળે વળગી.

राम—(વિદુશકને) પ્રિયમીત્ર વાસંતીક, આવ આવ આવ અહીં આવ.

विदुशक—મહારાજ મારો ઉપાય લેવામાં તમો પણ સાથેજ હતા કે શું? નગ્ન છોડયું તો આ ગરીબ બ્રાહ્મણને પણ છોડી દેવો.

राम—અરે! પણ તારે અહીં આવવાનો સબબ શો? જા તું પાછો શહેરમાં જા.

વિદુશક—સબબ શું એમ તમે કેમ પૂછોછો? તમે સર્વે વનમાં જાઓ અને હું એકલો શહેરમાં રહી મોદીક ચડાવ્યા કરૂં? નહીં મારા પ્રિયમીત્ર હું કદી પણ પાછો જનાર નથી. પણ વિચારો કે તમારા વીનાં મારાથી જીવાય શી રીતે? માટે તમે હજારો વાત કરશો તો પણ તમારાથી જરાએ જુદો પડનાર નથી. અને એમ કરતાંએ જો નહીં તેડી જાઓ તો આ ગંગા નદીમાં પડી મારો આત્મા અર્પણ કરીશ.

(એમ કહી નદી તરફ જવા માંડેછે ને લક્ષ્મણ તેને ઝાલી રાખેછે.)

लक्ष्मण—અરે વાસંતિક, તું આટલો ઉતાવળો શા વાસ્તે થાયછે? તારા નશીબમાં દુઃખ લખ્યું હશે તો તે કદી મટનાર નથી.

विदुशक—(મનમાં) દુઃખ પડશે ત્યારે ઓસડ ખાઈસ પણ તમારી સાથે તો નિશ્ચે આવીશ. મહારાજ તમે તમારે મોઢે ભેળો લઈ જવા નહીં કહો તો આ ચાલ્યો નદીમાં પડવા. (નદી તરફ જવા ખેંચતાણ કરેછે.)

राम—તું જ્યારે મોતથી નથી ડરતો ત્યારે ચાલ અમારી સાથે.

विदुशक—વાહ, હવે કેવું ભાવતું બોલ્યા? પણ તેમ બોલાવતાં મને કેટલી મેહેનત પડી. (નાવીકોનો અવાજ સાંભળીને.) અરેરે મહારાજ મારો બચાવ કરો! મને તો આ અવાજ દૈત્યોના જેવો લાગેછે. (જરા નેપથ્યમાં જોઇને) અરે, પણ તેઓતો આપણી પાસે આવેછે. (એમ કહી રામની ઓથે સંતાયછે.)

लक्ष्मण—અરે મુરખ એતો નાવિકોનો અવાજ છે. તેઓ આપણને પેલેપાર ઉતારવા લેવા આવેછે.

नाविको—અલ્યા ધામણ બાંધ ધામણ!

(બીજો) ભારે આવ ભારે.

(ત્રીજો) કાંઠે આવો આપણે જરાવાર હરીનાં ભજન ગાઇયે એટલી વારમાં પેલા આદમીઓ તૈયાર થાહે.

नाविको—

તક તક મારે નજરીયાં ભારી—એ રાગ.

ફરી ફરી માનખા દેહી નહીં આવે, માન, માન, માન,
માન માન માન માન ધરી ધ્યાન રે—ફરી.

કંઈ જોઈ વિસારીને સાલો નહીં તો અંતે થાશે બેહાલો,
કામ ક્રોધને લોભ ટાલો મોત જ્યારે આવે ત્યારે,
નહીં તું વારે એક તારે રામ–૫રી.

નિંદુશક—કેમરે મૂર્ખાઓ, ગધેડાની માફક ભૂં, ભૂં, ભૂં ક્યાં કરોછો? હોડીબોડી તૈયાર છે કે નહીં?

નાવિકો—હા માહારાજ, એતો તઆર શે.

રામ—બહુ સારૂં, ચાલો ત્યારે. (એમ કહી હોડીમાં બેસેછે ને હોડી ચાલવા માંડેછે.)

રામ, લક્ષ્મણ ને સીતા—(હોડીમાં બેસતાં)

રાગ નવો.

ગંગામાતુ તારો આધાર,
શરણે છિયે બાળ તારાં લેજે તેની તું સંભાળ–ગંગા.
ઉતારજે અમને તું પેલે પાર નમીયે છીયે અમે તુંને વારંવાર–ગંગા.
સહાય અમારી કરજે તું આ વાર પહોંચાડજે અમને તુ પેલેપાર–ગંગા.
(નાવ ચાલવા માંડેછે.)

પ્રવેશ સાતમો.

સ્થળ—અયોધ્યા નગરી.

વસિષ્ઠ, ભરત, સુમંત અને કૈકે.

વસિષ્ઠ—અહો! ઇશ્વરગતી કેવી અકળ છે! દશરથના મૃત્યુ સમયે ચાર પૂત્રમાંથી એક પણ અત્યારે અગ્નિદાહ કરવા પાસે નથી. રાજ્યાસન સુન્ય ન રહેવું જોઈએ તેથી ભરત શતરૂઘનને તેમના મોસાળથી તેડવા સુમંતને મોકલ્યો છે, તે પણ હજી કેમ ન આવ્યો?

(એટલામાં સુમંત, ભરત શતરૂઘન સાથે આવેછે.)

ભરત તથા શતરૂઘન—(ગુરૂનું શોકમય મુખ જોઇને) મહારાજ! આ આપની સ્થિતી આમ કેમ? જલદી કહો, મારો જીવ ગભરાયછે.

વસિષ્ઠ—સાંભળો રાજકુમારો, મારી જીભ કહેતાં ઉપડતી નથી, અરેરે!

કેવો દુઃખદ સમય! તમારી માતા કેકૈના માગવાથી રામ વનવાસ ગયાછે.

भरत—(ગભરાઈને) અરેરે! શું રામચંદ્રજીને વનવાસ?!!(મુર્છીત થાયછે.)

वसिष्ठ—(શુદ્ધિમાં લાવીને) ભરત, આ વખતે ધીરજ ધર.

भरत—શું ધીરજ, એતે હવે કેમ ધરાય! વારૂ હમણા પીતાશ્રી ક્યાંછે?

वसिष्ठ—(દીલગીરીથી) પુત્ર વિયોગથી સ્વર્ગે.

(ભરત તથા સતરૂઘ્ન સાંભળતાં પાછાં મુર્છીત થાયછે.)

वसिष्ठ—(બનેનાં નેત્રમાં જળ છાંટી શુદ્ધિમાં લાવીને) હે રાજકુમારો તમારૂં દુઃખ મારાથી જોઈ શકાતું નથી. માટે હરીઈચ્છાને સ્વાધીન થઇ ધીરજ ધરો.

भरत—(ઉદાસીથી) પણ એ દુષ્ટણીને આવું વચન માગવાનું કારણ શું?

वसिष्ठ—અયોધ્યાની ગાદી તમને અપાવવા.

भरत—(ઉતાવળથી) ગાદી! અરે રામ વનવગડામાં રખડે ને હું ગાદીએ બેસું!! રામ વૃક્ષ નીચે સુએ ને હું મેહેલમાં પોઢું!!! રામ વનચીર પેરે ને હું રાજ્ય પોપાક ધારણ કરૂં એ બનેજ કેમ (સામેથી કેકૈને આવતી જોઈ) માતુ તારી આશામાં તેં મોટી ભૂલ કરીછે. હું પ્રતિજ્ઞા લઈને કહુંછું કે, રામ સિવાય અયોધ્યામાં મને પાણી લેવું હરામ છે. (જવા માંડેછે)

वसिष्ठ—(તેને રોકીને) હે ભરત, શોકાતુરપણે ક્યાં જાયછે? આ તારા પીતાનું શબ છે તેને ઉત્તર ક્રિયાએ પહોંચાડ.

भरत—બહુ સારૂં મહારાજ, ચાલો.

પ્રવેશ આઠમો.

સ્થળ—ચિત્રકુટ.

રામ, લક્ષમણ, સીતા, ભરત તથા નાગરીકો.

लक्ष्मण—(છેટેથી માણસો આવતાં જોઇને) મહારાજ, પેલું સૈન્ય કોનું આવેછે! આજ્ઞા હોય તો તપાસ કરૂં.

રામ—લક્ષ્મણ, એતો આપનો લઘુભ્રાત ભરત નાગરીકોને સાથે લઈ આપણને મળવા આવેછે. માટે ચાલો આપણે તેને સામે જઇયે. (રામ લક્ષ્મણ તેમને સામે જાયછે, ભરત આવી તેમને નમન કરેછે, રામ તેને ઉઠાડી આલિંગન કરીને ઉદાસી તેમજ મુખમુદ્રા લેપાઈ જવાનું કારણ પુછેછે.)

ભરત—આપના વિખુટા પણાથી અરેરે! હમેશાં આપની છાયામાં રહેલો એવો હું તે આપના વિયોગે શી રીતે જીવી શકું? માટે મહારાજ આપ પાછા અયોધ્યામાં ચાલો.

રામ—એમ બનેજ કેમ? પીતુ વચન પાળવાને જે વનનો રસ્તો લીધો તે છોડી મારાથી તેના વચનનો ભંગ શી રીતે થાય, કારણ કહ્યું છે કે,

દોહરો.

દીન ફરે વાદળ ફરે ફરે નદીનાં પૂર.
ઉત્તમ બોલ્યા ના ફરે, પશ્ચિમ ઉગે સૂર.

તેમ મારે પણ વચન ભંગ કરવું નહી. માટે હવે તું સુખેથી નગ્રમાં જા ને હું પણ હમણાં મુદત પુરી થયે પાછો નગ્રમાં આવીશ.

ભરત—મહારાજ ત્યારે આપ મને પણ જંગલમાં સેવા કરવા સાથે રાખો. શું હું આપની સેવાને લાયક નથી?

રામ—તારે તો નગ્રમાં રહી પિતાજીની સેવા કરવી યોગ્યછે.

ભરત—એવાં મારાં નશીબ ક્યાંથી કે હું તેમની સેવા કરૂં તે અગાઉ—

રામ—(ઉતાવળથી) શું શું? બોલ બોલ કાંઈ અનર્થ તો નથી થયું?

ભરત—(અશ્રુપાતથી) અરે! પ્રિયબંધુ, હું શું કહું, એ અસરકારક બનાવ કહેવો મારા નશીબેજ લખેલો. તમો નગરી છોડી જતાં વિયોગ સહન ન થવાથી આપણા પિતાજીએ—

રામ—શું પ્રાણ ત્યાગ કર્યો?

ભરત—(શોકાતુર થઇને) હા.

રામ-લક્ષ્મણ—

જગતનારે પ્રભુ પ્યારા—એ રાગ.

ગયા છોડી પિતા આ વાર આહાહાહા! આહાહાહા!
રહ્યો ન દુઃખ તણો તો પાર આહાહાહા! આહાહાહા!—ગયા છોડી

राम—

જગતનારે પ્રભુ પ્યારા—એ રાગ.

બંધુ માહરા નગરમાં જઈ કરો પ્રજાતણી સંભાળ,
હું આવીશ પાછળે તત્કાળ આહાહાહા! આહાહાહા!—ગયા છોડી.

वसिष्ठ—(ગદગદ કંઠે) હે રામ ને લક્ષ્મણ હવે ધીરજ ધરો. શોક કરવાથી શું થવાનું?

राम—અરેરે! હવે ધીરજ કેમ રહે! અમારા વિયોગથી દુઃખી થયેલી માતાઓને આ વીયોગ શું ઓછું દુઃખ આપશે માટે અયોધ્યામાં જઈ આપ તેમને ધારણા આપો

वसिष्ठ—હે રામ, ધીરજ શું, આ તારા વિયોગથી તો અયોધ્યાપુરી શોકમય થઇ રહીછે. તો માતુશ્રીના શોકનું શું પુછવું.

लक्ष्मण—(સીતાને આવતા જોઇને)

રાગ મરસીયો.

પડે ત્રુટી છભ્યા મારીરે કેવી દૈવે કીધી જુલમગારી,
ભાગ્ય ઊંધું વળ્યું આજ સાથે આવ્યા નાના કાજ.
મનમાં ઉઠીછે દાઝ લાગી ઉર કટારી—પડે.

सीता—(ગભરાઈને) અરેરે! બંધવ લક્ષ્મણ! આપ શું બોલોછો?

लक्ष्मण—(શોકાકુલીત થઈને) આપણા વિયોગથી પીતાજીએ દેહ ત્યાગ કર્યો.

सीता—(મૂર્છીત થાયછે. ને લક્ષ્મણ તેને સાવધ કરેછે.)

સોંધી કાફી.

વેરણ વિધાતા વેર દેવા લાગી વરસાવીને કેર,
સસરા પિતાજી તો ચાલ્યા ગયારે આણી ન મનમાં મેર—દેવા.
માતા કૌશલ્યાની શી ગત થઈ હશે સમજાય નહીં આણી પેર—દેવા.
હું હિણુ ભાગ્યેજ પાપણીરે સેવા રહી ન કરી ઘેર—દેવા.
પૂર્વ જન્મનાં પાપનો બદલો લેવા લાગી આણીપેર—દેવા.

(એમ કહી સર્વે સ્નાન કરવા જાયછે ને ભરતને સમજાવીને પાછો મોકલાવી આપેછે)

પ્રવેશ નવમો.

સ્થળ—પંચવટી.

રામ, લક્ષ્મણ, સીતા, વિદુશક, ને સુર્પણખા.

लक्ष्मण—પ્રિયબંધુ, આ ટેકરીઓ ચડઉતર કરતાં, પથરાની તીક્ષણ ધાર અને કાંટાથી પગમાં રક્ત નીકળતાં અને ઉન્હાળાનો સખ્ત તાપ સહન કરતાં જાનકીજી ઘણાંજ શ્રમિત થઈ ગયાં છે. માટે હવે પર્ણકુટી તરફ જઇયે તો સારૂં.

राम—ઠીક કહ્યું. (સીતાને) પ્રિયા, તારા સુખ માટે લક્ષ્મણને કેટલી ચીંતા છે.

सीता—(લક્ષ્મણને) તમારી આ અપૂર્વ ભક્તિનો બદલો હું શી રીતે વાળી શકીશ?

लक्ष्मण—આપ શું કહોછો? આપની બરદાસ એજ મારો ધર્મ છે. હું આપને માટે આ પાસેના ઝાડોમાંથી થોડાં ફુલ વીણી પર્ણકુટી તરફ આવુંછું.

राम—બહુ સારૂં.

विदुशक—(લક્ષ્મણને) લક્ષ્મણજી મને પણ સાથે લ્યો, કેમકે ભુખને લીધે મારા પેટમાં ઊંદર વીયાયા છે. માટે ચાલો હવે જલદી ઢીલ ન કરો. મારી પેઠે દોડતા ચાલો (દોડી જાયછે, લક્ષ્મણ તેની પાછળ જાયછે સીતા તથા રામ બીજી બાજુ ચાલવા માંડેછે તેવામાં સામે જોઈને)

सीता—સ્વામીનાથ, આવા જંગલમાં આવી સ્વરૂપવાન સ્ત્રી કોણ હશે?

राम—(જોઈને) એતો આકાશમાં ઉડનારી અપ્સરાઓમાંની કોઈ આ સાયંકાળની શીતળ હવાનું પ્રાસન કરવા નીકલી છે.

सुर्पणखा—(પ્રવેશ કરીને રામને નમન કરીને) અહો રાજ્યવંશી હું બધી જગ્યાએ મારે લાયક સ્વામી ગોતી વળીછું પણ આપના જેવા સ્વરૂપવાન ને શૂરવીર ક્ષત્રી ક્યાંય જોયેલ નથી. વળી હું પણ સૌંદર્યતામાં કંઈ ઉતરૂં તેમ નથી. (સીતા તરફ જોઇને) આને તો હું મારી મોટી બેન પ્રમાણે ગણીશ માટે કૃપા કરી દાસીનું વચન માન્ય રાખશો.

राम—હે સુંદરી! મારે તો આ પત્નિછે, તો બીજી ન કરવી એવો નિયમ છે માટે ગમન કર અને તને લાયક દરે એવો બીજો કંથ શોધીલે.

सुपर्णखा—શું તમે આ ચંચળાના બંધનમાં છો? અને ક્ષત્રી થઇ આવેલી લક્ષ્મી પાછી જવા દેશો? (એમ કહી નજીક જાયછે.)

राम—નપટ આ! વિચારીને આગળ ચાલ નહીં તો પછી વીચારવું પડશે.

सीता—તું ક્ષત્રી કન્યા થઇ આવી બેશરમ કેમ?

सुपर्णखा—બેહેન, આપણે તો જીંદગી સાથેજ ગાળવી છે ને ડરોછો કેમ? (રામને) સ્વામીનાથ! સ્વામીનાથ!

सीता—બંધકર તારૂં બોલવું ચંડાળ! સ્વામીનાથ કહેતાં શરમ આવતી નથી.

राम—(મનમાં) હવે આમાંથી ખરાબી થશે માટે સમજાવું. (પ્રકાશ) મારાથી તને વરાય તેમ નથી પણ જો તારે એવી ખચીતજ હોય તો આ પાછળના વનમાં જા ત્યાં મારો ભાઇછે તે તને વરશે. લાવ તારી પીઠમાં તેને હું તારી લાયકાતની ભલામણ લખું. (વાંસામાં રાક્ષસી છે માટે નાક વાઢી કહાડી મુકજે એમ લખેછે.)

सुपर्णखा—(મનમાં) આ પણ ઠીકછે, પગ પેઠા પછી ધારેલું કરતાં શી વાર. (પ્રકાશ) બહુ સારૂં આપની આજ્ઞા માથે ચડાવુંછું.

राम—જોયું, એ રાવણની બેન સુર્પણખા કેવી કપટ ભાવે આવી હતી.

सीता—(બીહીને) હેં! હેં! શું એ કપટ રૂપી રાક્ષસી હતી? અરેરે! ત્યારે તો કંઇ ઉત્પાત થશે માટે ચાલો લક્ષ્મણ પાસે. (એવામાં ભયભીત થયેલો વિદુશક આવેછે.)

राम—(વિદુશકને) વાસંતીક આટલો ભયભીત કેમ?

विदुशक—અરે! મને સંતાડો નહીં તો મારા પ્રાણ નીકલી જશે. (રામની પાછળ સંતાય છે.)

राम—વાસંતીક તું ડર નહીં ને બોલ કે થયું શું?

विदुशक—તમે જે બીના વાસામાં કંઈ લખી મોકલી હતી તેની

પીઠપર લખેલું વાંચી લક્ષ્મણજીએ એના વાળ ઝાલી જમીન દોસ્ત કરી નાક કાપ્યું કે તરતજ વર્ષાઋતુની વીજલી માફક રાક્ષણી થઇ ગઈ. અરે! પણ મને બચાવો.

राम—તું બી નહીં તારૂં કોઈ નામ ન લહે. ચાલો હવે આપણે પર્ણકુટી તરફ જઈએ (જાયછે.)

પ્રવેશ દશમો.

સ્થળ—પંચવટી પાસેનો પ્રદેશ.

રાવણ અને મારીચ.

रावण—આજે ઘણાંક વર્ષ થયાં તેં મારા આશ્રય તળે રહી આનંદમાં દીવસો ગુજાર્યા પણ આજે તારા જેવુંજ એક કામછે. તે એ કે પંચવટીમાં પર્ણકુટી બાંધી જે રહ્યાંછે ત્યાં તું સોનાનો મ્રગ બનીને જા ને એવો દેખાવ દે કે તેથી તે મોહીને રામ ને લક્ષ્મણ તારી પછવાડે આવે ને સીતા ત્યાં એકલી રહે, પછી જો બંદાની બહાદુરી.

मारीच—

બાજી ખેલી આફત ઝેલી—એ રાગ.

વાત આ મારી સુણુ આ વારી કહું તુજને પોકારી.
કરો કરો ન બેકરારી થાય થાય એમાં ખુવારી—વાત.

रावण—

બસકર બસકર વાત ધ્યાનધર કહું તુજને તે કામ કર,
જાઓ જાઓ જલદી જાઓ થાઓ થાઓ મૃગ થાઓ—બસ.

मारीच—

સારૂં સારૂં જાણ્યું વારૂં બનસે કામ આ નહારૂં,
થાશે થાશે આ અકારૂં નક્કી નક્કી દીલમાં ધારૂં—સારૂં.

रावण—ઠીક, ઠીક, જોઈ તારી ચતુરાઇ આટલાં વર્ષ થયાં તું તારી મોટાઈનાં બાકાં ફુકતો હતો અને ખરે પ્રસંગ આવ્યો ત્યારે અરૂંપરૂં સમજાવવા બેઠોછે. માટે વળી કહુંછું કે જા, નહીં તો આ મારી સમશેર તારૂં શીર છેદન કરશે.

(મારીચ મ્રગ થઈને જાયછે.)

પ્રવેશ અગીયારમો.

સ્થળ—પંચવટીમાં પર્ણકુટી.

રામ, લક્ષ્મણ, સીતા, વિદુશક, મૃગના સ્વરૂપમાં મારીચ અને જોગીને વેશે રાવણ.

वि.शक—(નિંદ્રામાં) બીજો-એક-લાડુ-મુક અરે એ પણ-ગટ-થઇ-ગયો-માટે-વલી-એક-બીજો-લાવ. અને દાળ-લાવ. હવે હું ધરાયો. પણ-એ-મહોર-દક્ષણા-લ-લ-લઈશ. શું મેં થોડા લાડવા ખાધાછે. કે એક મોહોર લઊં?

लक्ष्मण—અરે! બ્રાહ્મણભાઈ તો નિંદ્રામાંય લાડુ લાડુ જંખેછે. (ધબો મારીને) અરે! મુર્ખ શરમ નથી આવતી કે હજી સુધી સૂતોછે. (તેનો હાથઝાલી ઉઠાડેછે)

विदुशक—(આંખ ચોળતો ચોળતો લક્ષ્મણને જોઈને) અરર! લક્ષ્મણજી આ શું કર્યું?

लक्ष्मण—કરે શુ? એદીની માફક ઊંઘતો હતો ને લાડુના ખોટાં ફાંફાં મારતો હતો તેમાંથી જાગૃત કર્યો.

विदुशक—અરે પણ મને તો ભુખ લાગીછે માટે ઢોર નિકળવા અગાઉ પાસેના જંગલમાં જઇ કંદમુળ ખાઈ પેટ ભરી આવું (જાયછે.)

राम—જાગૃત થવાની સાથે સૂર્યને નમન કરી (લક્ષ્મણને) લક્ષ્મણ, વાસંતીક ક્યાંછે? કેમ દેખાતો નથી?

लक्ष्मण—મહારાજ આપ જાણોછો કે તે ભુખાળવો છે તેથી તે ઉઠતાં વેંતજ પાસેના જંગલમાં કંદમુળ ખાવા ગયો છે.

राम—બહુ સારૂં, ચાલો ત્યારે આપણે પાછળના તપોવનમાં ગૌતમ ઋષિનું આશ્રમ છે ત્યાં જઇ તેમનાં દરશન કરીએ.

सीता—પ્રાણનાથ જેવી આપની ઈચ્છા (તેવામાં સામેથી સોનાને, મૃગ આવતો જોઈને) સ્વામીનાથ, પેલા ઝાડ નીચે સુંદર ઘાસ ચરતું જાનવર દેખાયછે તે શું હશે?

राम—પ્રિયા હું ધારૂંછું કે તે મૃગછે અને તેનું આખું શરીર સુવર્ણ-મય જણાયછે.

સીતા—શું એ સુવર્ણનો મૃગછે ત્યારે તો—

એજી સુંદુ સાવરે ભોસે સૈંયાં—એ રાગ.

એજીપ્યારા અરે મુજ ભરથાર છો તમે હૈયાના હારરે–પ્યારા.

આહા એ મૃગ સોનેરી જોએ મુજ મનમાં હર્ષ ન માયરે–પ્યારા.

એજી એને કરો બાણુનો પ્રહાર એને મારી કરોને ઠારરે–પ્યારા.

આહા મૃગછાલ કંચુકી કરવી જઈ ઘર વિષે સંઘરવીરે–પ્યારા.

રામ—

ચલીગો તમામ ભીલ—એ રાગ.

કપટરૂપી છે જાણુ એ મૃગ તો નિરવાણુ,

કરૂંછું તુજને જાણુ જણાય એહ તો પ્રમાણુ.

નકર એહની તું તાણુ નહીં તો થશે એ હાણુ.

સીતા—

નહીં નહીં નહીં જાઓ પિયુજી તહીં,

કરી બાણુનો પ્રહાર મારીને લાવો એ અહીં.

કરવી કંચુકી સાર મારે એહની નિરધાર.

રામ—હું તેને મારવાની ના કહેતો નથી પણ તે કોઇ ઋષિનો હશે તો આપણને શ્રાપ દેશે.

સીતા—આપણે સર્વે ઋષિસ્થાને ઋષિઓનાં દરશન કરવા ગયાં હતાં પણ ક્યાંએ આવો મૃગ દીઠો નહતો પણ આપની મરજી તેને મારવાની નહોવાને લીધે એમ બોલોછો.

રામ—વાહ! એ શું કહેછે? તારી ઈચ્છા જો એમજછે તો હું જાઊંછું (લક્ષ્મણને) બંધુ હું ફરી આવું ત્યાં સુધી સીતાથી દુર જઈશ નહીં.

લક્ષ્મણ—જ્યેષ્ટબંધુ જેવી આપની આજ્ઞા. (રામને જાતાં જોઈને) જોયું કે ધનુષ્યનો અવાજ સાંભળતાંજ મૃગ અદ્રશ્ય થઈ ગયો.

સીતા—ત્યારે એ શી રીતે હાથ આવશે!

લક્ષ્મણ—માતુશ્રી તમે નિશ્ચીંત રહો ગમે તેમ હશે તો પણ રામબાણુ પાછું નહીં ફરે. (નેપથ્યમાંથી દોડ લક્ષ્મણુ મારી વારે ચડ.)

સીતા—(ભયભીત થઈને) લક્ષ્મણજી, આ અવાજથી મને તમારા બંધુ સંકટમાં ફસાયા હશે એમ જણાયછે માટે વીલંબ ન કરતાં જલદી જઈને સહાયતા કરો.

लक्ष्मण—માતુશ્રી એમ બેહબાકળા શામાટે થાઓછો? રામચંદ્રને રોપનાર ત્રીભુવનમાં હું કોઇ દેખતો નથી.

सीता—ત્યારે શું? આ અવાજ થયો તે ખોટો? અથવા શું તમારા સાંભળવામાં આવ્યું નહીં? અરે કેવો કરૂણામય સ્વર સંભળાયો? માટે હું ધારૂંછું કે, કદાચ અસુરના દારૂણદળ વચ્ચે સપડાયા હોય, તો પોતાનો બચાવ શી રીતે કરી શકે?

लक्ष्मण—મને ખાત્રી છે કે, રામબાણ સામે કોઇ પણ ટકી શકે નહીં.

सीता—ત્યારે શું સંકટમાં સપડાયા સીવાય મદદ માગી?

लक्ष्मण—હું નથી ધારતો કે એ બોલો રામચંદ્રજીના હશે. કદી કોઇ અસુરે કપટથી એવો સ્વર કાઢયો હોય તો?

सीता—(મશ્કરીમાં) હા, હું હવે સમજી. તમને જીવ વધારે વહાલો લાગેછે.

लक्ष्मण—માતાજી એ દોષ મારી ઉંપર ન મૂકો, જો એમજ હોત તો અહીંયાં શા માટે આવત?

सीता—લોક લજ્જાએ. જો પ્રિતી ભાવે આવ્યા હો! તો તમો આવા સંકટના સમયે મદદે જવામાં વિલંબ ન કરો.

लक्ष्मण—

આજ તખ્તપર બેઠો જ્યારે—એ રાગ.

માતુ અયે મારી વદો વિચારી બોલોછો શું આ મુખથી વચન,
શક્તિ સહન કરવા નહીં મુજને વાકયો આપના જેછે કઠન.
એશું બોલોછો માતાજી જુઓ વિચારીને મન,
ધારત જો એવું તો હું આવત નહીં વન.
કરૂં અરપણ મુજ બંધુ પર તનમન—એ શું.

સારૂં માતાજી, આપના કટાક્ષરૂપી વાકયોથી રામચંદ્રજીના હુકમનું ઉલ્લંઘન કરી તમારી મરજી મુજબ જાઊંછું. પણ યાદ રાખજો કે, તમારા આ બોલો માટે તમારે વિચારવું પડશે. ચાલો તમે પર્ણકુટીમાં બેસો. (સીતાને પર્ણકુટી પાસે જતાં જોઈ.) ગમે તેમ તો પણ સ્ત્રીની મતી પાનીએ. આટલું આટલું કહેવા છતાં પોતાની જીદ પકડી રહેછે.

(પર્ણકુટીની ચારે બાજુ લીટી દોરીને) આખરે ન ચાલતે મારે જવું પડેછે. પણ તમારે આ લીટીથી બહાર પગ મૂકવો નહીં. અને કોઈપણ મનુષ્ય અથવા પ્રાણી એનું ઉલંઘન કરી અંદર આવશે તો તે હું રામ આજ્ઞાથી કહુંછું કે બલીને ભસ્મ થાશે. (જાયછે.)

सीता—(માન શુકન જણાવાથી)

હયે હયે રે હએરાની આજ મેને પાઈ—એ રાગ.

હાય હાયરે માન સુકન મુજને થાયે જીવ અતીસે મુજ ગભરાયે,
હાય હાયરે નેત્ર જમણું મુજ મીચાય અંગ ફડકલાં મુજ આયે—હાય.
હાય હાયરે મુજ મનમાં લાગી છે લાયે મતી મારી જાય મુંઝાયે,
હાય હાયરે હું જાણીં એકલી ક્યાંરે મારૂં રહ્યું ન કોઈ અહીંયાંરે—હાય.

અરેરે! લક્ષ્મણજી હજી કેમ નહીં આવ્યા મને શંખણીને એ શું મતી આવી અરે માનસુકન અતીસે થાયછે ખરેજ કાંઇ વિપરીત કામ થવાનું છે.

रावण—(જોગી વેશે પ્રવેશ કરીને)

દેખો મેરા કમાલ કીયા કયેસા મેને હાલ—એ રાગ.

જુઓ જુઓ મુજ હાલ થયોછું હું બેહાલ,
કરીકરીને સંભાળ આવ્યોછું વન વિષે.
રામ છોડી ઘરબાર ગયો કરવા શીકાર,
ઘરમાં સીતા એકલી નાર આહા મુજને દીસે—જુઓ.
જાણીં જાણીં એહને ઘર કરૂં કરૂં મુજ હુંનર,
જાણે આવ્યો જોગી નર એવું ધારે મન વિષે.
જ્યારે દીયે ભીક્ષા એહ ત્યારે તેને કેવું તેહ,
લાવો લાવો ભીક્ષા જેહ આપોછો તમે તેહ—જુઓ.
આપે તે મને જેણીવાર લઇ લણીં કરની મોજાર,
કરૂં એહનો શીકાર જરા નેત્રો દીસે.
રખડતો કરૂં હું રામ લીયે નહીં મુજ નામ.
લઇ જાણીં મારે ધામ રાખું ઘરની વિષે—જુઓ.

આહા! એજ મારા મનને લલચાવનારી સીતા અરે! એના રૂપ પાસે ઇંદ્રની અપ્સરાઓ પણ દાસી પદને યોગ્યછે. પણ તેનાં વખાણ કરવાથી શું ફાયદો થવાનો છે. માટે હવે તો ઢીલ ન કરતાં સત્વર લઇ જવી એજ સારૂંછે. (પર્ણકુટી પાસે જઈને) અ-હ-લ્લેક.

सीता—(દરવાજા પાસે આવીને) માહારાજ દયાકરી મારા સ્વામીનાથ આવે ત્યાં સુધી ખોટી થાઓ તો ભીક્ષા દઇશ.

रावण—(ગુસાથી) શું તારા પતીયે જોગીઓને ભીક્ષા આપવાની ના કહીછે ?

सीता—નહીં મહારાજ ભીક્ષા આપવાની ના નથી કહી, તો પણ આ મર્યાદા લીટીથી બહાર આવીને દેવામાં અડચણ છે, અને ઉંબરા વચ્ચે રહી ભીક્ષા દેવામાં અતિ દોષાંતર છે.

रावण—એમ હોય તો હું પોતે મઢીમાં આવી ભીક્ષા લઉં. (આગળ જવા માંડેછે.)

सीता—(ગભરાઇને) મહારાજ ત્યાંજ ઉભા રહો, આગળ વધશો નહીં, આ લીંટીની આજુબાજુ પગ મુકશો તો બળી રાખ થશો. માટે ત્યાંજ ઉભા રહો હું ભીક્ષા લાવુંછું. (મઢીમાં જાયછે.)

रावण—(મનમાં) નખોદનો પાયો ! સીતા જો એમ ન ચેતાવત તો મારા શું હાલ થાત !! સીતા લેવાજતાં હું પોતે શીતળ થઇ જાત.

सीता—(હાથમાં કંદમૂળ લઇને) લ્યો માહારાજ, આ ભીક્ષા.

रावण—અહો સતી, ઉંબરા વચ્ચેથી આપેલી ભીક્ષા મને કામ આવતી નથી. આપવાની મરજી હોય તો આ પાવડી ઉંબરા ઉપર મુકુંછું તે ઉપર પગ મુકીને આપ એટલે તને કાંઇ દોષ લાગશે નહીં. (પાવડી ઉંબરા ઉપર મુકેછે.)

सीता—વારૂ તપસ્વી તેમ લ્યો. (પાવડી ઉપર પગ મુકી ભીક્ષા આપેછે.)

रावण—(મનમાં) આજ મને ઈચ્છિત મળ્યું. (એમ કહી સીતાને ઉપાડી જાયછે.)

सीता—(ભયભીત થઇને) સહાય કરો પ્રાણનાથ ! !

द्वितिय अंक समाप्त.

અંક ૩ જો

પ્રવેશ પેહેલો.

સ્થળ—જંગલ.

લક્ષ્મણ.

लक्ष्मण—અહો! વિશ્વંભર તારી ગતીનો પાર નથી. વડીલ ભ્રાત સંકટમાં ફસાયાનો અવાજ સાંભળી તેની મદદે ધાયો પરંતુ તેનો પતો ન મળતાં પાછો પર્ણકુટીમાં ગયો ને ત્યાં જઇ જોઉંછું તો સીતા ન મળે! અરે સ્વયંભુ આ તારી મારા ઉપર શી અવકૃપા થઇ કે હું રામ આજ્ઞા તોડી સીતાના કેવાથી તેની પાછળ ગયો અને પછવાડેથી આવું અઘોર કૃત્ય બન્યું. અરે! પણ રામ ક્યાં હશે, ચાલ હવે તો તેને શોધી કહાડું. (જાયછે.)

પ્રવેશ બીજો.

સ્થળ—સરિતા.

રામ અને લક્ષ્મણ.

राम—સ્ત્રી જાતી ગમે તેમ થાય તો પણ હઠ ન મુકે, મેં કહ્યું કે એ કપટરૂપી મૃગ છે છતાં ન માનતાં પોતાનીજ હઠ પકડી રહી અને અંતે તે મૃગ બાણના પ્રહારથી રાક્ષસરૂપ થઈ મૃત્યુ પામ્યો. માટે ચાલ હવેતો તૃષા લાગીછે તેથી આ નદીમાંથી થોડું જળ પીને પછી પર્ણકુટી તરફ જાઉં. (પાણી પીધા બાદ પર્ણકુટી તરફ ચાલવા માંડેછે. ત્યાં સામેથી લક્ષ્મણ આવેછે તેને) અરે લક્ષ્મણ તું સીતાને એકલી મૂકી આમ ક્યાં જાયછે ને આમ ભયાનક કેમ?

लक्ष्मण—અરે બંધુ શું વાત કહું, તમારા ગયા પછી અચાનક "દોડ લક્ષ્મણ સહાય થા" એવા બોલો સાંભળવાથી સીતાજીએ મને ઘણાંજ કટાક્ષરૂપી વાક્યો કહી તમારી સહાય કરવા મોકલ્યો તેથી હું ઘણું ફર્યો પણ તમે મને મળ્યા નહીં, એટલે હું પાછો

પર્ણકુટી તરફ ગયો ને જોયું તો ત્યાં સીતા મળે નહીં જેથી શોકાકુલીત થઇ પાછો ફર્યો ને આજુબાજુ બધે જોઈ વળ્યો પણ ક્યાંય પતો મળ્યો નહીં.

રામ—(ઉદાસ થઈને) અરે ઇશ્વિર આવું મેં કયું અઘોર કૃત્ય કર્યું હતું કે જંગલમાં પણ આવું કષ્ટ પડયું. (એમ કહી સરિતાને પુછેછે.)

પુરૂષારથ ચારેનું—એ રાગ.

સરિતા હે તું વધાઈ પ્રિયા મારી આવી શું આંહી,–સરિતા.
ફરી ફરી હું શોધીને થાક્યો નેત્રો જાય અંજાઈ.—પ્રિયા.
કમળ નયની મૃગધ્વજ બાળા શરીર જાએ સુકાઈ—પ્રિયા.

અરે નદી તરફથી પણ મારા પ્રશ્નનો પ્રત્યુત્તર મળ્યો નહીં માટે ચાલ આ સામે પર્વત દેખાયછે તેને પુછું (પર્વત પાસે જાયછે.

જ્યાં પતિવ્રતનું પાલનં થાએ—એ રાગ.

બોલ પરવત વેહેલો જલદી જાનકી ક્યાં છે મારી,
ફરી ફરી હું શોધીને થાક્યો સુખ–શાંતિને વિસારી.
ઉચી ગઇ ટોચ તારી દીસેછે તું દયા ધારી.

(પર્વત તરફથી પણ જવાબ ન મળતાં દીલગીર થાયછે તેથી લક્ષ્મણ દીલાસો આપેછે, ને બંને સીતાની શોધ કરવા નીકળેછે.)

પ્રવેશ ત્રીજો.

સ્થળ—વન.

લક્ષ્મણ.

લક્ષ્મણ—સગરે મયેં ભટક ફીરા—એ રાગ.

ફરી ફરી મુજ મતી મુંઝાય ધડક ધડક હૃદે થાયે,
હું કેમ કરૂં ક્યાં જાઉં થરથર કંપેછે મુજ પાયે.
હું છતાં આ આમ થશે શું આ સ્થળ વનની અંદરરે.
શોધું શોધું સીતા તન મનથી ન મળે તો છાંડુ કાયે-ફરી-

પ્રવેશ ચોથો.

સ્થળ—રસ્તો.

રાવણ, સીતા અને જટાયુ.

(રાવણ સીતાને લઈ જાયછે.)

સીતા—હે સ્વામીનાથ, શું મેં તમારી આજ્ઞા ઉલંઘન કરી લક્ષ્મણને તમારી પાસે મોકલ્યા તેથી મારી ઉપર રોશે ભરાયા! અને એમ હોય તોપણ આ વખતે મારાપર દયા લાવી આ દુષ્ટની જાળમાંથી મને છોડાવો. (એવામાં જટાયુ નામનું એક જબર પક્ષી આકાશમાં ઉડતું આવેછે.)

જટાયુ—(રાવણ પ્રત્યે) અરે! સંમુર સમુર ઓ ચંડાળ, જનકકુમારીને કયાં લઈ જાયછે? તારો પાપનો ઘડો હવે પુર્ણ થવા આવ્યોછે માટે સીતાને નીચે મુકી મારી સાથે યુદ્ધ કરવા તૈયાર થા.

રાવણ—અરે! અલ્પજીવ તને તારૂં મોત બોલાવેછે કે શું? જો તું જીવવાની આશા રાખતો હો તો પાછો ચાલ્યો જા. તું મને ઓળખેછે કે હું કોણછું?

જટાયુ—હા હું તને સારી રીતે જાણુંછું કે તું એક કપટી, ચોર ને બીકણ નિશીચર છો. સંગ્રામથી બીનાર એવો તું દશમુખ રાવણ છે.

રાવણ—અરે ગર્વિષ્ટ પ્રાણી તને પક્ષી જાણી જીવતો મૂકવાનો મારો વિચાર હતો પણ તારાં આ તુચ્છ વાકયો સાંભલી મને અતિ રોશ ભરાયોછે. માટે હવે હું તારો જીવ લીધા સીવાય છોડનાર નથી. (ધનુષ્યપર બાણ ચડાવી તેને મારેછે.)

જટાયુ—બાણ ચુકાવી તેને ચાંચોનો માર મારેછે.

રાવણ—(પાછો હઠીને મનમાં) અહા! એની શકિત તો ઘણી જણાયછે માત્ર એક ચાંચમાં લાખો બાણ જેટલી મને વેદના થાયછે (બંને પરસ્પર યુદ્ધ કરેછે, તેમાં જટાયુની પાંખ કપાવાથી તે નીચે પડેછે ને રાવણ સીતાને લઇ ચાલવા માંડેછે.)

સીતા—(હાથમાં નેપૂર લઇને) અહો નેપુર મારી સહાય કરનાર અહીંઆં કોઇ નથી, તો તુંજ દયા લાવી રામને મળજે.

(નેપૂર પૃથ્વી ઉપર ફેંકેછે.)

પ્રવેશ પાંચમો.

સ્થળ—કિષ્કંધા પાસેનો પ્રદેશ.

રામ, લક્ષ્મણ, વિદુશક અને હનુમંત તથા વાનરો.

राम—

કોઈ હાલ કહો જાકે—એ રાગ.

હશે ક્યાં તું મુજ પ્યારી જનકતણી તું કુમારી,
શોધી શોધી થાકયો હું વનમાં ખબર ન મલી દીલદાર,
હશે ક્યાં તું જીવનહાર અરેરે પ્યાર અહો મુજ નાર.—હશે.
સહાય કર તું ઇશ્વર મારી લે આવી મુજ સાર,
છો તું જગનો પાલનહાર દીનદયાલ થા સહાય આ વાર.—હશે.

અહો! દૈવ તારી જેના પર અવકૃપા થઈ તેનું તો ભાગ્યજ ફર્યું. મને પણ તેં શું થોડું દુઃખ આપ્યું છે! રાજપાટ છોડાવી, માતા પીતા અને સ્નેહીઓથી છુટો પડાવ્યો, અને છેવટે પ્રિયા—પત્નિથી વીયોગ પાડયો, તોપણ અરે! ઘાતકી નશીબ, તું મારી પાછળને પાછળ કેમ લાગ્યુંછે.

विदुशक—(પ્રવેશ કરી લાકડી ઉગામીને) પ્રિય મિત્ર, પાછળ હોય તો બતાવ એટલે એ નિરદય નશીબને આ લાકડીથી ઝપેટી નાખું.

राम—વાસંતિક, એ તારાં ટાયલાં આજ મને કંટાળો આપેછે માટે તે બંધ કર ને લક્ષ્મણ જ્યાં હોય ત્યાંથી બોલાવી લાવ.

विदुशक—બહુ સારૂં મહારાજ, (જાયછે તેવામાં સામેથી લક્ષ્મણ, હનુમંત તથા વાનરોને આવતા જોઈને) મહારાજ લક્ષ્મણજી તો આવ્યા, પણ વળી એમની સાથે પેલા બે લાંબા લાંબા નાક ને પુછડાંવાળા કોણ આવેછે? એને જોઇને મારો તો જીવ નીકળી જાયછે. (એમ કહી રામની પાછળ સંતાય છે.)

राम—બોલ બોલ લક્ષ્મણ, કેવા ખબર લાવ્યો? અને આ કપીઓ તારી સાથે ક્યાંથી?

लक्ष्मण—મહારાજ, હું આ સામેના ડુંગર ઉપરથી આવતો હતો તેવામાં નીચેની ગુફામાં આ બને જણો વાતો કરતા હતા તે સાંભળી તેની પાસે ગયો ત્યાં એકના હાથમાં સીતાજીનું આ નેપૂર જોયું. (એમ કહી નેપૂર રામને આપેછે.)

राम— શું નેપુર? ને તે વળી સીતાનું.

મુજ ઉપર ગુજરી—એ રાગ.

અતિ આનંદ ઉપજે ઉર માંહી મમ પ્યારા,
આ નેપુર આવ્યું આજે હાથમાં મારા—અતિ.

હું લઊં ચુમન આ નેપુરને આ વારા,
આ પેહેરનારીપર હશે દુઃખની ધારા—અતિ.

વળી નેપુર આવ્યું હાથ તમોને ક્યાંથી,
મળ્યું હોય જગો તે બતાવો મુજને ત્યાંથી—અતિ.

हनुमंत—મહારાજ, હું દક્ષિણ દિશા તરફ ફળ અહાર કરવા ગયો હતો ત્યાં આ નેપૂર રસ્તામાં મારી નજરે પડ્યું તે મેં લઇ લીધું.

राम—કિષ્કિંધા નગરી નજીક હોવા છતાં દક્ષીણ દિશા તરફ ફળ અહાર કરવા જવાનો સબબ શો?

हनुमंत—સાંભળો મહારાજ, કિષ્કિંધાનું રાજ વાળી ચલાવતો હતો ત્યારે સુગ્રીવ પણ તેની સાથે રહેતો હતો, તેવામાં એવો બનાવ બન્યો કે, એક દિવસે એક પ્રબળ અસુરે આવી વાળીને તેની સાથે યુદ્ધ કરવાનું કહ્યું, તેથી વાળી તે રાક્ષસ સામે લડવા લાગ્યો તેમાં રાક્ષસે પોતાની હાર થતી જોઇ નાસવા માંડ્યું અને તે એક ગુફામાં ભરાયો. વાળી પણ સુગ્રીવની સાથે તે ગુફા આગળ આવ્યો અને પોતે અંદર જતી વખતે સુગ્રીવને કહ્યું કે એક માસ સુધી મારી વાટ તું અહીંયાં જોજે તેટલી મુદતમાં જો હું ન આવું તો તું મારી આશા છોડી કિષ્કિંધાનું રાજ ચલાવજે. હવે સુગ્રીવે એકને બદલે બે માસ વાટ જોઈ પરંતુ વાળી ન આવવાથી આશા છોડી તે ગુફા ઉપર શીલા મુકી કિષ્કિંધાનું રાજ પોતે ચલાવવા લાગ્યો. પછી કેટલાક દિવસ વિત્યા બાદ વાળી અસૂરનો નાશ કરી પોતાની નગરીમાં આવ્યો, ને સુગ્રીવને રાજ ચલાવતો જોઇ ક્રોધાયમાન થઈ કહ્યું કે તને રાજ જોઇતું હતું તેથીજ તું પેલી ગુફા ઉપર શીલા મૂકી ચાલતો થયો. એમ કહી સુગ્રીવને મારી કાઢી મૂક્યો ને તેની સ્ત્રીને પોતાના મેહેલમાં રાખી.

राम—ત્યારે શું વાળી એવો બળવાન છે કે તેને તમો શીક્ષા કરી શકતા નથી.

हनुमंत—હા મહારાજ, તેને એક એવું વરદાન છે કે, જે કોઈ તેની સામે લડવા આવે તેનાપર તેની દૃષ્ટિ પડતાં લડવા આવનારની અરધી શક્તિ વરદાનના પરિબળથી વાળીમાં ખેંચાઈ આવેછે તેથી તેની સામે રહી કોઈ ફતેહમંદ થતું નથી.

राम—શું એને વરદાન છે? ત્યારે તો—

અરે અન્યાય આ રીતે—રાગ.

અરે જુલમ આતે કેવો, કરેછે દૈત્યના જેવો,
મારૂં હું તેહને આ વાર, હશે કિષ્કંધામાં તેઓ.—અરે.
લાવી ખબર સીતાની સાર, કીધો મુજપર અતી ઉપકાર,
માનું હું તેહનો આભાર, હશે કિષ્કંધામાં તેઓ.—અરે.
પત્નિ સુગ્રીવ તણી જે સાર, કરેછે વાળી તેહને ખ્વાર,
કરૂં હું તેહને જઈ ઠાર, હશે કિષ્કંધામાં તેઓ.—અરે.

(એમ કહી કિષ્કંધા જઇ વાળીને મારી સુગ્રીવને રાજ્યાસન સોંપી હનુમંતને સીતાની શોધ કરવા મોકલે છે.)

પ્રવેશ છઠો.

સ્થળ—અશોકવાડી

સીતા, હનુમંત, ત્રીજટા અને રાવણ.

(હનુમંત હાથમાં અક્ષયકુમારનું મસ્તક લઇ આવેછે.)

हनुमंत—(સ્વગત) રામ કૃપાથી નિરવિઘ્ને લંકામાં આવી કેટલાક અસૂરોનો નાશ કર્યો અને આખરે રાવણના અક્ષયકુમારનું શીષ છેદ્યું. પણ તેથી શું થયું હવે તો વિભીષણના કહેવા પ્રમાણે સીતા જો આ અશોકવાડીમાં હશે તો હું જરા વિસામો લઈશ એટલી વારમાં નજરે આવશે. (એમ કહી ઝાડ પર બેસેછે.)

સીતા—(વિલાપ કરતી આવેછે.)

અરે, અરે, અરે કીરતાર—એ રાગ.

અરે અરે તું સરજનહાર,
આહા મુજ દુઃખ તણો તો આવ્યો નહીં કંઈ પાર
હાય હાય હાય—અરે.
એક તો મુજથી છુટા મુજ સ્વામી બીજે લક્ષ્મણ સાર,
ત્રીજે આવી હું લંક ભુવનમાં કરે કોણ મુજ વાર,
કરો રક્ષણ મારૂં આવી ને પ્રાણ આધાર
હાય હાય હાય—અરે.
શું સ્વામી મુજ આવ્યા નહીં ને લીધી નહીં મુજ સાર,
જીવ અતી ગભરાય છે મારો સમજો તમે સરદાર,
લીઓ સાર અમે મારી આવીને જીવનહાર
હાય હાય હાય—અરે.

ત્રિજટા—(પ્રવેશ કરીને) દિવસે વિલાપ, રાતે વિલાપ, ઉઠતાં વિલાપ, બેસતાં વિલાપ, વિલાપ વિલાપને વિલાપ વિના બીજી વાતજ નહીં અહોનીશ એવી રીતે વિલાપ કરશે તો શી રીતે બચશે! (સીતા પાસે જઇને) સખી સીતા આજ તું કેવા વિચારમાં છે?

સીતા—સાંભળ ત્રીજટા, રાત્રે મને સ્વપ્ન આવ્યું, કે જાણે એક સોભાગ્યવંતી સ્ત્રી એક હાથમાં ચંદનપાત્ર અને બીજા હાથમાં ફુલની છાબ લઇ રામચંદ્રજીની સેવા કરતી હતી.

ત્રિજટા—એ સ્વપ્ન તો શુભ સૂચક છે.

સીતા—ત્રિજટા, તું કહેછે તે ખરૂં, પણ જ્યાં સૂધી મારા પ્રિયપતી મારો સ્પર્શ નથી કરતા ત્યાં સૂધી મારૂં જીવતર નકામું છે.

હનુમાન—(મનમાં) સ્પર્શ! જ્યારે રામચંદ્રજીની સ્થિતી જોશો ત્યારે ખબર પડશે.

સીતા—(વિચારીને) પણ હું શું બોલુંછું, આતો રામના ઉપર ખોટો દોષ મૂકુંછું. કારણ કે તેને તો ખબરજ નહીં હોય કે હુ અહીંયાં છું.

ત્રિજટા—હવે તું બરાબર બોલી.

(રાવણ ગુપ્ત રીતે બાગમાં પ્રવેશ કરેછે.)

સીતા—સખી ત્રીજટા, આ અશોકવન કેમ કંપવા લાગ્યું ?

ત્રીજટા—(આસપાસ જોઇને) મને લાગેછે કે રાવણ તને વશ કરવાની ઈચ્છાએ આવતો જણાય છે.

(રાવણ સીતા પાસે આવેછે ને સીતા મુખ ફેરવી બેસેછે.)

રાવણ—પ્રિય, જાનકી, શોક કરવાથી શું થવાનું છે. અને હું કહુંછું તે તરફ ધ્યાન આપ.

આ જગમાં સુખ ભોગવાની—એ રાગ.

ચાહીશ જો મુજને તો સુખ તુજને સાંભળ કહુંછું આજ પ્રિયા,
કહુંછુ તુજને કે તું મુજને આલિંગન આવી દેતું અહીંયાં.—ચાહીશ.
અતિ આતુર છે મુજ મન પ્યારી મળવાને તુને હયે નાર,
મળ તું આ વાર આવી દીલદાર કહુંછું તુજને આજે ત્રીયા.—ચાહીશ.
રાણી થાશે લંકાપતિની મળશે લક્ષ્મીરાજ આ વાર,
આવી દીલદાર કર મુજથી પ્યાર દુઃખ તાહરાની છે આ ક્રીયા.—ચાહીશ

સીતા—

પાપી ચુપ પાપી ચુપ પાપી ચુપરે—એ રાગ.

દુર દુર દુર દુર દુષ્ટ દુરરે,
અયે હેવાન છોડ નહીં જ્ઞાન ભૂલી જા નહી સાન,
કર ન મુજ અપમાન બન નહીં તું નાદાન—દુર.
જો વિચારીને માન થા અરે ના હેવાન,
લઉં તારો હું તો પ્રાન પણ નથી મુજને ભાન—દુર.

રાવણ—

અયે શાહે હુસ્ન—એ રાગ.

સમજી પ્રિયા તું માહરી સત્વર ગલે લગાવ,
મરજી જે હોય તાહરી જલદી મુજને જણાવ—સમજી.
કરવા થકીછે ફાયદો શું હઠથી બતાવ,
પશુ સમાન ન મુજને તું અરે પ્રિયા બનાવ—સમજી.
કરી વિચાર મનવિષે જલદીથી અહીં આવ,
માનીને કેહેવું માહેરૂં નહીં મુજને સતાવ.—સમજી.

સીતા—　　રાગ ઉપરનો.

અરે દુર મુવા દુર નહીં મુજને તું સતાવ,
કાળું આ મુખ તાહેરૂં નહીં મુજને દીખાવ—અરે.

અરે મુંઢ મુવા મુજને તું વિચારીને બોલાવ,
માતુ સમાનછું હું તારી નહીં મુજને રીબાવ—અરે.
આ સમય સંકટનો છે રામ આવી તું બચાવ,
સહાય કર તું મારી આવી પાપીથી છોડાવ—અરે.

रावण—સીતા! હઠીલી સીતા! તું તારો હઠ છોડતી નથીતો મારી આ સર્પણરૂપી સમશેર તારા કંઠનું છેદન કરશે.

सीता—અહો કૃપાણુ સમશેર, રામના વિયોગરૂપી દુ:ખથી આ મારા સુકાતા કંઠને તારી અમૃતરૂપી ધારનું પાન કરાવ.

रावण—અરે કોઈ છે કે? (પછવાડે હાથ કરીને) લાવ ખપર તેમાં સીતાના કંઠનું રૂધીર ઝીલું.

हनुमंत—(પછવાડેથી) રાવણના હાથમાં અક્ષયકુમારનું માથું આપેછે.

रावण—(મસ્તક જોઈને) અરે આ ખપર તો નહીં પણ કોઈનું છેદેલું માથું જણાય છે. (જોઇને) અરે! આતો મારા પ્રિય પૂત્ર અક્ષયકુમારનું શીશ છે. (ગુસાથી) આ કૃત્ય પેલા દુષ્ટ વાનરનું છે માટે લાવ પેહેલાં તો તેને ઠાર કરૂં. (જાયછે.)

हनुमंत—(મનમાં) મોઢું ધોઈને આવજે મોઢું ધોઇને.

એટલું કહી હનુમંત વાડીના પાછળના ભાગમાં જઈ ઝાડો ઉખેડી ફળ નીચે ખંખેરી ખાવા માંડેછે, ને રાવણ મેઘનાદને હનુમંતને બાંધી લાવવા મોકલેછે, હનુમંત બ્રહ્મપાસથી બંધાઈ રાવણ પાસે આવેછે રાવણ તેને મારવાને બદલે પુંછડું સળગાવવાનો દુતોને હુકમ કરેછે. પુંછડું સળગાવવાથી હનુમંત આખી લંકાં સળગાવી સમૂદ્રમાં શાંત થઇ સીતાજી પાસે આવેછે.

त्रिजटा—પ્રિય જાનકી? તું ભાગ્યશાળી, કે બચી.

सीता—હત્ ભાગ્યનીજ કહેને, રામ વિયોગથી શાંત્તિ પમાડનાર જે સમશેર તેણે મારો તિરસ્કાર કર્યો ત્યારે હું કમ નશીબજ. નહી? ત્રીજટા! તુંજ હવે મારી ઉપર કૃપા કરી આ વનમાંથી થોડાં લાકડાં વીણી ચિત્તા ખડકી દે કે જેમાં પડી રામ વિયોગથી દુ:ખી થતી આ દેહનો અંત આણું. ઉઠ સત્વર તું ચેહની તૈયારી કર. (ત્રીજટાએ તેના કહેવા ઉપર ધ્યાન ન આપ્યું તેથી) ઠીક ત્યારે તું લક્ષ નથી આપતી તો હું પોતેજ ચેહ તૈયાર કરૂંછું. (નેપથ્યમાં જાયછે.)

ત્રીજટા—(મનમાં) મનુષ્ય અવતાર જે દેવતાઓને પણ દુર્લભ છે, તે પણ કેટલેક પ્રસંગે મનુષ્યને કેવો અણુગમતો થઈ પડેછે. અરે! જેને મેળવવા માટે હજારો રાજાઓ માંહોમાંહે લડવા અને લાખો યોદ્ધાઓનો નાશ કરવા તત્પર થયા હતા તેજ સ્ત્રિ આજે નિરાધારપણે પરાધીન થવાથી પોતાની જીંદગીથી કંટાળી પ્રાણ ત્યાગ કરવા તૈયાર થઈ છે. (નેપથ્યમાં જોઇને) સીતા વ્હાલી સીતા, એટલી ઉતાવળ શાને કરેછે? ધીરજ ધર, ધીરજથી સર્વ આશા પૂર્ણ થાય છે. જેઓ સમજુ છે તેઓજ દુઃખમાં ધીરજ ધરી દીવસ ગુજારેછે.

सीता—(બહાર આવીને) બાઈ તારાં દીલાસાના વચન પ્રમાણે મેં આટલા દીવસ નિર્ગમન કર્યા પણ હવે વીયોગ સહન કરવાની મારામાં શક્તિ રહી નથી. માટે અગ્નિનો એક અંગારો લાવી આપ કે ચિત્તા સળગાવી દુખથી મુક્ત થાઉં.

हनुमंत—(મનમાં) ખરે. આતો મરવાને તૈયાર થઇછે માટે હું પ્રગટ થાઉં નહીં તો કંઈ અનર્થ થશે.

त्रिजटा—અહીંયાં અગ્નિ ક્યાંથી?

हनुमंत—(મનમાં) ધન્યછે ત્રીજટા, દાસી તો તારા જેવીજ જાઈયે. (એમ કહી સીતાના ખોળામાં મુદ્રિકા નાખેછે.)

सीता—(આશ્ચર્ય થઇને) શું ઈશ્વરે મારા ઉપર રેહેમ લાવી અગ્નિ મોકલ્યો? (મુદ્રિકા લઈને) ત્રિજટા આ અગ્નિ તો નહીં પણ રત્નજડીત મુદ્રિકા છે. (વધારે તપાસીને) અરે! મુદ્રિકા શું મારા પ્રિયપતીની મુદ્રિકા તે તુંજ? પણ બોલ બોલ શું તુ મને મારા પ્રાણનાથના સમાચાર દેવા આવીછે? અરે કૃપાણુ મુદ્રિકા શું રામ અને લક્ષ્મણ કુશળ છે?

हनुमंत—(ઝાડપરથી નીચે ઉતરીને) હે માતુ, રામ અને લક્ષ્મણ કુશળ છે.

सीता—(આશ્ચર્ય થઈને) અરે! પણ તું કોણ?

हनुमंत—હું સુગ્રીવનો દુત અને રામનો દાસ.

सीता—તેં હમણાં જે સુગ્રીવ નામ કહ્યું તે કોણછે વારૂ? અને રામની સાથે તેને મીત્રાઇ કેમ થઇ?

हनुमंत—એ કિષ્કિંધાનો રાજાછે, ને એ બંનેની મીત્રાચારી રામબાણે કરાવી, કારણ જે સુગ્રીવનો વેરી જે તેનો ભાઈ વાળી તેને મારી રામચંદ્રજીએ વાનર રાજ્ય સુગ્રીવને આપ્યું.

सीता—રામ વીયોગથી હત્ ભાગ્ય એવી જે હું તેનો વીયોગ રામચંદ્રજીને પીડાકારી થાયછે ?

हनुमंत—એમ કેમ પુછોછો ? તમારા વીયોગથી તો તે ખાવું પીવું અને નિંદ્રા તજી અરધે શરીરે આવી ગયાછે.

सीता—શીવ, શીવ, મારે માટે પ્રાણનાથ કેટલું સંકટ સહેછે !

हनुमंत—વળી રામચંદ્રજીએ સમાચાર કહાવ્યો છે કે, હે સીતા તારા વગરતો મને શરદ ઋતુનો ચંદ્ર પણ સૂર્ય પ્રમાણે સપ્ત તાપ આપેછે. મનહર નદીના વહેતા નીરમળ જળની ધારા હળાહળ વિષની ધારા છે. એવું અસહ્ય દુઃખ કોને કેહેવું ? કોણ જાણે અરસપરસની પ્રીતી ? માત્ર એક મન જાણતું હતું તેતો તું સાથે લઈ ગઇ ત્યારે હવે દુઃખની વાત કોને કેવી.

सीता—(શરમથી નીચું જુવેછે.)

हनुमंत—જાનકી, તમે પણ રામચંદ્રને કુશળ સમાચાર મોકલો.

सीता—વીર હનુમંત આ સમાચાર પ્રિય રામચંદ્રજીને કહેજે. "પ્રાણેશ, જળવીણ મીન જેમ તરફડે તેમ આપ વીણ મારા દીવસો ગુજરેછે. નેત્રદ્વારે રાત્ર દીવસ જળધારા વરસ્યા કરેછે એવું જે અસહ્ય દુઃખ તે હવે મારાથી સહન નથી થતું."

(એટલું બોલ્યા બાદ પોતાના હાથમાંથી વીટી કહાડી હનુમંતને આપેછે.)

हनुमंत—માતાજી વળી મને યાદ આવ્યું કે, રામચંદ્રજીએ કહ્યુંછે કે, હવે બીજા સમાચારની જરૂર નહીં રહે, કારણ કે લક્ષ્મણના ધનુષ્યનો ટંકાર ને રાક્ષસની સ્ત્રીઓના રૂદનથી જાણુશો કે રામચંદ્રજી લંકામાં આવી પહોંચ્યા છે. માતાજી હવે હુંજવાની આજ્ઞા લઉંછું.

सीता—પુત્ર, તું આ રાક્ષસીપુરીમાંથી સુખ રૂપે સમુદ્ર પાર થજે.

हनुमंत—આપનાં વચન સિદ્ધ થાઓ. (એમ કહી જાયછે.)

तृतिय अंक समाप्त.

અંક ૪થો.

પ્રવેશ પેહેલો.

સ્થળ—સમુદ્રનો કિનારો.

રામ, લક્ષ્મણ, સુગ્રીવ, હનુમંત વીગેરે.

(વાનર સૈન્ય લઈ પથર તારી સમુદ્રપાજ બાંધી પેલે પાર જાયછે.)

राम—(લક્ષ્મણને) વત્સ લક્ષ્મણ, સૈન્ય તૈયાર થવામાં શું વાર છે?

लक्ष्मण—જ્યેષ્ટ બંધુ આપની આજ્ઞા પ્રમાણે સર્વ તૈયાર છે..

राम—બહુ સારૂં, પણ મારો વિચાર છે કે દુશ્મનપર એકદમ હલ્લાં ન કરતાં કોઈપણ લાયક નરને વિષ્ટી કરવા મોકલવો જોઇયે. માટે કોઈ લાયક વાનરને મોકલો.

हनुमंत—બહુ સારૂં મહારાજ, એ કામ બજાવવાને લાયક અંગદ છે તેને મોકલાવી આપીએ.

(અંગદને બોલાવી વિષ્ટી કરવા મોકલેછે.)

પ્રવેશ બીજો.

સ્થળ—રાવણની દરબાર.

દરબારીયો, રાવણ ને અંગદ વગેરે.

दरबारी—

ચાલી ચાલી થાકી ગઈછે મુજ પ્રિયા—એ રાગ.
ગમ પદની ધપ મપ ગમપ,
પમ ગરે સારે સગરે મગરે સગરે સસાનીધે,
સારેરે ગમ પધ પમ ગરે—ગમ પદ.
નીનીધધ પમ ગરે ગપ ગપ ધાનીસા,
નીસા નીધે નીનીશાનીધે સપ પધ મગ રેરેસા,
સાસારે ગમ પદ પમ ગરે—ગમ પદ.

(અંગદ પ્રવેશ કરેછે.)

रावण—અરે મરકટ શું તારા રામ વિષેના ખબર લઈ મરવા આવ્યો છે?

अंगद—રાવણ મારા પિતાની ને તારી મિત્રાઈ હોવાને લીધે હુ તને તારા બચાવનો રસ્તો બતાવવા આવ્યોછું.

रावण—વળી તારો પિતા ને મારો મિત્ર તે કોણ ને હાલ ક્યાંછે ?

अंगद—મારો પિતા તે કિષ્કંધાપતી વાળી જે હાલ રામબાણથી સ્વર્ગેછે.

रावण—અરે જાજા ત્યારે તો તું કુળદ્રોહી છે, તારા બાપનો જે મારનાર તેની શરણે તું થયો ત્યારે તારૂં મોઢું જોવું લાયક નથી.

अंगद—કુળદ્રોહી હું કે તું? જે જગત એ સીતા તેનું હરણ કરી આખા કુટુંબનો નાશ કરવા તૈયાર થયો છે.

रावण—અરે વાનર, તું શું બકેછે? જેણે કૈલાસને દડાની માફક ઉડાડેલો છે તેની આગળ તારા રામથી શું થવાનું છે. જો કે તું એક સંદેશો લાવનાર છે. નહીં તો હમણાજ તને જમ-પુરીમાં પોચાડત.

अंगद—અરે દશાનન તને ખબર છે કે, રામ કેવા પરાક્રમી છે? જેણે મારીચ ને સુબાહુને મારી ઋષિયોનો યજ્ઞ પરીપૂર્ણ કરાવ્યો, જેણે ૨૧ વખત પૃથ્વી નક્ષત્રી કીધી એવા જે જમદગ્નિ પૂત્ર પરસુરામ તેને પણ વશ કીધો, સીતા સ્વયંવર વખતે શીવચાપ ઉપાડતાં તું બડાઈ મારનાર જે દશાનન તેના હાથ કચરાઈ ગયા હતા તેજ ધનુષ્ય ઉપાડી તેના સાત કટકા કરી નાંખ્યા એવા જે રામચંદ્રજી તેની સામો થઈ તું શું કરી શવાનો છે? માટે હજી હું તને કહીંછું કે મોંમાં તરણું લઇ આ તારા દરબારીયો સાથે સતી સીતાને લઈ રામને શરણે જા એટલે ભક્તવત્સલ રામ તને ક્ષમા કરશે.

रावण—અરે આટલા બધા શૂરવીરો બેઠા બેઠા આ ગર્વિષ્ટ વાંદરાનું બોલવું સાંભળોછો શું ઉઠો તેને મારી ચુર કરો.

अंगद—અરે મારવાનું તો રહ્યું પણ આ મારો પગ રોપુંછું તે ઉપાડનાર કોઈ છે ?

रावण—અરે કોઇ છેરે એનો પગ ઝાલી સમુદ્રમાં ફેંકી દીઓ. (એક પછી એક બધા મથેછે પણ પગ જરા ખસતો નથી. તેથી રાવણ ઉઠી પોતે ઉપાડવા જાયછે એટલે અંગદ તેને ન ઉપાડવા દેવા પ્રયત્ન કરેછે.)

अंगद—અરે દશશીશ શું તું મારે પગે પડવા આવેછે? પગે પડ જઇને રામને કે જે તારો ગુન્હો ક્ષમા કરે.

रावण—અરે ગર્વિષ્ટ વાનર જા તારા રામને કહે કે મારો પુત્ર ઈંદ્રજીત કાલે લશ્કર લઈ આવશે. (જાયછે.)

પ્રવેશ ત્રીજો.

સ્થળ—લંકપુરીનો રસ્તો.

વિદુશક ને અંગદ.

विदुशक—અરે મારી શી માઠી દશા બેઠી કે હું રામની સાથે આવ્યો મેં તો જાણ્યું કે સોનાની લંકા છે તેથી ત્યાં જશું તો ૫–૭ મણ સોનું લાવશું ને પછી ઘર બેઠા લાડુ, દુધપાક, માલપુવા, શીરાપુરી વગેરે ભાતભાતના ભોજન જમશું. પણ આતો લાંબા ને કાળા મોઢાના ને જાડા દાંતના રાક્ષસોની ધમાધમીમાં પડ્યા તેથી સોનું સંઘરવાનું તો રહ્યું પણ જીવ સંઘરવો મૂશ્કેલ થઇ પડયો છે. લાડવા વગેરે ભાતભાતના ભોજન જમવાની ઇચ્છા રાખતો હતો. તેને બદલે તો હમણાં લડાઇ શરૂ થઇ છે ત્યારથી તો કંદમૂળ પણ મળવું મૂસ્કીલ થઇ પડયું છે તેમાં વળી આ ઇંદ્રજીત ને લક્ષ્મણજીનું યુદ્ધ શરૂ થયું છે ત્યારથી તો ક્યાંય ઉભા રહેવાની જગ્યા નથી જ્યાં જાઊંછું ત્યાં પથર ઝાડ ને પરવતનો વરસાદજ વરસેછે. (સામે જોયછે) ઓ બાપરે! વળી આ સામેથી રાક્ષસ આવેછે કે શું!! (ગભરાઇને નાશવાનો રસ્તો શોધેછે.)

अंगद—(પાસે આવીને) અરે વિદુશક તું તે ક્યાં ભટકે છે છાવણીમાં તારા નામની બુમ પડી છે.

विदुशक—(તેને સારી પેઠે જોઇને) અરે! તું ખરેખર અંગદ છે? કે ઢોંગ કરી મને ખાઈ જવા આવ્યો છે?

अंगद—અરે બેવકુફ તું શું મને ભુલી ગયો છે કે મને પણ નથી ઓળખતો (પાસે જાયછે.)

विदुशक—પીછાનું તોપણ યાદી વગર ન માનુ.

अंगद—બોલ શું યાદી આપું.

विदुशक—મને વહાલામાં વહાલી ચીજ કઈ છે?

अंगद—લાડુ.

विदुशक—(તેને ગળે વળગીને) હવે તું સાચો અંગદ છે, પણ મેહેરબાની કરીને હવે મને છાવણી સૂધી પહોંચતો કર.

अंगद—નહીં મને વખત થાયછે, કારણ કે મેઘનાદથી લડતાં લક્ષ્મણજીને મૂર્છા આવીછે તેથી લંકામાં જઇ ધનવંતરી વૈદને બોલાવી લાવવો છે.

विदुशक—બહુ સારૂં ત્યારે તો જલદી જા હું તો પડતો આખડતો છાવણી સુધી જઈ પહોચીશ (જાયછે.)

પ્રવેશ ચોથો.

સ્થળ—છાવણી

(રામ શોકમય થઈ બેઠાછે, લક્ષ્મણ મૂર્છીત સ્થિતીમાં રામના ખોળામાં પડેલા છે ને સૈન્ય બધું આસપાસ ઉદાસીમાં બેઠું છે.)

राम—

સીતાજીની બારમાસીનો રાગ.

બોલ બોલને બંધુ બાળ અરે તુજને શું થયું,
બેઠો થાને તું તત્કાળ સુખ સરવે ગયું.
મુજ બંધુ તું દેને જવાબ હવે હું તે શું કરૂં,
બંધું બોલને તું એકવાર નહીંતર ઝુરીમરૂં.
ઉઠઉઠને જમણી બાંહ્ય ભ્રાત લક્ષ્મણ જતી,
કરે પૂકાર સૈન્ય આવાર બેઠોથા સેનાપતી.
મારા ભ્રાત તું થાને શાંન્ત મુંઝાયછે મુજમતી,
તારા વિના ન ચાલે લગાર મતી મુજ એક રતી.

(લક્ષ્મણને છાતી સાથે ચાંપીને) લક્ષ્મણ મારા પ્રાણ કરતાં વાહાલા લઘુ ભ્રાત તું મારી આટલી આટલી શેવા કરી અંતે અધવચ છોડી કયાં જાય છે? અરે! સૂર્યવંશ કિર્તિસ્તંભ, ઉર્મિલાના પ્રાણ, શું તું મારો વિલાપ નથી સાંભળતો. (તેનું શરીર તપાસીને)

લલીત છંદ.

અરર! હાયરે જીવ જાયરે બંધુ દુ:ખતો ના સેવાયરે,
શરીર ચાલતું બંધતો થયું સુખ આ માહારૂં સર્વતો ગયું,
નયન ખુલતાં બંધ તો થયાં તનથી પ્રાણ શું વેગળાં ગયાં,
નસીબ ફુટીયું આજ માહારૂં અરર બંધવા શું તુને થયું.

(અંગદ અંત્રિક્ષથી ધન્વંતરી વૈદને તેના મેહેલ સાથે લઈ નીચે ઉતરે છે તે વૈદ મેહલમાંથી બાહાર આવી પોતાનાં વખાણ કરેછે)

धन्वंतरी—

સુનોજી સાહેબ અજબ તરહેકી—એ રાગ.
અરજ આમારી સાંભળો વારી કહું મુખેથી આજ,
લંક પુરીમાં સઉથી મોટો હું છું વૈદરાજ.
દવા આ મારી સઉથી સારી ખાવામાં કેવાય,
ખાનારો જન જમપુરીમાં સત્વર પોહોંચીજાય.
માથુ દુ:ખે તો પાઉં ધતુરો આંખ ઉઠે દઉં ડામ,
કબજીયાને ચરસ ચોળી કરૂં કામ તમામ.
ઔષધ મારૂં છે ઘણું સારૂં ખુશી થઇ જનખાય,
જમનારો જન જલદી જલદી જમપુરીમાં જાય.

(તેટલામાં હનુમંત દ્રોણાચળ પર્વત લઇ આવેછે ને ધન્વતરી વૈદ તેમાંથી કોઈ વનસ્પતીની બુટી લઇ લક્ષ્મણને સુંઘાડેછે જેથી લક્ષ્મણ મુર્છાગત સ્થિતીમાંથી સાવધ થાયછે ને છાવણીમાં ખુશાલી પ્રસરેછે.)

પ્રવેશ પાંચમો.

સ્થળ—રાવણનું વિચાર ભૂવન.

રાવણ અને મેઘનાદ.

मेघनाद—પીતાજી આપના પ્રતાપે સરવે દળનો નાશ કર્યોછે અને પેલા બે મનુષ્યોમાંથી એકને મૂર્છાગત કીધોછે,

रावण—શાબાશ શાબાશ, મારા પ્રિય પુત્ર તારા શિવાય એવુ કામ કોણ કરે તારી આવી બહાદુરી સાંભળી મારૂં મન અતિશય આનંદભેર થયુંછે પણ મેં સાંભળ્યું કે લક્ષ્મણ પાછો સચેત

થયોછે તે ખબર સાચીછે કે જુઠી તેની તપાસ કરાવો.
(ઈંદ્રજીત જાયછે).
અહા! મારાજેવો ભાગ્યશાલી કોણછે કે જેને ઈંદ્રજીત જેવો પૂત્ર ને કુંભકરણ જેવો ભાઈ જે માત્ર એકજ કોળીયામાં આખું વાનર સૈન્ય ગળીજાય તેના આગળ રામ–લક્ષ્મણ શું કરવાનાછે.

इंद्रजीत—(પ્રવેશ કરીને) પીતાજી, તમારો ભાઇ વિભીષણ પણ વેરી થયો, જે માણસને મેં મુર્છા પમાડી હતી તેને સજીવન કરવાનો ઉપાય બતાવ્યો અને તેના કહેવા પ્રમાણે આપણા ધન્વંતરી વૈદને તેડી જઇ દુશ્મનને સચેત કર્યોછે માટે હવે વગર ઢીલ કરવે લશ્કરપર તુટી પડી વિભીષણ સહીત સર્વનો નાશ કરૂં. માટે તમે જલદીથી મારી પાછળ લશ્કર તૈયાર કરી મોકલો.
(જાયછે.)

પ્રવેશ છઠો.

સ્થળ—રણભુમી.

ઈંદ્રજીત ને લક્ષ્મણ.

इंद्रजीत—

આનાં હો તો આવો અહીંયાં—એ રાગ.
બતાવવા સૌર્ય ક્ષત્રીનું કર મુજપર પ્રહાર,
લડવાને હવે જલદીથી તું થા અરે તૈયાર.

लक्ष्मण—

રાક્ષસ કુળમાં નીપજી કરે મુજથી વાદવિવાદ,
થા તૈયાર લડવા હવે લગાડેછે શીદને વાર.

इंद्रजीत—

કર્યો મુર્છીત તુજને તું જાણેછે તે તમામ,
આવ્યો ફરીને મુજથી તું કરવાને સંગ્રામ.

लक्ष्मण—

છોડીને શસ્ત્રો તાહરાં તું જા અરે નીજ ધામ,
જણાવું તુજને હું અરે થશે કામ તુજ તમામ.

(ક્રોધથી ઇંદ્રજીત બાણ છોડેછે.) લક્ષ્મણ તે બાણ ચુકાવી તરત પોતાનું અગ્નાસ્ત્ર બાણ છોડેછે.

इंद्रजीत—એ તારાં અગ્નાસ્ત્ર બાણનો મારાં આ પાંચ બાણ કેવી

રીતે નાશ કરેછે તે જો. (બાણ છોડેથી વૃષ્ટિ થઈ અગ્નિ ઓલવાયછે.)

लक्ष्मण—સંભાળ ત્યારે મારૂં બ્રહ્માસ્ત્ર. (બાણ મારેછે.)

इंद्रजीत—(ભયભીત થઇને) અરે હવે મારાથી એનાં બાણ સહન નહીં થાય માટે હવે તો આકાશ માર્ગે જઇ અસુરી માયાની સહાયતાથી તેનો નાશ કરૂં. (અદ્રશ્ય થઇ અંત્રિક્ષમાં રહી પર્વત તથા પથરનો માર ચલાવેછે)

हनुमंत—(લક્ષ્મણને) પરાક્રમી લક્ષ્મણજી, એ દુષ્ટ ઉપર રહી લસ્કરને દુઃખ આપેછે. માટે બેસો મારા ખંભા ઉપર એટલે હું આકાશ માર્ગે લઈ જાઉં. (લક્ષ્મણ હનુમંતના ખંભા પર બેશી જાયછે.)

लक्ष्मण—અરે દુષ્ટ તું મારા બાણથી બીહીને નાશી ઉપર આવી રામ સૈન્યનો તું નાશ કરવા ધારેછે પણ જો આ મારૂં દીવ્યબાણ (બાણ લાગવાથી ઇંદ્રજીતનું મસ્તક છેદાઈ નીચે પડેછે.) લક્ષ્મણજી નીચે ઉતરી છાવણીમાં જઈ રામને નમન કરેછે, હનુમંત તથા વિદુશક પડેલા ઈંદ્રજીતના મસ્તકને ઉપાડી છાવણીમાં લઈ જાયછે.

પ્રવેશ સાતમો.

સ્થળ—રાવણનો મેહેલ.

રાવણ, મંદોદરી ને દુત.

(મંદોદરી તથા રાવણ યુદ્ધ વિષે અરસ પરસ વાતો કરેછે ત્યાં એક દુત આવેછે.)

दुत—મહારાજ લક્ષ્મણથી યુધ કરતાં ઇંદ્રજીતનો નાશ થયોછે ને આપણું લસ્કર પણ કેટલુંક નાશ પામ્યું છે તથા કેટલાંક બીકથી નાશી નગ્રમાં ભરાયાં છે. (જે સાંભળતાં મંદોદરી મુર્છીત થાયછે તેને રાવણ સાવધ કરીને)

रावण—

મેનાવતી માતા—એ રાગ.

દે રજા પ્યારી યુદ્ધ કરવાને રૂપે રંભાવતી,

मंदोदरी—

હું નહીં દઉં જાવા યુદ્ધ કરવાને અહો પ્રિયે પતી.

रावण—

રામ રામે અતી રણની માંહી કરે સૈન્યનો નાશ,
મારૂં તેહને જઇ હું હાથે પોંચાડું જમવાસરે—દે રજા.

मंदोदरी—

બંધુ બન્ને છે અતી પરાક્રમી રામ લક્ષ્મણ કહેવાય,
રઘુકુળ તણા દીપક એ છે જીત્યા ન તમથી જાયરે—હું નહીં.

रावण—

કરે વખાણ શું મુજ પાસે તું કરૂં એહને ઠાર,
ઇંદ્રજીત હણ્યો પુત્ર માહરો ઉઠે અંગે અંગારરે—દે રજા.

मंदोदरी—

એહ દાઝ અતી ઉરની માંહી પણ તેથી શું થાય,
સમજુછો તમે પ્યારા મારા તે જીત્યો નવ જાયરે—હું નહીં.

रावण—

મંદ બંધકર બોલી તાહરી જીવ મારો ગભરાય,
હણું રામને જઈ હું હાથે મન શાન્તી તવ થાયરે—દે રજા!

मंदोदरी—

સૌથી સારૂં કેહવું આ મારૂં સીતાને લઈ જાઓ,
આપી તેહને સીતા સાધવી શરણાંગત જૈ થાઓ રે—હું નહીં.

रावण—

પ્રાણપ્રિયા છે તું અતી મારી કહું શું વારમવાર,
શત્રુને જઈ થાઉં શરણાંગત બને કેમ આ વારરે—દે રજા.

(એમ કહી રાવણ રણભુમીમાં જાયછે.)

मंदोदरी—

આહા રદે આ મારૂં રે શીદ મુંઝાયછે—એ રાગ.

આહા આ મારૂં મન તો અતિસે દુઃખાયછે,
પ્રિયેપતી વીણ આહા આ મુજ મન મુંઝાય છે.

અરેરે! અશુભની સૂચના શું મુજને અતિસે થાય,
રે દયાળુ તું માયાળુ કરજે મારી સહાય.

આ શત્રુ થાય સંહારરે એમ ના જણાયછે,
નાથને રોકયા અતી મેં યુધ કરવાને માટ.

ન માન્યું મારા મન માય તેથી તો ઉચાટ,
પ્રિયપતીને હણનાર તું સત્વર જણાયછે.
(એમ કહી રૂદન કરતી ફરતી જાયછે.)

પ્રવેશ આઠમો.

સ્થળ—રણભુમી.

રામ, ને રાવણ,

रावण—આજ સૂધી યુદ્ધ કરી જય મેળવ્યો છે, તેનો તું નાશ કરવાને આવ્યો છે, પણ તેમાં તારોજ નાશ થઇ જવાનો છે.

राम—બીકણ ઠગારા તારૂં મોઢું સાવજનું ને પીઠ ગધેડાની છે. જોઉ હવે કોણ નાસેછે કર મુજથી સંગ્રામ. (એમ કહી લડાઈ ચાલુ થાયછે. તેમા રાવણનો નાશ થાયછે ને રામ તરત સીતાની શોધ કરવા જાયછે.)

પ્રવેશ નવમો.

સ્થળ—અશોકવાડી.

સીતા, ત્રીજટાને રૂપે સુર્પણખા, રામ, લક્ષ્મણ, વિભીક્ષણ, અંગદ, હનુમંત, વગેરે, વગેરે.

सीता—અરેરે, હજી પ્રાણનાથ કેમ ન આવ્યા! (વિચાર કરીને) અરે પણ હજી સૂધી ત્રીજટા કેમ ન આવી શું કંઇ અનર્થ તો નહીં થયો હોય કે તેને આવતાં વખત થયો.

सुर्पणखा—(ત્રીજટાને રૂપે પ્રવેશ કરીને શોકમય મહોડે ઉભી રહેછે.)

सीता—અરે કોણ ત્રીજટા? બોલ બોલ કે તારો ચેહેરો ઉદાસી કેમ? શું કંઈ અનર્થ તો નથી થયો. મારૂં મન ગભરાયછે. મારા પ્રાણનાથનો મેળાપ ક્યારે થશે.

सुर्पणखा—(મનમાં) લાગતો સારો ફાવ્યો.

सीता—(આગ્રહથી) બોલ વેહેલી વીચારેછે શું?

सुर्पणखा—(મનમાં) હવે મારી જાળ પાથરવા માંડું. (પ્રકાશ) અરે! એ વાત કેહેવા કરતાં હું મરીજાઉં તે ઘણું સારૂં.

सीता—અરે! મને વધારે લલચાવ નહીં, જે હોય તે જલદી કહી જણાવ.

सुर्पणखा—શું કહું બાઈ, એ કેહવું મારે નશીબેજ લખેલું.

सीता—તારા આવા માર્મીક બોલોથી મારો જીવ અતી ગભરાય છે, બોલ વેહેલી જેવું હોય તેવું કહે.

सुर्पणखा—શું કહું બાઇ, રાવણે મનુષ્યરૂપ ધારણ કરી રામ સૈન્યામાં પોકારીને કહ્યું કે અયોધ્યાથી ભરતજીએ મને મદદે મોકલ્યો છે, એમ કહી છાવણીમાં રાત રહી કપટથી રામ અને લક્ષમણનો નાશ કર્યો.

सीता—અરેરે! પ્રાણનાથ (મુર્છીત થઇ પડી જાયછે, ને થોડી વારે સાવધ થઈને તે ગાયન ગાયછે.)

અરર અંબિકા માતુ માહરી—એ રાગ.

અરર વાહાલી તું માતુ માહરી,
અરજ હું કરૂં પુત્રી તાહરી—અરર.
શિશુપણા માંહી દુઃખ વેઠીને,
કરીજ મોટી તેં પાળીપોપીને—અરર.
સકળ ગુણ તો વૃથારે થયા,
અધવચે મરૂં પ્રિયપતી ગયા—અરર.

ત્રિજટા, મારી વહાલી ત્રિજટા તેં મારા ઉપર જે ઉપકાર કર્યોછે તેનો કાંઇપણ બદલો વાળી શકાયો નહીં માટે માફ કરજે. ચેહ સામે જોઇને અરે! આ ચેહ મનેજ કામ આવશે. (ત્રીજટાને) ત્રીજટા તને મારા છેલ્લા પ્રણામ છે

દયાળુ દેવ કૃપાળુ તું—એ રાગ.

દયાળુ દેવ મયાની મેર, કીધો મુજ પર તેં કાળો કેર,
સાક્ષી મુજ દુઃખતણો તું સાર, કરજે વિશ્વપતી મુજ વાર.—દયાળુ.
લીલા તારી છે અપરંમપાર મેળવજે રઘુપતી ભરથાર,
દેવી અગ્નિ તું લેજે ભોગ દેવા બળીદાન મેં કીધો જોગ.—દયાળુ.

(એટલું બોલી અગ્નિમાં પડવા જાયછે ત્યાં રામ પ્રવેશ કરેછે.)

राम—સીતા, વહાલી સીતા, ધીરી થા, સાહાસ ન કર, (સીતાને અગ્નિમાં પડતાં અટકાવી છાતી સાથે ચાંપેછે.)

सीता—અરે કોણ પ્રાણનાથ? હું ખરૂં જોઊંછું કે સ્વપ્ન.

राम—પ્રિયા સાવધ થા, એમ કંપેછે કેમ?

सीता—(આંખ ઉઘાડીને) અરે આતો ખરેખર પ્રાણનાથ છે અને તેને ભેટેલીછું. અરે ત્રીજટા તું શું કહેતી હતી? (સુર્પણખા બીકથી નાશવાનો રસ્તો શોધેછે)

विभीषण—માતાજી એ ત્રીજટા ન હોય એતો સુર્પણખા પણ તે ત્રીજટાના રૂપમાં કેમ?

सुर्पणखा—ત્રીજટાના રૂપમાં કેમ? મારૂં વેર લેવા

अंगद—(તેને પકડીને) અરે ત્યારે તો લે આ તારા વેરનો બદલો, (ઉપાડીને ચેહમાં નાંખેછે.).

सुर्पणखा—અરે શું! એમજ થયું કે જે ચેહ બીજાને બાળવા તૈયાર કરી તેમાં મારેજ બળી મરવું.

हनुमंत—ખરે, કરે તે ભરે.

राम—ત્યારે શું એ દુષ્ટાએ તારો ઘાત કરવા ઘાટ ઘડયો હતો?

सीता—હા પ્રાણનાથ, પણ ઈશ્વર કૃપાથી આપ મને મળ્યા. હવે હું જગત્ કર્તા પાસે અરજ કરૂંછું કે હવે પછી મને આપથી છુટી ના પાડે. (એમ કહી સરવે મળી વિભીષણને લંકાપતી બનાવવા નગ્રમાં જાયછે.)

પ્રવેશ દશમો.

સ્થળ—નગ્રનો રસ્તો.

વિદુશક.

विदुसक—અહા! આપણે તો ઈચ્છતા હતા તેવું મળ્યું. માટે ચાલો હવે વિભીષણને રાજગાદી સુપ્રત થાયછે. ત્યાં જાઊં કે જેથી કરી મારી ઘણા દહાડાની ભુખ ભાંગે. (એમ કહી ચાલવા માંડેછે)

પ્રવેશ અગીયારમો.

સ્થળ—લંકામાં વિભીષણની દરબાર.

(રામ આવી રાજ્યમુગટ વિભીષણના શીરપર ધરેછે.)

प्रतीहार---શિરછત્ર મુગટમણી લંકાધિપતી વિભીષણરાયને ઘણી ખમાં.

कंचनीओ—

પ્રભુ તારી ગતી ન કળાએ---એ રાગ.

જાયે વારી પ્રભુ અમો બલિહારી ગતી તુજ ન્યારી—જાયે.
ભક્ત વિભીષણને પણ પ્રભુજી આપી લંકાની સરદારી—જાયે.
સાર લીધી સત્વર તેં સીતાની ઉગારી જેમ અહલ્યા નારી—જાયે.
દ્રૌપતીની તમે વારે ચડીને રાખી લજ્યા પ્રભૂ મોરારી—જાયે.
ભક્ત પ્રેલાદને માટે પ્રભુજી નાંખ્યો હરણાંકશ સંહારી—જાયે.
આજ દિવસ અતિ જાણો આનંદી વંદે પ્રજા આહા પોકારી---જાયે.

(એટલું થયા બાદ રામ, લક્ષ્મણ, સીતા તથા વિદુશક પુષ્પ વિમાનમાં બેશી અયોધ્યા જાયછે.)

समाप्त.

અગાઉથી આશ્રય આપનાર સદ્ ગૃહસ્થોનાં મુબારક નામો.

કરાચી (સિંધ.)

૬૦ ખોજા શામજી મેઘજી
૨૫ જોસી સેવક નાંનજી રતેસર
૧૦ રા. રા. માવજી કરસનજી સ્ટાંપ વેન્ડર જોડીઆ બજાર
૧૦ લાલજી હરજીવન સિં. મ. ગુ- સ્કુલનાં હેડ માસ્તર
૫ શેઠ રતનચંદ ફતેચંદ મરચંટ
૫ શેઠ ખીમજી રામદાસ મુકાદમ
૫ શેઠ ખીમજી લખમીદાસની કું.
૫ શેઠ લખમીદાસ સુંદરજી
૫ શેઠ અબદુલઅલી આદમજી શેખ જીવનજી.
૫ શેઠ કુંવરજી વાલજી મુકાદમ
૫ શેઠ બાપુજી કુંવરજી બુચીઆ
૫ શેઠ ખરશેદજી પેસતનજી વીરજી
૩ ઠા. જેઠા કાનજી મીરાની
૨ શેઠ લખમસી ડોસા મુકાદમ.
૨ શેઠ ત્રીકમદાસ દેવજી કન્ટ્રાકટર.
૨ જોતસી મોરારજી વિઠ્ઠલજી.
૨ મીસર કીંમતરાય પરમાનંદ.
૨ મિ. હંસરાજ જાદવજી લાખાણી
૨ ઠા. ખીમજી કાનજી.
૨ શેઠ રામચંદ્ર લાલજી.
૨ ઠા. વીસનજી નેભાઉ.
૨ શેઠ નુરભાઇ ઈભરાહીમજી.
૧ શેઠ મુલજી જેઠા.
૧ ઠા. લખમસી શીવજી બાવડીયા
૧ ઠા. પ્રાગજી જાદવજી બાવડીઆ
૧ ઠા. તીકમજી શીવજી બાવડીયા
૧ ઠા જાદવજી શીવજી બાવડીયા
૧ ઠા ભાણુજી તુલસીદાસ બાવડીયા
૧ ઠા ભાણુજી હીરજી
૧ ઠા રાયસીંહ રામજી
૧ ઠા જીવણદાસ રામદાસ
૧ કીસામલ ટેકચંદ મરચન્ટ
૧ ઠા મોરારજી દેવચંદ
૧ શેઠ મોતીરામ નારૂમલ
૧ મેતા મોતીચંદ પીતાંબર.
૧ ઠા હીરજી કાલીદાસ
૧ રા. રા. હરીલાલ છગનલાલ
૧ ઠા ભવાનજી વલ્લભજી
૧ ઠા ઈસરદાસ ખીમજી
૧ ઠા વેલજી લધા
૧ ઠા ગગુ ભીમજી
૧ દેવજી જાદવજી ગણાત્રા
૧ ઠા રામજી મનજી વડેરા
૧ સેવકરામ કાલકાપ્રસાદ
૧ ગૌલી ભોનું લછમન
૧ જોસી ધનજી નાંનજી સીંહમાર
૧ ઠા ભાણુજી લખમસી
૧ ઠા પકુ વાલજી બારદાનવાલા
૧ શેઠ ગોપાલ રામવાણી
૧ શેઠ ખુશીઆલ ઉમવાણી
૧ શેઠ તયબઅલી મહમદઅલી
૧ ઠા લાલજી લીલાણી
૧ લુવાર શંભુ રણછોડ
૧ ઠા વીરજી દયાળ
૧ શેઠ રેવતીરામ ગંગાધર
૧ ઠા મોરારજી કાનજી
૧ ઠા પ્રાગજી મુલજી રાયઠઠા
૧ માસ્તર દોલતગર બાલગર
૧ શેઠ આસુમલ ગનશામદાસ
૧ માસ્તર પ્રાણજીવન હરીરામ
૧ શેઠ અમુલક કુંજલાલ ભાટીઆ
૧ ઠા હીરજી કાલીદાસ
૧ ઠા તીકમજી નાનજી
૧ ઠા રામજી ઘેલાભાઈ
૧ ઠા ત્રીકમજી ઘેલાભાઇ
૧ ઠા વીસરામ નરસી
૧ વાલજી લધારામ વૈદ્યશાસ્ત્રી
૧ કરમસી જુઠા
૧ હંસરાજ હરીરામ
૧ ઠા. હરી કેશવજી કારીઆ
૧ ઠા. ભીમજી વાલજી ધુકાઈ
૧ ઠા. જીવણદાસ નાથાભાઈ
૧ ઠા. કરસનદાસ સામજી ભંગદે
૧ ઠા. ખીમજી ભીમજી ભંગદે
૧ દાકટર યંકટરાઓ ઇલાપા
૧ ઠા. હીરજી જીવા
૧ મિસ્ત્રી ઓસમાન તૈયબઆણી
૧ મિસ્ત્રી હસન આમદાણી

૧ મિસ્ત્રી આમદ નુરમાંમદઆણી
૧ મિસ્ત્રી અલુ માંમદઆણી
૧ રૂપચંદ રતનચંદ હેડમાસ્તર
૧ ચતુ વરીઆમલ
૧ સોની હીરજી દામજી
૧ ગાડીવાલા ભસરીયા ઈભરાહીમ
૧ ઠા રામજી નારાયણ
૧ માસ્તર ભગવાનજી હીરજી
૧ ઠા ગોપાલ ખીમજી
૧ ઠા રૂપસી દેવશી
૧ શેઠ જાનીમલ પરધાન
૧ શેઠ શોભાગચંદ ચાંપશી
૧ ઠા ત્રીકમજી મુરારજી
૧ શેઠ ભમા દેવાગર મુકાદમ.
૧ ઠા. નરસીદાસ નાનજી.
૧ ઠા. કરસન ધનજી.
૧ ઠા. જેરામ જેઠાભાઈ.
૧ ઠા. રામજી ગોપાલજી.
૧ ઠા. રામજી ઉમરસી.
૧ ઠા. હેમરાજ ભવાન.
૧ ઠા. પુરૂષોતમ કલ્યાણજી.
૧ ઠા. દેપારા જેરામ જીવરાજ.
૧ ઠા. તુલસીદાસ ને મોનજીની કું.
૧ ઠા. વલમજી રામજી
૧ પ્રાગજી એન્ડ નાનજીની કું૦
૧ ઠા. કરમસી મોનજી,
૧ ઠા. ટોપણ ધનજી મુકાદમ.
૧ ઠા. ફકીર ધનજી મુકાદમ.
૧ ઠા. ટીલુ માલુ.
૧ ઠા. ઘેલા કલ્યાણજી.
૧ જોસી સીવજી કારાણી
૧ ઠા. હીરજી કલ્યાણજી. માસ્તર
૧ ખોજા નંદા પીરૂ મુકાદમ
૧ ઠા. દેવકરણ સીવજી
૧ ઠા. દેવચંદ માધવજી
૧ ઠા. વસનજી ગોવીંદજી
૧ ઠા. ભવાન ટીલુ
૧ ઠા. લાલજી કાલીદાસ
૧ શેઠ સુઅરમલ જેરામદાસ
૧ હોથી બેચર લાલજી
૧ ઠા. સામજી દેવજી
૧ શેઠ હોલારામ હાસાનંદ
૧ ધુકાઈ ઉત્તનમલ પેસાજદાસ.
૧ ઠા. કાનજી પ્રાગજી.
૧ ઠા. રામજી ગોવિંદજી
૧ ઠા. ટોકરસી ઉકા
૧ ઠા. રામજી બેચર
૧ ઠા. લાલજી માધવજી
૧ પરમાનંદ જેઠાનંદ તલકેજા
૧ રા. રા. ભવાન સીવજી માસ્તર
૧ ઠા. મોરારજી સામજી.
૧ વેલજી પુંજા કંપાઝિટર.
૧ દરબારશ્રી અખુભા ગોવીંદજી
૧ શેઠ વેલજી નથુ મુકાદમ
૧ રામક્રિસન મહાશંકર માસ્તર
૧ ડાહ્યાભાઈ શંકરલાલ માસ્તર
૧ ઠા. બેચર મોનજી મુકાદમ
૧ ઠા. ત્રીકમજી બોઘા બાવડીઆ
૧ ઠા. હીરજી ભાણજી
૧ શેઠ ખીમજી હરી કંદોઇ.
૧ માધવજી નિરભયરામ
૧ ઠા. મનજી ચતભોજ
૧ જોશી કરસનદાસ પ્રાગજી
૧ ઠા. મોતીચંદ રતનશી
૧ શેઠ ચત્રભોજ ખીલણદાસ
૧ શેઠ વેરસીમલ તોલારામ
૧ ઠા રણછોડ કચરા
૧ ઠા ચત્રભુજ માલજી
૧ શેઠ પે. દા. ગોડવાલા
૧ ઠા લવજી નારાણ
૧ ઠા હીરજી નરસી
૧ શેઠ હરૂમલ જેઠુમલ
૧ મિ. ચેનામલ મોહનદાસ
૧ ખોજા જીવા કમાલ
૧ ખોજા ધનજી જીવાણી
૧ સોની મગન રતનજી
૮૦ ઠા. વેલજી શીવજીની મારફત
૧ શેઠ કાવસજી સોરાબજી.
૧ શેઠ વલભદાસ આતમારામ
૧ શેઠ મહમદઅલી અબ્દુલહુસેન
૧ શેઠ ધરીઆનાંમલ સેવનમલ.
૧ શેઠ તુલસીદાસ મોરારજી

૧ શાહ સાકરચંદ નરસીદાસ
૧ ખોજા ભસરીઆજુમા
૧ ખોજા મહમદભાઈ ખીમજી.
૧ વોરા યુસફઅલી માંહમદઅલી
૧ ખોજા અલાદીન મીઠા.
૧ શેઠ રતનજી બેહેરામજી કેન્ટન-
વાલા.
૧ ઠા.હીરજી મોરારજી.
૧ ઠા. ઓધવજી મોરારજી.
૧ ઠા. કેશવજી કુંવરજી.
૧ ઠા. મીઠારામ વલીરામ. ક. સે.
૧ ઠા. ગોકલ લીલાધર.
૧ ઠા. રવજી જેઠાભાઇ સચદે
૧ ઠા. કરસન નાથાભાઇ.
૧ ઠા. ગોરધનદાસ ઝીણા.
૧ ઠા. છબીલદાસ કેશવજી.
૧ ઠા. લાલજી રતનશી સચદે.
૧ ઠા. મોરારજી મોનજી.
૧ ઠા. ભીમજી જેઠાભાઈ સચદે.
૧ ફકીર ભસરીઆ બારદાનવાલા
૧ ઠા. જેઠા કાનજી બારદાનવાલા.
૧ જોશી કુંવરજી લખમસી.
૧ ઠા. વિશરામ મનજી.
૧ શેઠ ગનામલ સાજુમલ.
૧ શેઠ દીપચંદ ત્રીકમદાસ.
૧ શેઠ ફુબચંદ પાલુમલ નાસ્તા
૧ શેઠ ભેરૂમલ પોહુમલ પંજાબી
૧ શેઠ તુલસીદાસ લાલચંદ.
૧ જોસી દેવરાજ લાલજી
૧ જોસી સંભુ કોરજી.
૧ ઠા. મોતી કુંવરજી.
૧ વ્યાસ પોકરદાસ ભવાનીદાસ.
૧ પંડીત ભગવાનજી દયારામ.
૧ રા. રા. વર્ધમાન વેલસી.
૧ ઠા. ગંગારામ દામજી.
૧ ઠા. દેવચંદ પરસોતમ.
૧ ભીલ હરી બેચર.
૧ ઠા. ધનજી જેરામ.
૧ મિ. ડેવીદ બેનજીમેન
૧ ખત્રી કેવલરામ ભોજુમલ.
૧ સોની સામજી કલ્યાણજી.
૧ લાલજી મેઘજી પેટીવાલા.
૧ ઠા. પરસોતમ નરસી માણેક.
૧ ઠા. નાગજી મેઘજી માણેક.
૧ ઠા. કાનજી વેલજી માણેક.
૧ ઠા. મોનજી રામજી માણેક.
૧ જોસી પ્રાગજી મોનજી.
૧ શેઠ ચત્રભુજ દયાલદાસ.
૧ ઠા. ઘેલા કાનજી.
૧ જોસી મુલજી લીલાધર.
૧ ઠા. મોતી જીવણ.
૧ ઠા. ખીમજી રતનસી મુકાદમ.
૧ ભટ ત્રીકમદાસ વીરજી.
૧ ખોજા ભીમજી પેથાભાઈ.
૧ ખોજા લાલજી જમાલભાઈ.
૧ ખોજા વીરજી જમાલભાઈ.
૧ ઠા. સુંદરજી મુલજી.
૧ ઠા. વાલજી ધનજી.
૧ ઠા. કાનજી દેવજી.
૧ જોશી માવજી હરીરામ.
૧ ઠા. ટોકરસી રણછોડ.
૧ છાપુરૂ ટીકા થાંઉમલ.
૧ ઠા. નાનજી સુંદરજી બાવડીયા
૧ ઠા. દેવકરણ નારાણ
૧ ઠા. ભવાનજી ગોવીંદજી,
૧ કંસારા જેવત પરસોતમ.
૧ ઠા. નથુ ટેકચંદ.
૧ ઠા. કેશવજી પ્રેમજી.
૧ ઠા કરસનદાસ પ્રાગજી.
૧ ઠા. ધનજી લધા.
૧ ઠા. જીવરાજ ઠાકરસી.
૧ ઠા. કારા કાનજી.
૧ ઠા. દેવચંદ લધા.
૧ ઠા. ગોવિંદજી વાલજી.
૧ ઠા. ધનજી લવજી.
૧ ઠા. વાલજી જેરામ.
૨૪ ઠા. ઓધવજી દામજી મારફત
૧ ઠા. ડાહ્યાભાઇ ગોકલદાસ
૧ ઠા. દેવચંદ બેચર
૧ ઠા. માવજી નારાણ
૧ સોની લીલાધર મોરારજી.
૧ ઠા. નરસી પરશોતમ

૧ ઠા. જીવરાજ દામોદર.
૧ શેઠ પરધાન દેવાગર.
૧ ઠા. વલભદાસ તુલસીદાસ.
૧ શેઠ જેરામદાસ સાજનમલ.
૧ શેઠ બીસેસરદાસ તનસુખદાસ
૧ ઠા. ઠાકરસી ડાહ્યાભાઈ.
૧ ઠા. રાઘવજી સામજી દલાલ.
૧ ઠા. ખીમજી લાલજી બજરીઆ
૧ ઠા. દયાળજી ગોવિંદજી.
૧ ઠા. ધરમસી હરજીવન.
૧ ઠા. નરસી કરસન.
૧ ઠા. દેવસી હંસરાજ.
૧ ઠા. મોરારજી લાલજી.
૧ કંસારા નરસી તલકસી.
૧ શેઠ મગનમલ વેરસીમલ..
૧ ઠા. સામજી લખમસી.
૧ ઠા. પ્રાગજી જુઠા ગોળવાલા.
૧ ઠા. લીલાધર મોનજી.
૧ શેઠ જીવણજીપીરભાઈ.
૧૮ ઠા. ખીમજી વાઘજીની મારફત
૧ ગુસાંઈ મીરચીગરજી પ્રભાત-ગરજી વાચમેકર.
૧ ગુસાંઇ કરણગીર લાલપુરી.
૧ મિ. હરીલાલ રામચંદ્ર ગુજ-રાતી સ્કુલના હેડ માસ્તર.
૧ ઠા. વીરજી કરસનજી.
૧ મિસ્ત્રી રામજી મકનજી.
૧ માધવજી ગંગાધર.
૧ રવજી ડુંગરસી.
૧ સુતાર ચત્રભોજ જેઠા.
૧ મેહેતા પુરૂષોતમ પ્રેમજી.
૧ રતનજી ધારસી વાચમેકર.
૧ મોચી હીરજી પદમસી.
૧ સોની કેશવજી પુરૂષોતમ.
૧ ઠા. દેવજી દામજી.
૧ ઠા. નારાણ પુંજા.
૧ પંજા પુરૂષોતમ લક્ષમીદાસ-
૧ મિસ્ત્રી જેઠા કાનજી મ્યુનિસિ-પલ ટાઈમકીપર.
૧ ઠા. પુરૂષોતમ હરજી પરમાર.
૧ મિસ્ત્રી કલ્યાણજી રાઘવજી.

૧૪ ઠા. નાનજી વેલજીની મારફત.
૨ મિસ્ત્રી કારા દેવજી
૧ ઠા. લીલાધર રતનશી સચદે
૧ લુવાર વીસનજી ખેતસી
૧ ઠા. ખેચર હીરજી
૧ ઠા. વાલજી વેલજી
૧ ઠા. હેમરાજ કાનજી સચદે
૧ ઠા. ખીમજી કલ્યાણજી
૧ જોશી ખેરાજ દયાળ
૧ ઠા. હેમરાજ રાયસી સચદે
૧ ઠા. લખમીદાસ કલ્યાણજી
૧ ઠા. હરીભાઈ વેલજી મુકાદમ
૧ ઠા. જેઠા માવજી
૧ ઠા. ટીડા લખમસી
૧૦ ઠા. હંસરાજ કરસન મારફત
૧ ઠા. લાલજી ભવાન કડીઆ
૧ ઠા. કેશવજી હરીરામ ,,
૧ શેઠ મુલચંદ નાંનુંમલ
૧ કડીઆ હરીદાસ ભીમાણી
૧ કડીઆ ખીમજી ડાહ્યા
૧ કડીઆ નારાણ દેવજી
૧ ઠા. ચત્રભોજ દેવકરણ
૧ કારાઇ રાજા નથુ
૧ ચોબાજી કેદારનાથ
૧ ઠા. મુલજી સવજી બાવડીયા
૮ ઠા. જેઠાભાઈ વેરસી મારફત
૧ ઠા. જેઠાભાઇ વેરસી
૧ ઠા. ફકીર ચેલાણી
૧ ઠા. મુલા આણંદ
૧ જોશી હેમરાજ વીરજી
૧ ઠા. સુંદરજી વેરસી
૧ ઠા. ખેરાજ હીરજી
૧ ઠા. ડોસાભાઇ રાયસી
૧ ઠા. જીવરાજ કરસન
૧ મિસ્ત્રી ત્રીકમજી ડાહ્યા

સિંધ હૈદરાબાદ.

૧ ઠા વીશરામ ભાણુજી

સિંધ નગરઠઠા.

૧ શેઠ લખુમલ તોલારામ

સિંધ સેવાન.

૨ ઠા હેમરાજ નથુ

સિન્ધી બલુચીસ્તાન.
૧ શા રણછોડ ગોવીંદજી
કચ્છ માંડવી.
૧ ઠા ગુલુ દયાળ
જામનગર.
૧ રા રા મોહનલાલ સુંદરજી
૧ ઠા. ભવાન વાલજી
જંગબાર.
૧ શેઠ હસનઅલી અલીભાઈ
કચ્છ ભુજ.
૧ લુવાર અભા બાઉ મુઠીથરા
જોડીઆ બંદર.
૧ ઠા. શીબલાલ કેવલ
૧ ઠા. ઓધવજી પ્રેમજી
૧ મેહતા પ્રભાશંકર ભાઈચંદ

મુંબઇ બંદર.
૫ ખોજા નાગજી વાલજી
૧ ઠા વલભદાસ ગોવરધનદાસ
૧ ઠા. પરસોતમ પદમશી
૧ ઠા. શીવજી આણંદજી સચદે
૧ ઠા. ત્રીકમજી ભાણજી
કસુર.
૧ ઠા. નારાણ વિશરામ
ભાયાવદર.
૧ ઠા. શીવજી હીરજી
૧ જાદવજી કારા
અંજાર.
૧ બ્રહ્મભાટ દયારામ કુંવરજી
૧ બ્રહ્મભાટ વીસનજી ખીમજી